

# દીવાદાંડી

દિવ્યાંગો માટેની કલ્યાણકારી
યોજનાઓનો સંપુટ



“ટેકનોલોજીના સમન્વયથી દિવ્યાંગજનોની અસાધારણ ક્ષમતાઓનો લાભ દેશ અને દુનિયાને મળી રહ્યો છે. આપણા દિવ્યાંગ ભાઈ-બહેનો દેશ માટે જે ઉચ્ચત્તમ કરી શકે છે તે આપણે ટોકિયો પેરાલિમ્પિક્સમાં જોયું છે. રમત-ગમતના વિશ્વની જેમ જ આર્ટસ અને એકેડમી જેવા ઘણા ક્ષેત્રોમાં દિવ્યાંગ સાથીઓ અદભૂત કાર્યો કરી રહ્યાં છે.”

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાન, ભારત





# દીવાદાંડી

દિવ્યાંગો માટેની કલ્યાણકારી
યોજનાઓનો સંપુટ



# દીવાદાંડી

દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ

**પ્રકાશક**
માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રોસેસિંગ અને મુદ્રણ**
સરકારી ફોટોલીથો પ્રેસ, અમદાવાદ

**ડિઝાઈન અને લેઆઉટ**
ક્રેઓન ક્રિએટીવ એન્ડ મીડિયા એજન્સી, ગાંધીનગર

**વર્ષ**
૨૦૨૫-૨૬

આ પુસ્તિકામાં દ્રષ્ટિહીન, શ્રવણમંદ, અસ્થિ વિષયક, માનસિક ક્ષતિ, નિરાધાર વૃદ્ધ ભાઈઓ-બહેનો, વિધવા બહેનો તથા અનાથ બાળકો માટેની સરકારની કલ્યાણકારી યોજનાઓની સરળ જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યોજનાઓના અર્થઘટન, અમલ અને નાણાકીય મંજૂરી વગેરે બાબતો માટે કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના વખતો-વખતના ઠરાવો, હુકમો અને પરિપત્રો જ આધારભૂત ગણવાના રહેશે તથા યોજનાઓના અર્થઘટન માટે તેને જ અધિકૃત માનવામાં આવશે.

આ પુસ્તક નિઃશુલ્ક છે, જેની વેચાણ કિંમત આપી ખરીદ કરવું નહીં.
આ પુસ્તકનું વેચાણ કરવું ગુનાપાત્ર ગણાશે.

सत्यमेव जयते
ગુજરાત સરકાર



# સંદેશ

મનુષ્યનું શરીર પરમાત્માનું અણમોલ સર્જન છે. સર્વાંગ સંપૂર્ણ વ્યક્તિને કદાચ અંગોની ખોટ કે નિષ્ક્રિયતાની પીડા કે મુશ્કેલી ન સમજાય પણ જન્મથી કે આકસ્મિક કારણોસર ક્ષતિગ્રસ્ત બનેલી વ્યક્તિઓને પોતાની સમસ્યાઓ સામે લડત આપવી પડે છે. વિરાટકાય અંતરાય પણ મહાત્વાકાંક્ષી લોકોના માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરી શકતા નથી. આવી મુશ્કેલીનો સામનો કરીને સફળતાની કેડી કંડારવી પડે છે.

માનવ માત્ર પ્રત્યેની સદભાવનાના વાતાવરણથી અને સહાનુભૂતિથી દિવ્યાંગ વ્યક્તિઓ સ્વમાનભેર સ્વાવલંબી જીવન જીવી શકે છે. દિવ્યાંગ વ્યક્તિઓને વિવિધ સ્તરે સહાયરૂપ બનવા અને તેમને વિકાસની દિશા આપવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ઘણીવાર જરૂરિયાતમંદ લોકો સરકારની કલ્યાણકારી યોજનાના લાભથી એટલે જ વંચિત રહી જાય છે કારણ કે તેમની પાસે યોગ્ય માહિતી હોતી નથી. તેમને લાભ ક્યાંથી મળે અને કેવી રીતે મળે તેની જાણકારી હોતી નથી. આવી યોજનાકીય પ્રાથમિક માહિતી સરળ ભાષામાં આપવાના ઉમદા હેતુસર માહિતી ખાતા દ્વારા દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ **“દીવાદાંડી - દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ”** પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે, જે ખરેખર પ્રશંસનીય કાર્ય છે. દિવ્યાંગ બાંધવોને તેમના જીવન ઉત્કર્ષમાં પ્રસ્તુત પુસ્તિકા મદદરૂપ બની રહેશે, તેવી મને શ્રદ્ધા છે. આ પ્રકાશનની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું.

**આપનો,**

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



सत्यमेव जयते

ગુજરાત સરકાર

# સંદેશ

આપણા દેશના બંધારણમાં દરેક વ્યક્તિને સમાનતાનો અધિકાર છે. પોતાના અને પોતાના પરિવારના સમગ્રતયા વિકાસ માટે દરેક વ્યક્તિને સમાન તકો મળે તે જ ખરા અર્થમાં પ્રજાલક્ષી વિકાસ કહેવાય. આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી યોજનાકીય તેમજ વિકાસના લાભો પહોંચે તે માટે પ્રતિબદ્ધ છે. રાજ્ય સરકારે આથી જ દિવ્યાંગજનો માટે પણ અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

દિવ્યાંગ વ્યક્તિઓને શિક્ષણ, રોજગાર, વ્યવસાય અને રહેઠાણ જેવા વિવિધ લાભો મળે તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ અમલીકૃત કરી છે. જેના લાભ પણ દિવ્યાંગજનો સુધી પહોંચી રહ્યા છે. દિવ્યાંગજનો માટેની કલ્યાણકારી યોજનાઓના માર્ગદર્શનરૂપ **"દીવાદાંડી - દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ"** પુસ્તકના પ્રકાશનકાર્યને આવકારુ છું. દિવ્યાંગ બંધુ-ભગીનીઓને વિવિધ તબક્કે, વિવિધ સ્તરે સહાયરૂપ બનવા, તેમને વિકાસના સામાન્ય પ્રવાહમાં લાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

આ પુસ્તિકામાં વિવિધ દિવ્યાંગતામાં સહાયરૂપ તેવી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી સંકલિત કરીને પ્રસ્તુત કરવામાં આવી છે જે જરૂરિયાતમંદ દરેક વ્યક્તિને ઉપયોગી નિવડશે. દિવ્યાંગજનોને આ પુસ્તિકા સહાયરૂપ બનશે જ એવી અભિલાષા સહ શુભેચ્છા પાઠવું છું.

**આપની સ્નેહાધિન,**

B M Babaria

**(ભાનુબેન બાબરીયા)**

મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા,

મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# સંદેશ



"સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા"ના મંત્ર દ્વારા ભારતીય સંસ્કૃતિમાં સર્વના કલ્યાણની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. લોકશાહી શાસન વ્યવસ્થાનો આત્મા પણ દેશના નાગરિકોના સર્વાંગીણ કલ્યાણમાં જ રહેલો છે.

"સૌનો સાથ - સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ - સૌનો પ્રયાસ" વિકાસમંત્રને વરેલી રાજ્ય સરકાર પ્રત્યેક માનવીના વિકાસના ધ્યેયને પ્રાથમિકતા આપી લોકસેવાની કામગીરી કરી રહી છે.

કોઇને જન્મથી કે આકસ્મિક કારણોસર શારીરિક કે માનસિક પંગુતાની સ્થિતિમાં અસહાયતાની લાગણી અનુભવાય તે સ્વસ્થ સમાજની નિશાની ગણાય નહીં. સમાજ જો સર્વની સંવેદનાઓ પ્રત્યે સંવેદનશીલ બને તો દિવ્યાંગજન પણ સમર્થ બની સ્વમાનભેર જીવન જીવી શકે.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા દિવ્યાંગજનો માટે ઉપયોગી થાય તેવી વિવિધ યોજનાઓ અને સાફલ્યગાથાઓની માહિતીનું એકત્રીકરણ કરી પુસ્તિકા સ્વરૂપે પ્રગટ કરવાનું સંપાદનકાર્ય આવકારદાયક છે. દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓની આ પુસ્તિકા દિવ્યાંગજનોના જીવનમાં **"દીવાદાંડી - દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ"** સ્વરૂપે નવો પ્રકાશ પ્રસરાવવામાં સાર્થક બની રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

**આપનો સ્નેહાધિન,**

**(ભીખુસિંહજી પરમાર)**



# સંદેશ

વિકસિત સમાજનું નિર્માણ ત્યારે થાય છે જ્યારે પ્રત્યેક વ્યક્તિ અને વર્ગ વિકાસનો સમાન અનુભવ કરે છે. સમાજ ત્યારે જ સશક્ત બને છે જ્યારે નાનામાં નાની વ્યક્તિ સુરક્ષાની અનુભૂતિ કરે છે. દિવ્યાંગજનો એ આપણા પ્રગતિશીલ સમાજનું અભિન્ન અંગ છે. કોઈપણ આકસ્મિક, કુદરતી કે જન્મજાત કારણોસર શારીરિક ક્ષતિગ્રસ્ત બનેલી વ્યક્તિ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સંવેદનશીલ બની સહાયરૂપ થવા કટિબદ્ધ છે. દ્રષ્ટિહીન, શ્રવણમંદ, અસ્થિવિષયક, માનસિક ક્ષતિ કે શારીરિક ખોડખાંપણ ધરાવતા દિવ્યાંગ નાગરિકો માટે ભારત સરકારની જેમ જ ગુજરાત સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે.

આ યોજનાઓના માધ્યમથી સરકાર દિવ્યાંગોના શારીરિક, આર્થિક, અને માનસિક વિકાસ માટે સહાયરૂપ બને છે. રાજ્ય સરકારના નિરંતર પ્રયાસ થકી આજે દિવ્યાંગ બાંધવો નિશ્ચિંત થઈ જીવનનિર્વાહ કરતા થયા છે. રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર પ્રમાણે દિવ્યાંગો માટે સંત સુરદાસ યોજના હેઠળ સહાયમાં વધારો કરાયો છે અને કુલ રૂ.૧૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સાથોસાથ દિવ્યાંગોને મોટરાઇઝડ્ ટ્રાયસિકલ તથા જોયસ્ટિક વ્હીલચેર જેવા સાધનો પૂરા પાડવા રૂ.૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યના વિકાસમાં મહત્ત્વાકાંક્ષી દિવ્યાંગ ભાઈ-બહેનોનું મહત્વનું યોગદાન રહેલું છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કૌશલ્યવાન અને મહેનતુ દિવ્યાંગ રમતવીરો રાજ્ય અને દેશનું નામ રોશન કરી વિકાસયાત્રામાં અમૂલ્ય યોગદાન આપી રહ્યાં છે.

માહિતી ખાતા દ્વારા પ્રકાશિત **"દીવાદાંડી - દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ"** પુસ્તિકાને આવકારું છું. મને આશા છે કે આ પુસ્તિકા દ્વારા દિવ્યાંગજનોએ મેળવેલી સિદ્ધિઓ સામાન્ય જન સુધી પહોંચશે અને આપત્તિને અવસરમાં પરિવર્તિત કરવાના મક્કમ નિર્ધાર સાથે લડત આપી જીતવાની હામ લોકોને ભરપૂર પ્રોત્સાહન પૂરું પાડશે, એટલું જ નહીં અન્ય લોકોને પણ સ્વયંના જીવન ઉત્કર્ષમાં આગળ વધવાની દિશા અને માર્ગદર્શન મળી રહેશે. આ પ્રકાશન દિવ્યાંગો માટે તથા આ ક્ષેત્રમાં સક્રિય સંસ્થાઓને ખૂબ ઉપયોગી નીવડશે. આ પુસ્તકના પ્રકાશન માટે શુભેચ્છા પાઠવું છું.

**કે. એલ. બચાણી,** આઇ. એ. એસ.
માહિતી નિયામક

# અનુક્રમણિકા


૦૧ દિવ્યાંગ વ્યક્તિઓને સંબંધકર્તા કાયદાઓ ૧૧

૦૨ દિવ્યાંગતાના પ્રકાર ૧૪

૦૩ દિવ્યાંગતાનો દાખલો દિવ્યાંગોને ઓળખપત્ર ૧૮

૦૪ વિશિષ્ટ દિવ્યાંગ દિનોની ઉજવણી ૨૩

૦૫ યોજનાઓ અને તેના લાભ ૨૮

૦૬ વિવિધ સંસ્થાઓ અને નોકરીમાં અનામત ૫૮

૦૭ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગો માટે વિવિધ લાભો ૬૬

૦૮ પરિવહન ૭૩

૦૯
કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી ૮૧

૧૦
દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલમહાકુંભ ૮૪

૧૧
માનસિક દિવ્યાંગ વ્યક્તિઓ માટે વાલી  નિમવાની સરળ જોગવાઈ ૮૮

૧૨
કૃત્રિમ (પ્રોસ્થેટીક) પગ અને હાથની સગવડ ૯૧

૧૩
દિવ્યાંગોને સહાયરૂપ સંસ્થાઓની યાદી ૯૪

૧૪
દિવ્યાંગોના ઓળખ ચિન્હો ૧૪૪

૧૫
દિવ્યાંગોના ઉપયોગી સાધનો ૧૪૮

૧૬
સાફલ્યગાથા ૧૫૭

૧૭
દિવ્યાંગોની યોજનાઓના ફોર્મ ૧૯૧

# ૦૧



# દિવ્યાંગ વ્યક્તિઓને સંબંધકર્તા કાયદાઓ



# દિવ્યાંગ વ્યક્તિઓને
## સંબંધકર્તા કાયદાઓ

૧. દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ તથા સંપૂર્ણ ભાગીદારી) ધારો - ૧૯૯૫.
The Person with disabilities (Equal opportunities, protection of rights and full participation) Act, ૧૯૯૫

૨. સ્વ-લીનતા, મગજનો પક્ષઘાત, મંદબુદ્ધિ અને બહુવિધ દિવ્યાંગતા પીડિત વ્યક્તિના કલ્યાણ માટેના રાષ્ટ્રીય ટ્રસ્ટ અંગેનો ધારો, ૧૯૯૯ The National Trust for the welfare of persons with Autism, Cerebral Palisy, Mental Retardation And Multiple Disabilities" Act (Act ૪૪ of ૧૯૯૯).

3. માનસિક આરોગ્ય ધારો - ૧૯૮૭ The Mental health Act, ૧૯૮૭

૪. ભારતીય પુનર્વસન પરિષદ ધારો ૧૯૯૨ The Rehabilitation council of India Act, ૧૯૯૨

૫. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬

૧૯૯૫માં દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) ધારો- ૧૯૯૫. હતો તે હાલમાં આ કાયદો દિવ્યાંગતા ધારો કે પછી પી.ડબલ્યુ.ડી. એક્ટ ૨૦૧૬ તરીકે ઓળખાય છે. આ અધિનિયમ, દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણની નેમ ધરાવે છે. સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા જેવા ત્રણ શબ્દ પ્રયોગ જ કાયદાના ઉદ્દેશ્ય વિશે સ્વયં બધુ જ કહી દે છે. દિવ્યાંગ વ્યક્તિઓને સમાન તકો મળતી થાય, તેમની સહભાગિતા વધે અને બીજી તરફ તમામ પ્રકારના ભેદભાવના વલણનો છેદ ઉડે તે પ્રકારની જોગવાઈઓ અમલી બનાવવા કાયદામાં પ્રયાસ થયો છે.

ભારતની સંસદે દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો- ૧૯૯૫ ઘડયો હતો અને તે ૭-ફેબ્રુઆરી, ૧૯૯૬થી અમલમાં આવ્યો હતો. આ કાયદો દિવ્યાંગ વ્યક્તિઓને સમાન તકો પૂરી પાડવા માટે, તેમના અધિકારોનું રક્ષણ કરવા માટે તથા તેમને સંપૂર્ણ સહભાગિતા પૂરા પાડવા માટેની એક પહેલ હતી કે જેથી સમાજમાં તેમનો સમાવેશ થઈ શકે તથા તેઓ તેમના અધિકારો મેળવી શકે.

દિવ્યાંગ વ્યક્તિઓનું સશક્તિકરણ અને તેમને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા તે આ કાયદાનો ઉદ્દેશ્ય છે. કાયદાનું નિયમન અને અમલ કરનાર તંત્ર, વિકલાંગતા રોકથામ, શિક્ષણ, રોજગારી, હકારાત્મક પગલાં, ભેદભાવવિહિન અભિગમ, સંશોધન અને માનવશક્તિ વિકાસ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓ માટેની સંસ્થાઓને માન્યતા સંબંધી વ્યાપક જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે.

દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે અને તેમને લાભાન્વિત કરવા માટે કાયદાએ નીચે દર્શાવેલી સાત પ્રકારની દિવ્યાંગતાને માન્યતા આપી છે. કાયદામાં દિવ્યાંગતાની વ્યાખ્યા નીચે મુજબ છે. ભેદભાવવિહિન અભિગમ, સંશોધન અને માનવશક્તિ વિકાસ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓ માટેની સંસ્થાઓને માન્યતા સંબંધી વ્યાપક જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે.

# ૦૨



# દિવ્યાંગતાના **પ્રકાર**

# દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬
## નવા કાયદા પ્રમાણે



૧. રક્તપિત્તથી સાજા વ્યક્તિઓ
૨. ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર
૩. સ્પેશિફિક લર્નિંગ ડિસેબિલિટી
૪. વાણી અને ભાષાની અક્ષમતા
૫. ક્રોનિક ન્યુરોલોજિકલ શરતો
૬. સાંભળવાની ક્ષતિ (બધિર અને સાંભળવામાં કઠિન)
૭. બહુવિધ દિવ્યાંગતા (ડેફ – બ્લાઈન્ડ)
૮. મલ્ટીપલ સ્ક્લેરોસિસ
૯. સિકલ સેલ રોગ
૧૦. પારકિન્સન રોગ
૧૧. ઇન્ટેલેક્ચ્યુઅલ ડિસેબિલિટી (બૌદ્ધિક અપંગતા)
૧૨. મસ્ક્યુલર ડિસ્ટ્રોફી
૧૩. એસિડ એટેક પીડિતો
૧૪. લોકોમોટર ડિસેબિલિટી
૧૫. અંધત્વ
૧૬. ડ્વારફિઝમ
૧૭. ઓછી દ્રષ્ટિ
૧૮. થેલેસેમિયા
૧૯. હિમોફિલિયા
૨૦. માનસિક બીમારી
૨૧. સેરેબ્રલ પાલ્સી

## અંધત્વ / દ્રષ્ટિહીનતા

એવી સ્થિતિનો સંદર્ભ સૂચવે છે. જ્યાં વ્યક્તિ નીચેની સ્થિતિઓમાંથી કોઈ એકથી પીડાતી હોય, એટલે કે (અ) દ્રષ્ટિનો સંપૂર્ણ અભાવ અથવા (બ) સુધારક કાચ મૂકેલી સારી આંખની દ્રષ્ટિની સક્ષમતા ૨૦/૨૦૦ (સ્નેલન)થી વધુ ન હોય અથવા (ક) દ્રષ્ટિના ક્ષેત્રની મર્યાદા સામેની દિશામાં ૨૦ અંશ કોણ જેટલી અથવા તેથી વધુ ખરાબ હોય.

## અલ્પ દૃષ્ટિ વ્યક્તિ

અલ્પ દ્રષ્ટિ એટલે સારવાર અથવા પ્રમાણિક વક્રિભવનના ક્ષતિ સુધારા પછી પણ દ્રષ્ટિની કામગીરીમાં ક્ષતિ હોય તેવી વ્યક્તિ, પરંતુ જે યથાયોગ્ય સહાયક ઉપકરણ સાથે દ્રષ્ટિનો કાર્યના આયોજન અને અમલ માટે ઉપયોગ કરે છે અથવા ઉપયોગ કરવાને સક્ષમ છે.



### રક્તપિત

રોગમાંથી સાજી થયેલી વ્યક્તિ એટલે કોઈપણ વ્યક્તિ જે રક્તપિત્તથી સાજી થયેલી છે, પરંતુ (અ) હાથ અને પગમાં સંવેદનના લોપ ઉપરાંત આંખ અને આંખની પાંપણોનો સંવેદન લોપ અને હળવો આંશિક લકવો પરંતુ કોઈ પ્રગટ કુરૂપતા નહીં; (બ) પ્રગટ કુરૂપતા અને હળવો આંશિક લકવો પરંતુ સામાન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવા રોકાણ થઈ શકે તેવું તેમના હાથ અને પગમાં પૂરતું હલનચલન હોવું; (ક) અંતિમ કક્ષાની શારીરિક કુરૂપતા તેમજ વધેલી વય જે તેને ઉપજાઉ વ્યવસાય કરવા અટકાવે, તેનાથી પીડાતી હોય અને અભિવ્યક્તિ 'રક્તપિત્ત સાજો થઈ ગયેલ'નું અર્થઘટન આ સંદર્ભમાં કરવું;

### શ્રવણ ક્ષતિ

શ્રવણ ક્ષતિ એટલે સંભાષણ (વાતચીત)ના ધ્વનિ આવર્તનોની મર્યાદામાં સારા કાનમાં ૬૦ ડેસિબલ્સ કે તેથી વધુનું નુકસાન થવું.

### અસ્થિવિષયક

દિવ્યાંગતા એટલે અવયવોના હલનચલનના ઘણા બધા નક્કર પ્રતિબંધ તરફ દોરી જતી હાડકાં, સાંધા અને સ્નાયુઓની અસમર્થતા અથવા મગજના લકવાનું કોઈ સ્વરૂપ.

### 'મગજનો લકવો' (સેરેબ્રલ પાલ્સી)

પ્રસવ પૂર્વે, પ્રસવ દરમિયાન કે શિશુ વિકાસના સમય દરમિયાન મગજનો હુમલો અથવા ઈજા થવાને કારણે નિપજેલી અતિ અસામાન્ય હલનચલન અંકુશની અંગસ્થિતિનું લક્ષણ હોય તેવી વ્યક્તિની બિનપ્રગતિશીલ સ્થિતિઓનો સમૂહ.

### મંદબુદ્ધિતા / માનસિક વિકાસ

રૂંધાવો એટલે વ્યક્તિના મનના વિકાસની થંભી ગયેલી અથવા અપૂર્ણ સ્થિતિ જે વિશેષ રીતે બુદ્ધિના સામાન્ય કરતાં ઓછી હોવાનું લક્ષણ ધરાવતી હોય.

### માનસિક માંદગી

માનસિક માંદગી એટલે માનસિક વિકાસના રૂંધાવા (મંદબુદ્ધિતા) સિવાયની કોઈ માનસિક વિસંવાદી સ્થિતિ. વિકલાંગ વ્યક્તિ એટલે તબીબી સત્તા મંડળ દ્વારા પ્રમાણિત કર્યા મુજબની ૪૦ ટકા કરતા ઓછી નહીં એવી વિકલાંગતાથી પીડાતી કોઈપણ વ્યક્તિ ગંભીર વિકલાંગતાવાળી વ્યક્તિ એટલે એક અથવા વધુ વિકલાંગતાઓના ૮૦ ટકા કે તેથી વધુ પ્રમાણમાં અપંગ વ્યક્તિ.

# 03



# દિવ્યાંગતાનો **દાખલો** દિવ્યાંગોને **ઓળખપત્ર**

# દિવ્યાંગતાનો દાખલો
## દિવ્યાંગોને ઓળખપત્ર



**દિવ્યાંગતાનો દાખલો**

દિવ્યાંગતાનો દાખલો મેળવવા પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા તથા રેશનકાર્ડ સાથે જે તે જિલ્લામાં આવેલી સિવિલ હૉસ્પિટલોમાં રૂબરૂ જઈ કેસ કઢાવી, સંબંધકર્તા (હાડકાના-આંખના-કાન-નાકના કે માનસિક રોગના) ડોક્ટર પાસે જવાથી દિવ્યાંગ વ્યક્તિઓને તેમની દિવ્યાંગતા રૂબરૂમાં જોઈ દિવ્યાંગતા કેટલા ટકા છે તે બાબતનો દાખલો સિવિલ સર્જન તરફથી આપવામાં આવે છે. આવી વ્યક્તિઓમાં દિવ્યાંગતા ઓછા-વત્તા પ્રમાણમાં હોય છે.

આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયત ઠરાવમાં સૂચવ્યા મૂજબ કાર્યવાહી કરવા વિનંતી.

દિવ્યાંગતા અંગેનો દાખલો તેઓને ઓળખપત્ર / એસ.ટી. બસમાં મફત મુસાફરી સ્કોલરશીપ/લોન તથા અન્ય લાભ મેળવવા માટે ઉપયોગી બને છે. તેથી દિવ્યાંગ વ્યક્તિઓએ આવો દાખલો મેળવી લેવો જરૂરી છે, જેથી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર તરફથી દિવ્યાંગોને મળતી સવલતો તેઓને ઝડપથી મળી શકે અને દરેક વખતે પ્રમાણપત્ર મેળવવું ન પડે.

## દિવ્યાંગોને ઓળખપત્ર

(અ) દિવ્યાંગ ઓળખકાર્ડ મેળવવાની પાત્રતા

- દિવ્યાંગ વ્યક્તિ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી હોવી જોઈએ.
- ૮૦ ટકા કે તેથી વધુ મૂકબધિરપણું ધરાવતિ વ્યક્તિ.
- ૮૦ ટકા કે તેથી વધુ દ્રષ્ટિ વિષયક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.
- ૩૦ કે તેથી ઓછો બુદ્ધિઆંક ધરાવતી મનોદિવ્યાંગ વ્યક્તિ.
- ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવતા હોવા જોઈએ.

(બ) દિવ્યાંગ ઓળખકાર્ડ ઉપરથી મળવાપાત્ર લાભ

- દિવ્યાંગ વ્યક્તિને એસ. ટી. નિગમની, ગુર્જર નગરી, લકઝરી અને વોલ્વો સહિત તમામ પ્રકારની બસમાં ગુજરાતની હદમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ.
- દિવ્યાંગ સાધન સહાય મળવાપાત્ર.
- દિવ્યાંગ, પ્રજ્ઞાચક્ષુ, શ્રવણમંદ, મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ.
- સરકારની વિવિધ દિવ્યાંગ કલ્યાણકારી યોજનાઓનો લાભ.

(ક) ઓળખકાર્ડ માટે જરૂરી પુરાવા

- જે તે વિભાગના નિષ્ણાંત તબીબ આર.એમ.ઓ./સિવિલ સર્જનનું દિવ્યાંગતાની ટકાવારી આઈક્યુ દર્શાવતા પ્રમાલપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.
- અરજીની ઉપર સ્ટેમ્પ સાઈઝનો ફોટો ચોંટાડવો તેમજ તેવો જ બીજો ફોટો અરજીની સાથે સામેલ કરવો.

- અરજદારના રહેઠાણના પુરાવાની ઝેરોક્ષ નકલ
- જન્મના દાખલાની પ્રમાણિત નકલ.
- જાતિનો દાખલો. (સક્ષમ અધિકારીની) પ્રમાણિત નકલ
- ગુજરાતના વતની હોવાનો દાખલો.
- લોહીના ગ્રુપનો દાખલો સામેલ રાખવો (શક્ય હોય તો)
- અભ્યાસનો દાખલો (શક્ય હોય તો)
- આધાર કાર્ડ નંબર, રેશન કાર્ડ નંબર
- ઓળખનું ચિત્ર દર્શાવવાનું રહેશે.

આ કાર્ડ મેળવવા માટે ઉંમર કે અભ્યાસનો કોઈ બાધ નથી. માનસિક રીતે દિવ્યાંગોને અપાતા દિવ્યાંગ ઓળખપત્રમાં માનસિક દિવ્યાંગતાની ટકાવારી દર્શાવવા બાબતે, (સામાજિક ન્યાય અને અધિકાર વિભાગનો તા. ૧૦-૨-૧૫નો ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૧૩/૮૧૬૪૭૭/છ-૧) થી સૂચના આપી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓ દ્વારા હવેથી માનસિક દિવ્યાંગોને જે ઓળખપત્ર આપવામાં આવે તેમાં બુદ્ધિઆંક ઉપરાંત માનસિક દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું ઓળખપત્ર આપવામાં આવે. આથી તે મુજબ પ્રમાણપત્રો આપવા. આ અંગે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા. ૧-૬-૨૦૦૧ના રોજ બહાર પાડેલી ગાઈડલાઈનમાં આ અંગે નીચે મુજબ માપદંડ દર્શાવેલા છે.

| મંદબુદ્ધિનું પ્રમાણ | બુદ્ધિઆંક | માનસિક દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| બોર્ડરલાઈન | ૭૦-૭૯ | ૨૫% |
| હળવી | ૫૦-૬૯ | ૫૦% |
| મધ્યમ | ૩૫-૪૯ | ૭૫% |
| તીવ્ર | ૨૦-૩૪ | ૯૦% |
| અતિતીવ્ર | ૨૦ કરતાં ઓછો | ૧૦૦% |

ઉપરના પત્રક પ્રમાણે ૭૦ બુદ્ધિ આંકને ૨૫% માનસિક દિવ્યાંગતાની ટકાવારી સાથે સરખાવી શકાય અને ૨૫% અથવા તેથી વધુ માનસિક દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા લાભાર્થીઓને માનસિક દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર થાય છે. તે મુજબ ઓળખપત્રો આપવાની કાર્યવાહી કરવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી અને તેના મારફતે સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓનો સંપર્ક કરવાનો રહેશે.

પ્રજ્ઞાચક્ષુ-અસ્થિવિષયક-શ્રવણમંદ-માનસિક દિવ્યાંગ તમામ ભાઈઓ-બહેનોને ઓળખપત્ર જે તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી તરફથી જ આપવામાં આવે છે.

**આ ઓળખપત્ર જરૂરિયાતના પ્રસંગે રજૂ કરી વિવિધ યોજનાઓનો લાભ પણ મેળવી શકાય છે.**

જિલ્લાની સિવિલ હોસ્પિટલના સર્જન તરફથી અપાતા દિવ્યાંગતાના દાખલામાં વ્યક્તિ કેટલા ટકા દિવ્યાંગ છે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે અને તે ઉપરથી મેળવેલ લેમિનેશન કરાવેલ ઓળખકાર્ડ અનુસાર લાભ અપાય છે.

### લાભ કોને ના મળે

- માન્ય દિવ્યાંગતા સિવાયના લાભાર્થીને લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- દિવ્યાંગ હોવા અંગેનું ઓળખપત્ર મેળવવા માટેનું નિયત છાપેલું "અરજી ફોર્મ' જે તે જિલ્લામાં આવેલી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી પાસેથી મેળવવાનું રહે છે. જે વિનામૂલ્યે આપવામાં આવે છે. નિયત અરજી ફોર્મમાં માંગેલી વિગતો ભરી જરૂરી સર્ટીફિકેટની પ્રમાણિત નકલો જોડવી.
- આ ફોર્મ પોતાના સંબંધિત જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ખાતે જમા કરાવવાથી લેમિનેશન કરાવેલું ફોટા સાથેનું ઓળખપત્ર વિનામૂલ્યે આપવામાં આવશે. તેમાં અરજદારનું નામ, સરનામું, જન્મ તારીખ, અભ્યાસ, લોહીનું ગ્રુપ, દિવ્યાંગતાનો પ્રકાર, તેની માત્રા અને ઓળખનું ચિહ્ન તેમજ અન્ય વિગતો દર્શાવવામાં આવે છે.



# ૦૪



# વિશિષ્ટ દિવ્યાંગ દિનોની ઉજવણી

# **વિશિષ્ટ દિવ્યાંગ** દિનોની ઉજવણી




## સ્વમાનભેર જીવતા સૌ દિવ્યાંગજનોની સાથે હરહંમેશ સંવેદનશીલ ગુજરાત સરકાર

હિંમત અને જુસ્સા સાથે સ્વમાનભેર જીવન જીવી રહેલા સૌ દિવ્યાંગજનો ગુજરાતની વિકાસગાથાનો અગત્યનો હિસ્સો છે. દિવ્યાંગજનોની પરિસ્થિતિને રાજ્ય સરકાર સમજી રહી છે. સંવેદનશીલ રાજ્ય સરકાર હરહંમેશ દિવ્યાંગજનો અને તેમના પરિવારના પડખે છે. દિવ્યાંગતાની સ્થિતિના અનુભવમાંથી માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર પરિવાર પસાર થતો હોય છે. દિવ્યાંગ નાગરિકોના ગૌરવ, અધિકારો અને સુખાકારી માટે સમાજનું સમર્થન મળે તે હેતુથી આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી પ્રતિવર્ષ તા. 3જી ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે. દિવ્યાંગો સન્માનભેર જીવન જીવી શકે, તેઓ આત્મનિર્ભર થાય, રોજગારી મેળવે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉત્તરોત્તર નવી યોજનાઓ લાવી તેમને વધુ સશક્ત બનાવવામાં આવે છે.

દિવ્યાંગોનું આત્મગૌરવ વધારવા માટે આપણી આસપાસના દિવ્યાંગોની શક્તિની કદર-સન્માન કરી, જરૂર પડે ત્યાં તેમને હૂંફ ભર્યું વાતાવરણ આપી પ્રોત્સાહન આપવાના સેવા કાર્યમાં વ્યક્તિગત પ્રયાસોથી દરેક વ્યક્તિ જોડાઈ શકે છે. દિવ્યાંગજનોને ઉપયોગી થવાનું શ્રેષ્ઠ સેવા કાર્ય માત્ર એક દિવસ નહીં પરંતુ હંમેશા માટે સામાજિક વર્તણૂકમાં વિકસાવવુ પડશે. દિવ્યાંગ વ્યક્તિઓના વિકાસ, શિક્ષણ અને તાલીમ પાછળ સમાજ સુરક્ષા વિભાગ દર વર્ષે મોટી રકમ ફાળવે છે. આ સાથે પ્રાથમિક કક્ષાએથી લઈને ઉચ્ચ અને સર્વોચ્ચ કક્ષાના શિક્ષણ માટે દિવ્યાંગ વ્યક્તિઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

દિવ્યાંગોના અધિકારોના રક્ષણ અને અધિનિયમની અમલવારી માટે રાજ્યમાં દિવ્યાંગ વ્યક્તિઓના કમિશનરની સ્વતંત્ર કચેરી કાર્યરત છે. આ કચેરી દિવ્યાંગજન અધિકાર અધિનિયમના ઉત્કૃષ્ટ અમલીકરણ માટે કામગીરી કરી રહી છે. જેના માટે તેમને રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો છે. હાલ રાજ્યમાં ૭ હજાર જેટલી જગ્યા ઉપર દિવ્યાંગજનો સેવા આપી રહ્યાં છે. દિવ્યાંગોને વધુ સશક્ત અને આત્મનિર્ભર બનાવવા આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજે ૨૧ હજાર જેટલી જગ્યાઓ પર ભરતી કરી દિવ્યાંગજનોને રોજગારી આપવાનું આયોજન છે.

આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે દિવ્યાંગજનોને ઉપયોગી વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવે છે. જેમાં હિયરીંગ એઇડ, ટી.એલ.એમ કીટ, બ્રેઈલ કીટ, ફોલ્ડિંગ વ્હીલચેર, મોટરાઈઝડ ટ્રાઈસિકલ જેવા રોજિંદા જીવનમાં ઉપયોગી થતા સાધનો આપવામાં આવે છે.

શું આપણે દિવ્યાંગોને અસહાય દશામાં જીવન જીવતા જોઈ શકીશું ખરા ? કદાપિ નહીં, ક્યારેય નહીં. પરંતુ આપણે દિવ્યાંગો જેવા કે પ્રજ્ઞાચક્ષુ, શ્રવણમંદ, માનસિક ક્ષતિ, અસ્થિવિષયક ક્ષતિ વગેરે માટે સમાજમાં એક સ્વસ્થ દ્રષ્ટિકોણ કેળવાય, સમાજ તેઓને સાચા અર્થમાં સહર્ષ સ્વીકૃત્તિ આપી સહાનુભૂતિ પ્રદાન કરે તે દિશા તરફના સકારાત્મક પ્રયાસોમાં આપણે સૌએ યતકિંચિત ફાળો આપી, દિવ્યાંગજનોને સ્વાવલંબનની દિશા તરફ અગ્રેસર કરવા જ રહ્યા.

રાષ્ટ્ર, સમાજ, જાહેર સેવાભાવી સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, જાહેર નિગમો-સૌએ સાથે મળીને સમગ્ર વર્ષ દરમિયાન નીચે દર્શાવેલા વિશિષ્ટ દિવસોની ઉજવણી કરીશું તો તેઓનો આત્મવિશ્વાસ વધશે, સમાજમાં તેઓના પ્રશ્નો બાબતે સહાનુભૂતિ વધશે અને તેઓના પ્રશ્નોમાં મદદરૂપ થવાની લોકોમાં ભાવના વધશે.

### ૪થી જાન્યુઆરી-લૂઈ બ્રેઈલ જન્મજયંતિ દિવસ (બ્રેઈલ ડે)

લૂઈ બ્રેઈલનો જન્મ ફ્રાન્સમાં એક સાધારણ ફ્રાંસીસ પરિવારમાં થયો હતો. તેમના પિતા શ્રી સિમોન બ્રેઈલ ઘોડાઓ માટેની લગામ તથા જીન બનાવવાનું કામ કરતા હતા. એક વખત બાળક લૂઈ બ્રેઈલ પિતાનું અનુકરણ કરતા હતા અને તેમાંથી ઓમર (રિપેર કરવાનું સાધન) તેમની આંખમાં વાગવાથી તેઓએ આંખની દ્રષ્ટિ ગુમાવી.

દસ વર્ષની ઉંમરે તેમને પેરિસની અંધશાળામાં ભણવા મોકલ્યા બાદ લૂઈ બ્રેઈલે છ ટપકાની ઉપસતી બિંદીઓ પર આધારિત સ્પર્શ લિપિનો વિકાસ કર્યો. જે બ્રેઈલ લિપિના નામે ઓળખાય છે. તેમનો જન્મ તા. ૪ જાન્યુઆરી, ૧૮૦૯માં થયો હતો અને ૧૮૫૨માં ૪૩ વર્ષની ઉંમરે તેઓનું અવસાન થયું હતું.

આમ, બ્રેઈલ લિપિના શોધક અને નેત્રહિનોના જ્યોર્તિધરની સ્મૃતિમાં તેમનો જન્મ દિવસ બ્રેઈલ-ડે તરીકે ઉજવાય છે. આ શુભ દિવસે આપણા દૂરદર્શન ચેનલ પરથી પ્રાદેશિક સમાચારમાં સાંજે ૭ વાગે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિને બ્રેઈલ લિપિમાં સમાચાર વાંચન કરવાનું કાર્ય સોંપી એક સાચા અર્થમાં શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવે છે. આ દિવસે સમગ્ર રાષ્ટ્ર અને રાજ્યમાં લૂઈ બ્રેઈલના જીવન કથન આધારિત વક્તૃત્વ સ્પર્ધા, બ્રેઈલ લેખન-વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

### ૨૭મી જુલાઈ-હેલન-કેલર ડે

હેલન કેલર અનેકવિધ દિવ્યાંગતા ધરાવતા મહિલા વિદૂષિ હતા. તેમના જીવનચિત્ર પર આધારિત સંજયલીલા ભણસાલી દિગ્દર્શિત ફિલ્મ 'બ્લેક'માં પ્રજ્ઞાચક્ષુ અને મુકબધીર હેલન-કેલરના પાત્રને ભાવવિભોર બની દર્શાવી, હેલન કેલરના જીવનચિત્રને જીવંતતા બક્ષી છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ આ મહિલા વિદૂષિની પ્રત્યક્ષ મુલાકાત સમયે તેમની કાર્યક્ષમતાને બિરદાવી હતી. હેલન કેલરે મહાત્મા લૂઈ બ્રેઈલને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે, અંધત્વના અસીમ રણને લૂઈની અખૂટ શક્તિ અને આનંદ રમ્યતાને હર્યું-ભર્યું કરી દીધું. તેની પદ્ધતિએ નેત્રહીન તરુણોના શિક્ષણને સરળતા પ્રદાન કરી સ્થિરતા આપી. હેલન-કેલરનું ધ્યેય વાક્ય હતું.

***"મુશ્કેલીઓથી ગભરાઈને ભાગવા કરતાં તેનો સામનો કરવો."***
***"જીવન એક જંગ છે, જંગ વિનાનું જીવન મૃત્યુ છે."***

### ૧૪મી સપ્ટેમ્બર અખિલ હિન્દુ અંધજન ધ્વજ દિન

અંધજન ધ્વજદિન-આ દિવસે જુદી-જુદી જગ્યાઓએ શહેરો-નગરોમાં રેલી કાઢીને પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુને મળતા લાભોને સમાજ સુધી માહિતી આપવાનું આયોજન કરવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુના ફલેગ-ડેના ફાળાના નાણા પ્રજ્ઞાચક્ષુઓના પુનર્વસન તેમજ તેમના વિકાસમાં વાપરવા માટે સમાજને અપીલ કરવામાં આવે છે.

### ૨૮મી સપ્ટેમ્બર-વિશ્વ બધિર દિન

આ દિવસનું મહત્ત્વ એવું છે કે, આખા વિશ્વમાં બધિરોએ સમાજના કલ્યાણમાં આપેલા યોગદાનને યાદ કરી ઉજવવામાં આવે છે. એમાં થોમસ આલ્વા એડિસન જેમણે દુનિયાને અજવાળું આપ્યું, લીપીની શોધ કરી હતી એ રીતે અન્ય બધિર મહાનુભાવોએ સમાજપયોગી કાર્ય કર્યું હોય તેને યાદ કરવામાં આવે છે અને આ દિવસે શ્રવણમંદ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી તેમનામાં રહેલી વિશિષ્ટ શક્તિને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

### ૧૫મી ઓક્ટોબર-વર્લ્ડ કેન ડે (સફેદ લાકડી દિન)

સફેદ લાકડી નેત્રહિનો માટે સાચો સાથી છે. નેત્રહિન વ્યક્તિ માટે સ્વતંત્ર રીતે રસ્તો ઓળંગવા, ચોક્કસ સ્થળે પહોંચવા માટે લાકડી ઉપયોગી બને છે. નેત્રહીન વ્યક્તિના હાથમાં સફેદ લાકડી હોવાથી સામી વ્યક્તિને ખ્યાલ આવશે કે નેત્રહિન આવી રહ્યો છે. જેનાથી સલામતી સચવાય છે. સફેદ લાકડીના કારણે હરવા-ફરવાનું કાર્ય સાધારણ અને સરળ બને છે. ચાલવા દરમિયાન આવતા અવરોધો સામે સફેદ લાકડી રક્ષણ આપવાનું કાર્ય કરે છે. આ દિવસે રેલીનું આયોજન કરી સ્વતંત્ર રીતે સંકલન કરી તથા વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા 'વ્હાઈટ કેન-ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

### ૩જી ડિસેમ્બર-વિશ્વ દિવ્યાંગ દિન

વિશ્વના દિવ્યાંગોની સમસ્યાઓને વાચા આપવા અને તેમની સર્વાંગી પ્રગતિને સાચા અર્થમાં ઉજાગર કરવાના હેતુસર ૩જી ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિનની આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવણી કરવામાં આવે છે. દિવ્યાંગ વ્યક્તિ પણ સમાજનું અભિન્ન અંગ છે અને સામાન્ય નાગરિકની જેમ જ તેને પણ જીવવાનો અધિકાર છે. આ દિવસે દિવ્યાંગોની રેલીનું આયોજન, ચર્ચા સભા, રમત-ગમત, સાહિત્ય વિતરણ, વકૃત્વ સ્પર્ધા તથા અન્ય પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવે છે અને આ રીતે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### ૮મી ડિસેમ્બર- મંદબુદ્ધિ બાળદિન

આજે જ્ઞાન-વિજ્ઞાનની રીતે આપણે ૨૧ મી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ ત્યારે પણ સમાજમાં માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થતો રહ્યો છે. ત્યારે આવા બાળકો અને સમાજમાં જનજાગૃતિ માટે આ દિનની ઉજવણી વિવિધ પ્રવૃત્તિઓના આયોજન દ્વારા કરવામાં આવે છે. આ દિવસે મંદબુદ્ધિ થવાના કારણો, લક્ષણો અને ઉપાયો વિશે સમાજમાં જાગરૂકતા વધે તે માટેના વિવિધ માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરી આ દિનની ઉજવણી કરવામાં આવે છે.



# ૦૫



# યોજનાઓ અને તેના લાભ

# દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ

### ઉદ્દેશ્ય

રાજ્યના દિવ્યાંગ વ્યક્તિઓ સરળતાથી મુસાફરી કરી શકે

### પાત્રતાના ધોરણો

૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

### યોજના અંતર્ગત મળતી સહાય

આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં રાજ્યની અંદર તેમજ ગુજરાત રાજ્ય બહાર મુસાફરીના કિસ્સામાં બસ રૂટના રાજ્ય બહાર આવેલા અંતિમ સ્ટેશન સુધી મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર છે.

### અંધત્વ

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દ્રષ્ટિવિષયક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

### આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય

- ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ

### સાંભળવાની ક્ષતિ

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ મફત મુસાફરી અને તેના સહાયકને ટિકિટ ભાડામાં ૫૦ ટકા રાહત

### ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ

- ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ મફત મુસાફરી અને તેના સહાયકને ટિકિટ ભાડામાં ૫૦ ટકા રાહત

**સામાન્ય ઈજા જીવલેણ રકતસ્ત્રાવ**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ

**ઓછી દ્રષ્ટી**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દ્રષ્ટિવિષયક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**ધ્રુજારી, સ્નાયુબધ્ધ કઠોરતા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ વિનામૂલ્યે મુસાફરી અને તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**બૌધ્ધિક અસમર્થતા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર થશે.

**હિમોગ્લોબિનની ઘટેલી માત્રા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**રક્તપિત-સાજા થયેલા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ વિનામૂલ્યે મુસાફરી અને તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**દીર્ઘ કાલીન એનિમિયા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ

**એસીડના હુમલાનો ભોગ બનેલા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ

**હલન ચલન સાથેની અશક્તતા**

(૧) ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ

(૨) ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને પોતાને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળશે જ્યારે તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**સેરેબલપાલ્સી**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને તેમજ તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**વામનતા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ

**માનસિક બિમાર**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ વિનામૂલ્યે મુસાફરી અને તેના સહાયકને ટિકિટ ભાડામાં ૫૦ ટકા રાહત
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

**ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ

**વાણી અને ભાષાની અશકતતા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને બસ પાસ

**ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ મફત મુસાફરી અને તેના સહાયકને ટિકિટ ભાડામાં ૫૦ ટકા રાહત
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

## મલ્ટીપલ ડિસેબિલિટી

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને તેમજ તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.

## અરજીની પ્રક્રિયા

- આ યોજના હેઠળ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવે છે.
- આ યોજનનો લાભ ડિજિટલ સેવા સેતુ અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્રો મારફતે માત્ર એક જ દિવસમાં અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.
- ઓનલાઇન આવેલ અરજીઓની ચકાસણી કરી મંજૂર કરવાની સત્તા સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની છે.

## અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

## અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર / દિવ્યાંગ ઓળખ કાર્ડની ઝેરોક્ષ નકલ
- રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ/વીજળી બીલ/ડ્રાઇવિંગ લાઇસન્સ/આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ પૈકી કોઇ પણ એક)
- ઉમરનો પુરાવો (શાળા છોડ્યા નું પ્રમાણપત્ર/મેડિકલ પ્રમાણપત્ર/જન્મનો દાખલો (તલાટી/નગર પંચાયત રેકર્ડ ઉપરનો) પૈકી કોઇ પણ એક)
- જિલ્લા સિવિલ સર્જનશ્રી/તબીબ અધિક્ષકશ્રીનું દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતુ દિવ્યાંગ મેડિકલ પ્રમાણપત્ર
- વ્યવસાય અંગેનાં અનુભવનું પ્રમાણપત્ર
- અરજદારની સહી
- અરજદારનો ફૂલ ફોટો

## સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/scheme/bas-mafat-mushafari-scheme

# દિવ્યાંગ સાધન સહાય

### ઉદ્દેશ્ય

રાજ્યના પુરુષાર્થી દિવ્યાંગ ભાઈ-બહેનો વ્યક્તિગત વિકાસથી સાધનના અભાવે વંચિત ન રહે તે માટે તેમના કૌશલ્ય અને અનિવાર્યતાને ધ્યાને રાખી તેમને વિવિધ સાધન સહાય પૂરી પાડવી.

### પાત્રતાના ધોરણો

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ
- ૧૬ વર્ષથી નીચેની વ્યક્તિને રોજગારલક્ષી સાધનો આપી શકાશે નહીં.

### યોજના અંતર્ગત મળતી સહાય

- આ યોજના હેઠળ રૂ.૨૦,૦૦૦ની મર્યાદામાં રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો ૫ વર્ષની મુદતમાં માત્ર એક જ વાર લાભાર્થીઓને મળવાપાત્ર હોય છે.
- આ યોજના હેઠળ રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંન્ને પ્રકારના સાધનો લાભાર્થીઓને મળવાપાત્ર છે.

### દિવ્યાંગતામાં મદદરૂપ સાધનોની યાદી

ટ્રાઈસીકલ, ફોલ્ડીંગ વ્હીલચેર, હીયરીંગ એઈડ (અ) પોકેટ રેન્જ (બ) કાન પાછળ લગાવવાનું મશીન, ફોલ્ડીંગ સ્ટીક, એલ્યુમિનિયમની કાંખઘોડી, કેલીપર્સ (અ) ઘુંટણ માટેના (બ) પોલીયો કેલીપર્સ, બ્રેઈલ કીટ, એમ. આર. કીટ (મંદ બુદ્ધિના બાળકો માટે), સંગીતના સાધનો

### રોજગારલક્ષી સાધન સહાય

- કડીયાકામ
- સેન્ટીંગ કામ
- વાહન સર્વિસીંગ અને રીપેરીંગ
- મોચીકામ
- દરજીકામ
- ભરતકામ
- કુંભારીકામ
- વિવિધ પ્રકારની ફેરી
- પ્લમ્બર
- બ્યુટી પાર્લર
- ઈલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ
- ખેતીલક્ષી લુહારી / વેલ્ડીંગ કામ
- સુથારીકામ
- ધોબીકામ

- સાવરણી સુપડા બનાવનાર
- દૂધ – દહીં વેચનાર
- માછલી વેચનાર
- પાપડ બનાવટ
- અથાણા બનાવટ
- ગરમ, ઠંડા પીણા, અલ્પાહાર વેચાણ
- પંચર કીટ
- ફ્લોર મીલ
- મસાલા મીલ
- રૂની દિવેટ બનાવવી
- મોબાઈલ રીપેરીંગ
- હેર કટીંગ (વાળંદ કામ)

### અરજીની પ્રક્રિયા

આ યોજના હેઠળ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવે છે.

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

### અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર / દિવ્યાંગ ઓળખ કાર્ડની ઝેરોક્ષ નકલ
- વ્યવસાય અંગેનાં અનુભવનું પ્રમાણપત્ર
- રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ/વીજળી બીલ/ડ્રાઇવિંગ લાઈસન્સ/આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ પૈકી કોઈ પણ એક)
- ઉમરનો પુરાવો (શાળા છોડ્યા નું પ્રમાણપત્ર/મેડિકલ પ્રમાણપત્ર/જન્મનો દાખલો (તલાટી/નગર પંચાયત રેકર્ડ ઉપરનો) પૈકી કોઈ પણ એક)

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/scheme/sahana-sahay-yojana

# દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

**ઉદ્દેશ્ય**

દિવ્યાંગ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વિકાસ કરી પોતાની કારકિર્દી ઘડી સન્માનીય આત્મનિર્ભર જીવન પસાર કરવા સક્ષમ બનાવવા

**પાત્રતાના ધોરણો**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થી.
- છેલ્લી પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણથી ઉત્તીર્ણ હોવા જોઈએ.
- જે તે અભ્યાસમાં હાજરીની સંતોષકારક નિયમિતતા જરૂરી છે.
- દિવ્યાંગતા અંગેનું તબીબી પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ

**યોજના અંતર્ગત મળતી સહાય**

| ધોરણ | શિષ્યવૃત્તિનો વાર્ષિક દર રૂપિયામાં (૧૦ માસ સુધી) |
|---|---|
| ધો. ૧ થી ૮ (ડેસ્કોલર માટેનો દર) | ૧,૫૦૦ |
| ધો. ૯ થી ૧૨ અને ITI સમકક્ષ (ડેસ્કોલર માટેનો દર) | ૨,૦૦૦ |
| ધો. ૯ થી ૧૨ અને ITI સમકક્ષ (હોસ્ટેલર માટેનો દર) | ૨,૫૦૦ |
| B.A., B.Sc., B.Com., અને સમકક્ષ ડિગ્રી અભ્યાસક્રમ (ડેસ્કોલર માટેનો દર) | 3000 |
| B.A., B.Sc., B.Com., અને સમકક્ષ ડિગ્રી અભ્યાસક્રમ (હોસ્ટેલર માટેનો દર) | ૩,૭૫૦ |
| B.Ed., B.E., B.Tech., L.L.B., B.C.A., M.B.A. | ૩,૫૦૦ |
| B.ed., B.E., B.Tech., L.L.B., B.C.A., M.B.B.S. અને સમક્ષક અભ્યાસક્રમો તેમજ ડિપ્લોમા ઈન પ્રોફેશનલ એન્ડ એન્જિનિયરિંગ સ્ટડી ઈન પ્લાન્ટ ટ્રેનીંગ અને તેને સમકક્ષ (હોસ્ટેલર માટેનો દર) | ૪,૫૦૦ |
| M.Sc., M.Phill., L.L.M., M.Ed., (ડેસ્કોલર માટેનો દર) | ૩,૫૦૦ |
| M.Sc., M.Phill., L.L.M., M.Ed., (હોસ્ટેલર માટેનો દર) | ૪૫૦૦ |
| અંધ વ્યક્તિઓ માટે રીડર એલાઉન્સ રૂપિયા (ધોરણ ૮ સિવાયના ઉપર દર્શાવેલ અન્ય તમામ અભ્યાસક્રમો માટે) | ૧૫૦૦ |

### અરજીની પ્રક્રિયા

- દિવ્યાંગ શિષ્યવૃતિ જે તે પ્રાથમિક શાળા, હાઇસ્કૂલ તથા કોલેજના આચાર્યશ્રી/વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન https://www.digitalgujarat.gov.in/ સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીને મોકલવામાં આવે છે.

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

### અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર / જે-તે સિવિલ હોસ્પિટલ તબીબી બોર્ડનું દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું પ્રમાણપત્ર
- દિવ્યાંગ વિદ્યાર્થીઓનું ઓળખકાર્ડ
- બેંક એકાઉન્ટની વિગતો
- આધાર કાર્ડની નકલ
- ગત વર્ષના શાળા, હાઈસ્કૂલ તથા કોલેજનું પ્રમાણપત્રની નકલ

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/scheme/scholership-scheme



# દિવ્યાંગ વ્યકિતઓના કુટુંબીજનને વીમા સહાય

### ઉદ્દેશ્ય

આ યોજના હેઠળ આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈ પણ રીતે લાભાર્થીનું મૃત્યુ થાય કે કાયમ દિવ્યાંગ બને તો આ યોજનાનો લાભ વીમા પોલિસીની શરતોને આધીન રહી આપવામાં આવે છે.

### પાત્રતાના ધોરણો

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ.
- એસ.ટી.બસમાં વિનામૂલ્યે મુસાફરી પાસ ધરાવનાર દિવ્યાંગ.

### યોજના અંતર્ગત મળતી સહાય

આ યોજના હેઠળ લાભાર્થીના કુટુંબીજનને રૂ. ૧ લાખ સુધીનું વીમા કવચ મળવાપાત્ર છે.

### સહાયની વિગત

- અકસ્માતને કારણે મૃત્યુ / કાયમી સંપૂર્ણ દિવ્યાંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા
- અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ / પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા (આંખના કિસ્સામાં આંખની સંપૂર્ણ ૧૦૦% દ્રષ્ટિ જવી, હાથના કિસ્સામાં કાંડાથી ઉપરનો ભાગ તથા પગના કિસ્સામાં ઘુંટણ ઉપરથી તદ્દન કપાયેલ હોય તો)
- અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦%
- અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦%

### અરજીની પ્રક્રિયા

અરજદાર તરફથી અકસ્માત મૃત્યુ/ દિવ્યાંગતાની તારીખથી ૯૦ દિવસની અંદર નિયત નમૂનામાં આધાર પુરાવા સાથેની વળતરની અરજી નોડલ ઓફિસરને મળે તે તારીખથી દિન-૩૦માં જરૂરી ચકાસણી કરી તેમનાં પ્રમાણપત્ર તથા જરૂરી તમામ દસ્તાવેજો સાથે વીમા નિયામકશ્રીની કચેરી/વીમા કંપનીને મોકલી આપવાની રહેશે. પરંતુ જો પ્રાથમિક તબક્કે આ યોજનાના ઠરાવની જોગવાઇઓ ધ્યાને લેતા અરજી ગ્રાહ્ય રહી શકે તેમ હોય નહી તો યોજનાના સંબંધિત નોડલ અધિકારીએ તેની કક્ષાએથી જ ફરજીયાત નકારવાની રહેશે તથા તેની જાણ અરજદારને બારોબાર કરવાની રહેશે. આ રીતે નોડલ અધિકારીને દાવો નકારવાની સત્તા છે.

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- નોડલ ઓફિસર/ વીમા નિયામકશ્રીની કચેરી/વીમા કંપનીને

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

### અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- દિવ્યાંગતા અંગેનું તબીબી પ્રમાણપત્ર
- સમાજ સુરક્ષા ખાતાનું દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિ

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/Schemes/૧૫૮૧



# ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના

### ઉદ્દેશ્ય

ગરીબી રેખા હેઠળ જીવતા દિવ્યાંગજનને જીવનનિર્વાહ માટે આર્થિક ટેકો પૂરો પાડવો

### પાત્રતાના ધોરણો

- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ.
- ૧૮ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવા પાત્ર છે.
- આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિઓને મળવા પાત્ર છે (ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ તેમજ શેહરી વિસ્તાર માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ અર્બન હાઉસિંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ. જેમાં ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી બનાવવામાં આવી છે, તેમાં સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.

### યોજના અંતર્ગત મળતી સહાય

આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ.૧,૦૦૦ સહાય મળવા પાત્ર છે. જેમાં રૂ.૭૦૦ રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૩૦૦ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.

### અરજીની પ્રક્રિયા

આ યોજના હેઠળ અરજદારે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ નિયત કરેલા નમૂનામાં જરૂરી આધાર સાથે અરજી કરવાની રહેશે તેમજ આ યોજનાનો લાભ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઉપરથી ડિજિટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફતે માત્ર એક જ દિવસમાં અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

### અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- દિવ્યાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ / જે-તે સિવિલ હોસ્પિટલ તબીબી બોર્ડનું દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું પ્રમાણપત્ર.
- ઉંમર અને રહેઠાણના પુરાવા.
- **સત્તાવાર લિન્ક**

https://sje.gujarat.gov.in/dsd/scheme/disability-pensan-yojana

# દિવ્યાંગો માટે ઈલેક્ટ્રિક સ્કૂટર આપવાની યોજના

### ઉદ્દેશ્ય

૪૦%કે તેથી વધુ ફક્ત અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા સ્ત્રી અને પુરુષને ઈલેક્ટ્રિક સ્કૂટરની સહાયથી એક જગ્યાથી બીજી જગ્યાએ પહોંચવા આત્મનિર્ભર બનાવવા

### પાત્રતાના ધોરણો

- ૪૦% કે તેથી વધુ ફક્ત અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા સ્ત્રી અને પુરુષને ઈલેક્ટ્રિક સ્કૂટરની સહાયથી એક જગ્યાથી બીજી જગ્યાએ પહોંચવા આત્મનિર્ભર બનાવવા
- ૪૦% કે તેથી વધુ ફક્ત અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા સ્ત્રી અને પુરુષને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- દિવ્યાંગ વ્યક્તિની ઉંમર વર્ષ ૧૮ થી ૫૦ની વચ્ચે હોવી જોઈએ.
- ગરીબી રેખા હેઠળ જીવતા (બી.પી.એલ.) લોકોની યાદીમાં આવનાર દિવ્યાંગને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે. (સામાજિક, આર્થિક, જાતિ આધારીત વસ્તી ગણતરી-૨૦૧૧ હેઠળ વંચિતતા ધરાવતા અને યાદીમાં સમાવિષ્ટ દિવ્યાંગોને ખાસ અગ્રતા આપવાની હોય છે.)

### યોજના અંતર્ગત મળતી સહાય

- આ યોજના હેઠળ લાભાર્થી સહાય મંજૂર થયા બાદ લાભાર્થીએ પોતાના ફંડમાંથી જેડા માન્ય એજન્સીમાંથી ઇલેક્ટ્રીક સ્કૂટરની ખરીદી કર્યા બાદ રૂ.૨૫,૦૦૦ની સહાય લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સીધી જ (D.B.T.) જમા કરવામાં આવશે.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની લેખિત જાણકારી / મંજૂરી આદેશ તારીખથી લાભાર્થીએ ૩૦ દિવસની મુદ્દતમાં ઈલેક્ટ્રિક સ્કૂટરની ખરીદી કરવાની રહેશે પરંતુ અરજદારના આર્થિક સંજોગો તપાસતા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને યોગ્ય જણાશે તો આવી મુદ્દતમાં વધુમાં વધુ ૬૦ દિવસ સુધી લંબાવી શકાશે.
- મંજૂર કરેલી લાભાર્થીએ આ યોજના હેઠળ જો લો-સ્પીડ વાળું ઇ-સ્કૂટર ખરીદવું હોય તો તે જેડા માન્ય એજન્સીમાંથી ખરીદવાનું રહેશે અને જો હાઇ-સ્પીડ ધરાવતું ઇ-સ્કૂટર ખરીદવું હશે તો કેમ-૨ અંતર્ગત ખરીદી કરવાની રહેશે. પસંદ કરેલ ઈ-સ્કૂટર માટે ડ્રાઈવિંગ લાઇસન્સની જરૂરિયાત હશે તો તે પણ લાભાર્થીએ રજૂ કરવાનું રહેશે.

### અરજીની પ્રક્રિયા

આ યોજના હેઠળ દરેક નાણાકીય વર્ષમાં વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવે છે ત્યારબાદ અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજૂ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની હોય છે.

## અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

## અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર
- ઉંમર અને રહેઠાણના પુરાવા
- BPL યાદી હેઠળ આવતા હોય તો BPL કાર્ડની નકલ

## સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/Schemes/૧૪૬૮૮



# સંત સુરદાસ યોજના

### ઉદ્દેશ્ય

ગરીબી રેખા હેઠળ (B.P.L.) જીવતા ગુજરાતમાં વસતા દિવ્યાંગ વ્યક્તિને જીવન નિર્વાહ માટે માસિક આર્થિક ટેકો પૂરો પાડવો

### પાત્રતાના ધોરણો

- ૮૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ

### આ યોજના હેઠળ લાભાર્થીને

- માસિક રૂ.૧,૦૦૦ સહાય મળવાપાત્ર છે.
- અરજદારને સહાય પોસ્ટ/બેંક ખાતામાં ડી.બી.ટી. મારફત ચૂકવવામાં આવે છે.

### અરજીની પ્રક્રિયા

www.esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની હોય છે.

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૭, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૩૦૯

### અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- દિવ્યાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ / સિવિલ સર્જન દ્વારા આપવામાં આવેલું દિવ્યાંગ પ્રમાણપત્ર.
- ઉંમરનો પુરાવો અને રહેઠાણનો પુરાવો.
- આધારકાર્ડની નકલ અને બેંક એકાઉન્ટની માહિતી.

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/scheme/sant-surdash-yojana

# દિવ્યાંગ લગ્ન સહાય યોજના

## ઉદ્દેશ્ય

દિવ્યાંગ યુગલો કે દિવ્યાંગ વ્યક્તિઓ દાંપત્યજીવનમાં આગળ વધે તે માટે પ્રોત્સાહન પૂરું પાડવું

## પાત્રતાના ધોરણો

- કન્યાની ઉંમર ૧૮ વર્ષ થી વધુ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.
- યોજનાનો લાભ ફક્ત એક જ વખત (યુગલ દિઠ મળવાપાત્ર રહેશે)
- આ યોજનામાં લગ્ન થયાની તારીખથી ૨ વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.

## યોજના અંતર્ગત મળતી સહાય

- આ યોજનાનો લાભ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને નીચે મુજબની ટકાવારી મુજબ આપવામાં આવે છે.

| દિવ્યાંગતા | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|
| અંધત્વ, ઓછી દ્રષ્ટી, આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, રક્તપિત-સાજા થયેલ, એસિડના હુમલાનો ભોગ બનેલા, હલન-ચલન સાથેની અશકતતા, સેરેબલ પાલ્સી, વામનતા, બહુવિધ સ્કલેરોસિસ શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ | ૪૦% કે તેથી વધુ |
| સાંભળવાની ક્ષતિ | ૭૧ થી ૧૦૦ % |
| ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, બૌધ્ધિક અસમર્થતા, હિમોગ્લોબિનની ઘટેલી માત્રા, દીર્ઘકાલીન એનિમિયા, માનસિક બીમાર, ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા, વાણી અને ભાષાની અશક્તતા, ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ, મલ્ટીપલ ડિસેબિલિટીઝ. | ૫૦ % કે તેથી વધુ |

- આ યોજના હેઠળ દિવ્યાંગ થી દિવ્યાંગ વ્યક્તિ લગ્ન કરે ત્યારે યુગલ દીઠ રૂ. ૫૦,૦૦૦ + રૂ. ૫૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (રૂ. એક લાખ) સહાય મળવાપાત્ર છે.
- દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે.

## અરજીની પ્રક્રિયા

- બે અલગ અલગ જિલ્લામાં રહેતી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ મેળવવા માટેની અરજી દંપતિએ લગ્ન બાદના દિવ્યાંગ દંપતિના કાયમી વસવાટના જિલ્લામાં કરવાની રહેશે.

- અરજી મંજૂર કરનાર જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ અન્ય જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને અરજી મંજૂર કર્યાની જાણ કરવાની રહેશે.

- દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં બન્ને દિવ્યાંગ પતિ -પત્નીને આ યોજનાનો લાભ નિયત પુરાવા રજૂ કર્યેથી મળવાપાત્ર રહેશે.

- દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં અરજદાર સ્ત્રી પાસેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ સ્ત્રી લાભાર્થીને તેના રાજ્યમાંથી દિવ્યાંગ લગ્ન સહાય મેળવી નથી તે અંગેની બાહેંધરી મેળવી લેવાની રહેશે.

## અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

## અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ, વીજળી બીલ, ડ્રાઇવિંગ લાઇસન્સ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પૈકી કોઈપણ એક).

- કન્યા / કુમારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.

- અરજદારનું દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જન દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગ પ્રમાણપત્ર.

- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર.

- બેંક પાસબુકની નકલ / રદ કરેલ ચેક.

## સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/scheme/lagna-sahay-yojana

# ભારત સરકાર હેઠળની દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

### ઉદ્દેશ્ય

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના દિવ્યાંગ વિદ્યાર્થીઓના શૈક્ષણિક સશક્તીરણ માટે શિષ્યવૃત્તિ વડે પ્રોત્સાહન પૂરું પાડવાનો મુખ્ય હેતુ છે.

### પાત્રતાના ધોરણો

- પ્રિ-મેટ્રિક તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ - રૂ. ૨.૫૦ લાખ
- ઉચ્ચ શ્રેણી શિક્ષણ શિષ્યવૃતિ - રૂ. ૮.૦૦ લાખ

### યોજના અંતર્ગત મળતી સહાય

૧. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ.

(ધોરણ ૯ અને ૧૦)

૨. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ.

(ધોરણ ૧૧ થી અનુસ્નાતક)

૩. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શ્રેણી શિક્ષણ શિષ્યવૃત્તિ.

(શ્રેષ્ઠ ૨૪૦ અધિસૂચિત સંસ્થાનોમાં સ્નાતક/ સ્નાતકોતર ડિગ્રી અથવા ડિપ્લોમા)

આખરી પસંદગી પામેલા અને મેરીટમાં સામેલ લાભાર્થીઓની શિષ્યવૃત્તિ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ મારફતે અમલી બનશે અને દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા રકમ સીધે સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા થશે.

### અરજીની પ્રક્રિયા

- www.scholarships.gov.in વેબસાઇટ મારફતે અરજી કરવાની હોય આવે છે.
- અરજી ઓનલાઇન રજૂ કરવાની રહેશે. બધા જ જરૂરી દસ્તાવેજો જેવા કે ફોટોગ્રાફ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, આધારકાર્ડ, કુટુંબની વાર્ષિક આવકનો સક્ષમ અધિકારીનો દાખલો, ફી ભર્યાની પહોંચની ખરી નકલ (ટ્યુશન ફી, પરીક્ષા ફી, પ્રવેશ ફી), વિદ્યાર્થીની બેંક પાસબુકની નકલ-સાધનિક પુરાવા વગેરે નિયત પત્રકમાં યોગ્ય રીતે ભરીને ઓનલાઇન અરજી કરવાની રહેશે.

- શાળા/કોલેજ/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓએ વિદ્યાર્થીઓની ટ્યુશન ફી અને એડમિશન ફી ભરવાની તથા Online અરજી ચકાસણી કરીને જિલ્લા કક્ષાએ મોકલવાની રહેશે.
- જિલ્લા/રાજ્ય કક્ષાએ વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી શિષ્યવૃતિ મંજૂર /ના-મંજૂર ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- ઓનલાઈન પોર્ટલ યોજના પરની અરજીની પસંદગી તથા ચૂકવણીની કાર્યવાહી દિવ્યાંગજન સશક્તીકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા કરવામાં આવશે.
- ગાઇડલાઇન તથા અન્ય માહિતી http://disabilityaffairs.gov.in પર આપેલી છે.

## શિષ્યવૃતિ પસંદગી માટે ગુણવત્તા ધોરણ:

- યોજનામાં જણાવ્યા મુજબ પાત્રતાની શરતોની પરિપૂર્ણતા.
- સંસ્થા દ્વારા, જિલ્લા કક્ષાએ તથા રાજ્યકક્ષાએ અરજી ચકાસણી કરી મંજૂર અરજીઓ.
- રાજ્યને પ્રાપ્ય સ્લોટની સંખ્યા.
- લાયકાત પરીક્ષામાં મેળવેલા ગુણની ટકાવારીના સંદર્ભમાં ઉમેદવારની ગુણવત્તા

## અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

## અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર

## સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/scheme/central-govt-yojana

# નિરામયા આરોગ્ય વીમા (હેલ્થ ઇન્સ્યોરન્સ) યોજના

### ઉદ્દેશ્ય

નિશ્ચિત દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓના આરોગ્યની દરકાર લેવી

### પાત્રતાના ધોરણો

- બૌધ્ધિક અસમર્થતા.
- સેરેબલ પાલ્સી (મગજનો લકવો).
- ઓટીઝમ (સ્વલીનતા).
- મલ્ટીપલ ડિસેબિલિટીઝ (બહુવિધ દિવ્યાંગતા) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ

### યોજના અંતર્ગત મળતી સહાય

- લાભાર્થીની બી.પી.એલ. અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂ. ૧૫,૦૦૦ સુધી હોય તેવા) દિવ્યાંગ લાભાર્થીને ભરવાપત્ર પ્રિમિયમ રૂ. ૨૫૦ અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂ. ૧૫,૦૦૦ થી વધુ હોય તેવા) દિવ્યાંગ લાભાર્થીને ભરવાપાત્ર પ્રિમિયમ રૂ. ૫૦૦ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવશે.
- આ યોજનામાં (એ)માં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને રૂ.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ) સુધીનું આરોગ્ય વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં હૉસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી. દવાઓ અને વાહનવ્યવહાર ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ તમામ પ્રકારની વય જૂથના દિવ્યાંગનો સમાવેશ થાય છે.

### અરજીની પ્રક્રિયા

સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં રૂબરૂ મુલાકાત લઈ

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, તળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

### અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/schemes/૧૫૯૦

# બૌધ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના

### ઉદ્દેશ્ય

આ લાભ નેશનલ ટ્રસ્ટ એક્ટ પ્રમાણે ચાર વિકલાંગતા ધરાવતા ૫૦% કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા, સેરેબ્રલ પાલ્સી ઓટીઝમ અને બહુ વિકલાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓને મદદરૂપ થશે. દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને મદદરૂપ થયા.

### પાત્રતાના ધોરણો

- ૫૦% કે તેથી વધુ બૌધ્ધિક અસમર્થતા, સેરેબલ પાલ્સી બહુ વિકલાંગતા અને ઓટીઝમ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ
- ૦ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિઓને

### યોજના અંતર્ગત મળતી સહાય

લાભાર્થીને માસિક રૂ. ૧૦૦૦ સહાય મળવાપાત્ર છે.

### અરજીની પ્રક્રિયા

આ યોજના હેઠળ અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજૂ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની છે.

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી  અથવા
- નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૩૦૯

### અરજી સાથે રજૂ કરવાનાં થતાં પુરાવા

- રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ, વીજળી બીલ, ડ્રાઇવિંગ લાઇસન્સ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પૈકી કોઇ પણ એક).
- ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર / જન્મનો દાખલો)
- દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જન દ્વારા આપવામાં આવેલું  દિવ્યાંગતાના પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક
- બેંક પાસબુકની નકલ / રદ કરેલ ચેક.
- આધારકાર્ડની નકલ.

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/schemes/૧૫૬૧

# ભારત સરકારની દિવ્યાંગ લાભાર્થીઓ માટે યુનિક ડિસેબિલિટી આઇડી કાર્ડ (Unique Disability ID-UDID)

**ઉદ્દેશ્ય**

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના દિવ્યાંગજન સશક્તીકરણ વિભાગ દ્વારા સમગ્ર દેશમાં "યુનિવર્સલ આઇ.ડી. ફોર પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ"નો પ્રોજેક્ટ અમલીકરણ કરવામાં આવ્યો છે. દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને યુનિક ડિસેબિલિટીઝ આઇ.ડી. આપવા માટે યુ.ડી.આઇ.ડી. એક વેબ બેઝ એપ્લીકેશન છે જેનો ઉદ્દેશ દિવ્યાંગ વ્યક્તિઓનો એક રાષ્ટ્રીય સ્તરનો ડેટાબેઝ તૈયાર કરવાનો છે. જેથી દરેક દિવ્યાંગ વ્યક્તિઓ સુધી તેનો મહત્તમ લાભ પહોંચે તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. આવનાર સમયમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ આ કાર્ડ મારફતે આપવા ભારત સરકારનું આયોજન છે.

**પાત્રતાના ધોરણો**

રાજ્યના દિવ્યાંગજનો

**યોજના અંતર્ગત મળતી સહાય**

રાજ્ય સરકાર બસ પાસમાં યુડીઆઇડી નંબર મદદરૂપ રહે છે, તથા રાજ્ય સરકારને દિવ્યાંગતાને લગતી તમામ યોજનાઓમાં દિવ્યાંગ ઓળખકાર્ડ તરીકે માન્ય ગણાશે.

**અરજીની પ્રક્રિયા**

- www.swavlambancard.gov.in નામની વેબસાઇટ પર જઇને અરજદાર સ્વયંની વિગતો ભરી જરૂરી પ્રમાણપત્રો અપલોડ કરીને યુડીઆઇડી કાર્ડ મેળવી શકે છે.
- યુનિક ડિસેબિલિટી આઇડી કાર્ડ ભારત સરકાર દ્વારા નિયુક્ત કરેલી પ્રિન્ટ એજન્સી મારફત લાભાર્થીના સરનામા પર પોસ્ટ દ્વારા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી**

- યુડીઆઇડી કાર્ડ માટે જિલ્લા કક્ષાએ સિવિલ હૉસ્પિટલના મુખ્ય તબીબી અધિકારી સહ સિવિલ સર્જન તથા મેડિકલ કોલેજોમાં તબીબી અધિક્ષકની કચેરીઓ સંપર્ક કરી શકાશે.
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા
- નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

**અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા**

દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર

**સત્તાવાર લિન્ક**

https://sje.gujarat.gov.in/dsd/Schemes/udid

# આર્થિક સહાયની યોજના
# (ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ)

### ઉદ્દેશ્ય

દિવ્યાંગજનો માટે સ્વરોજગારીની તકો પૂરી પાડી તેમની ઉત્પાદકતામાં વધારો કરવો

### આવક મર્યાદા

- ગ્રામ્ય : રૂ.૧,૬૦,૦૦૦
- શહેરી : રૂ.૨,૦૦,૦૦૦

### યોજના અંતર્ગત મળતી સહાય

- નાના વ્યવસાયો નોકરી વેપારમાં સ્વરોજગારીની રૂ.૩ લાખ સુધીની તક.
- ભારતમાં ઉચ્ચતર અભ્યાસ કે વ્યવસાયી તાલીમ માટે સહાય રૂ.૭.૫૦ અને વિદેશમાં શિક્ષણ માટે રૂ.૧૫.૦૦ લાખ.
- ખેતી વિકાસ માટે સહાય રૂ.૫ લાખ સુધી.
- વાહનો ખરીદી ભાડે આપવા સહાય રૂ. ૫ લાખ.
- મંદબુધ્ધિ લોકો માટે સહાય રૂ. ૩.૫૦ લાખ સુધી.
- વ્યાજનો દર - ૫૦,૦૦૦ સુધી ૫ %, ૧ લાખ સુધી ૬ %, ૫ લાખ સુધી ૬ %, ૫ લાખ ઉપર ૮ %, દિવ્યાંગ મહિલાને ૧ % રાહત.

### અરજીની પ્રક્રિયા

આર્થિક સહાયની યોજનાઓની કામગીરી માટે ગુજરાત રાજ્ય અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને નોડલ એજન્સી તરીકે નિમણૂક કરવામાં આવી છે. આથી તેમના દ્વારા આર્થિક સહાયની યોજનાઓનો લાભ દિવ્યાંગજનો સુધી પહોંચાડવામાં આવે છે.

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગર

### અરજી સાથે રજૂ કરવાનાં થતાં પુરાવા

- દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/Schemes/૧૫૭૫

# રાજ્ય પારિતોષિક

### ઉદ્દેશ્ય

દિવ્યાંગ બાળકના પ્રત્યેક વાલી/ મા-બાપને રાજ્ય પારિતોષિક યોજના થકી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

### પાત્રતાના ધોરણો

- આ યોજનાનો લાભ વેતન મેળવતા કર્મચારી અને સંસ્થાઓને મળવાપાત્ર નથી.
- દિવ્યાંગ બાળકના પ્રત્યેક વાલી/ મા-બાપને રાજ્ય પારિતોષિક યોજના અંતર્ગત લાભ આપવામાં આવે છે.
- જન્મથી કે પાંચ વર્ષની ઉંમરના સમયગાળામાં બાળક દિવ્યાંગ થયું હોય તેવા બાળકના વાલી/ મા-બાપ એવોર્ડ મેળવવાની પાત્રતા ધરાવે છે.
- દિવ્યાંગ વ્યક્તિના વાલી/ મા-બાપ એવોર્ડ મેળવવાની પાત્રતા ધરાવે છે.
- પોતાના બાળક માટે કે સમાજના અન્ય બાળકોના વિકાસ માટે વિશિષ્ટ કાર્યમાં જોડાઇ શિક્ષણ, વોકેશનલ ટ્રેનીંગ કે રમત ગમતના ક્ષેત્રે કોઇ વિશિષ્ટ યોગદાન આપેલું હોય તેવા વાલી/ મા-બાપ એવોર્ડ મેળવવાની પાત્રતા ધરાવે છે.
- બાળકનું સામાજિકરણ શરૂ કરી શિક્ષણ અને તાલીમ આપી સ્વાવલંબન ક્ષેત્રમાં મેળવેલ સિદ્ધિ માટે વાલી/ મા-બાપના યોગદાનને પ્રાધાન્ય આપવામાં આવશે.
- જે બાળકને શિક્ષણ અને તાલીમ આપવામાં આવી હોય અને તે બાળકે વિશિષ્ટ પ્રકારની સિદ્ધિ હાંસલ કરી હોય અને સમાજમાં રોલ મોડલ તરીકે પ્રગતિ સાધી હોય તેવા બાળકના વાલી/ મા-બાપને પ્રાધાન્ય આપવામાં આવશે અને તેઓ ખાસ પાત્રતા ધરાવે છે.
- આ એવોર્ડ એક કે તેથી વધુ બાળક હોય તેવા વાલી/ મા-બાપને ફક્ત એક જ બાળક માટે પુરસ્કૃત કરવામાં આવશે.
- વાલીએ દિવ્યાંગતાના લાભાર્થે તેમજ જાગૃત્તિ માટે કોઇ મહત્વનું  કાર્ય કર્યું હોય, વાલી મંડળ ચલાવતા હોય અથવા વાલી મંડળની પ્રવૃત્તિમાં સક્રીય હોય તેવો ખાસ પાત્રતા ધરાવે છે.

### યોજના અંતર્ગત મળતી સહાય

- દિવ્યાંગોના કલ્યાણ અર્થે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી બે સંસ્થાઓ અને બે વ્યક્તિઓને રાજ્ય પારિતોષિક આપવામાં આવે છે.

**પસંદગી પામેલ સંસ્થાને -**

પ્રથમક્રમને રૂ. ૫૦,૦૦૦ રોકડા અને પ્રશસ્તિપત્ર

દ્વિતિય ક્રમને રૂ. ૪૫,૦૦૦ રોકડા અને પ્રશસ્તિપત્ર

પસંદગી પામેલી વ્યક્તિને

પ્રથમક્રમને રૂ. ૨૦,૦૦૦ રોકડા અને પ્રશસ્તિપત્ર

દ્વિતિય ક્રમને રૂ.૧૫,૦૦૦ રોકડા અને પ્રશસ્તિપત્ર.

| **દિવ્યાંગતાનો પ્રકાર** | **પુરસ્કારની વિગત** |
|---|---|
| માનસિક ક્ષતિ માટે(ઓટિઝમ, સીપી, બહુદિવ્યાંગતા અને મંદબુદ્ધિ) કોઇપણ એક સંવર્ગ માટે પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર | વાલી, મા-બાપને રૂ. ૧૦૦૦૦ રોક્ડ |
| મૂક બધિર માટે (મૂક અને બધિર બંને દિવ્યાંગતા સાથે હોય તેવા) પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર | વાલી, મા-બાપને રૂ.૧૦૦૦૦ રોક્ડ |
| દ્રષ્ટિહીન માટે (લઘુ દ્રષ્ટિ, પૂર્ણ અંધ બંનેમાંથી કોઇ એક સંવર્ગને) પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર | વાલી, મા-બાપને રૂ. ૧૦૦૦૦ રોક્ડ |
| અસ્થિવિષયક દિવ્યાંગતા (૬૦ ટકાથી ઉપરની અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા હોય તેવા એક દિવ્યાંગ માટે) પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર | વાલી, મા-બાપને રૂ. ૧૦૦૦૦ રોક્ડ |

**અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી**

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

**અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા**

દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર

**સત્તાવાર લિન્ક**

https://sje.gujarat.gov.in/dsd/Schemes/૧૭૩૫

# દિવ્યાંગજન માટે રાષ્ટ્રીય એવોર્ડ

### ઉદ્દેશ્ય

- વર્ષ ૧૯૬૯માં સરકારે એમ્પ્લોયર અને કર્મચારીઓ તરીકે ઉત્કૃષ્ટ પ્રતિભાવાન દિવ્યાંગજનને રાષ્ટ્રીય પુરસ્કાર આપવાની યોજનાને મંજૂરી આપવામાં આવી. આ પુરસ્કાર વડે દિવ્યાંગજનોને લગતા મુદ્દાઓ પર લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવા અને સમાજના મુખ્ય પ્રવાહમાં તેમના યોગદાનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે આ એવોર્ડની યોજના અમલી છે.
- રાષ્ટ્રીય સ્તેર આ પુરસ્કાર દર વર્ષે ૩જી ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસ' પર ઉત્કૃષ્ટ વ્યક્તિઓ (દિવ્યાંગજન) અને દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે કામ કરતી વ્યક્તિઓ/સંસ્થાઓને આપવામાં આવે છે.
- દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, ૨૦૧૬ના અમલમાં આવવા સાથે w.e.f. ૧૯મી એપ્રિલ ૨૦૧૭, નવા કાયદા હેઠળ ઉલ્લેખિત અપંગતાઓની સંખ્યા ૭ થી વધીને ૨૧ થઈ. તદનુસાર, ૨જી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ ભારતના અસાધારણ ગેઝેટમાં સૂચિત રાષ્ટ્રીય પુરસ્કાર માર્ગદર્શિકા હેઠળ તમામ ૨૧ દિવ્યાંગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તીકરણ માટેના રાષ્ટ્રીય પુરસ્કારો માટેની માર્ગદર્શિકા ત્યારથી ૧૯મી જુલાઈ, ૨૦૨૨ના ભારતના અસાધારણ ગેઝેટમાં સરળ/સંશોધિત અને સૂચિત કરવામાં આવી છે. દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેના રાષ્ટ્રીય પુરસ્કારો માટેની સુધારેલી માર્ગદર્શિકા પુરસ્કારોની બે મુખ્ય શ્રેણીઓ પૂરી પાડે છે એટલે કે વ્યક્તિગત શ્રેષ્ઠતાની પ્રથમ શ્રેણી જેમાં પુરસ્કારોની ૬ પેટા-શ્રેણીઓનો સમાવેશ થાય છે.
- વ્યક્તિગત શ્રેષ્ઠતા માટે રાષ્ટ્રીય પુરસ્કારો

### અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી

  અથવા
- નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

### અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

દિવ્યાંગતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર

### સત્તાવાર લિન્ક

https://sje.gujarat.gov.in/dsd/Schemes/૧૭૩૭

https://depwd.gov.in/brief-about-national-awards/

# દીનદયાળ ડિસેબલ્ડ રિહેબિલિટેશન સ્કીમ (ભારત સરકાર)

## ઉદ્દેશ્ય

- દીનદયાળ દિવ્યાંગ પુનર્વસન યોજના (DDRS) એ ભારત સરકારની યોજના છે જે દિવ્યાંગ વ્યક્તિઓના શિક્ષણ અને પુનર્વસન માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે. આ યોજના વર્ષ ૧૯૯૯થી કાર્યરત છે.
- દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તીકરણ માટે સમાન તકો અને સક્ષમ સામાજિક વાતાવરણનું સર્જન કરવું.
- દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ-૨૦૧૬ના અસરકારક અમલીકરણ કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવું.

## પાત્રતાના ધોરણો

- સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ અથવા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના સંબંધિત કાયદા હેઠળ નોંધાયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ.
- જાહેર ટ્રસ્ટ કે જે કાયદા હેઠળ અસ્થાયીરૂપે નોંધાયેલી સંસ્થાઓ
- ચેરિટેબલ કંપની કે જે કંપની એક્ટ ૧૯૫૮ની કલમ ૨૫ હેઠળ લાઇસન્સ ધરાવતી હોય
- સંસ્થા ઓછામાં ઓછા બે વર્ષથી અસ્તિત્વમાં હોવી જોઈએ.
- સંસ્થા પાસે તેની શક્તિ, ફરજો અને જવાબદારીઓ સાથે લેખિતમાં યોગ્ય રીતે રચાયેલું સંચાલક મંડળ હોવું જરૂરી છે.
- સંસ્થા પાસે પ્રોજેક્ટ હાથ ધરવા માટે સંસાધનો, સુવિધાઓ અને અનુભવ હોવો આવશ્યક છે.
- સંસ્થાને કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના નફા માટે ચલાવવામાં આવતી ન હોવી જોઈએ.
- સંસ્થાએ કોઈપણ વ્યક્તિ અથવા જૂથ સાથે તેમના લિંગ, ધર્મ, જાતિ અથવા સંપ્રદાયના સંદર્ભમાં ભેદભાવ ન કરવો જોઈએ.

## યોજના અંતર્ગત મળતી સહાય

- ડીડીઆરએસ દિવ્યાંગ બાળકો માટે પ્રારંભિક હસ્તક્ષેપ કાર્યક્રમો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે. આ પ્રોગ્રામ્સ વિકાસલક્ષી વિલંબને ઓળખવામાં અને તેને ઉકેલવામાં મદદ કરે છે, જે બાળકના ભવિષ્યના પરિણામોને સુધારી શકે છે.
- ડીડીઆરએસ એવા કાર્યક્રમો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે જે દિવ્યાંગ વ્યક્તિઓને આત્મનિર્ભરતાથી જીવવા માટે જરૂરી કૌશલ્ય વિકસાવવામાં મદદ કરે છે. આ કાર્યક્રમોમાં રસોઈ, સફાઈ અને વ્યક્તિગત સંભાળ જેવી પ્રવૃત્તિઓની તાલીમનો સમાવેશ થાય છે.
- ડીડીઆરએસ દિવ્યાંગ બાળકો અને પુખ્તવયના લોકો માટેના શૈક્ષણિક કાર્યક્રમો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે. આ કાર્યક્રમોમાં મુખ્ય પ્રવાહનું શિક્ષણ,

વિશેષ શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમનો સમાવેશ હોઈ શકે છે.

- ડીડીઆરએસ કૌશલ્ય વિકાસ કાર્યક્રમો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે જે દિવ્યાંગ વ્યક્તિઓને રોજગાર શોધવામાં મદદ કરે છે. આ કાર્યક્રમોમાં કોમ્પ્યુટર કૌશલ્ય, ઓફિસ કૌશલ્ય અને વેપાર કૌશલ્યની તાલીમ હોઈ શકે છે.
- ડીડીઆરએસ દિવ્યાંગ વ્યક્તિઓના સ્ટાફ અને સંભાળ રાખનારાઓ માટેના તાલીમ કાર્યક્રમો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે. આ કાર્યક્રમો દ્વારા ક્ષમતા નિર્માણ અને દિવ્યાંગતાના મુદ્દાઓ વિશે જાગૃતતા પ્રસરાવવામાં આવે છે.
- ડીડીઆરએસ દિવ્યાંગ વ્યક્તિઓ માટે માળખાકીય સુવિધાઓના નિર્માણ અને અપગ્રેડેશન માટે સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે. આમાં રેમ્પ, સુલભ શૌચાલય અને વિશિષ્ટ સાધનોનો સમાવેશ થઈ શકે છે.
- આ ઉપરાંત, ડીડીઆરએસ દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તીકરણને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરે છે જે સ્વૈચ્છિક સંસ્થાઓને તેમના અધિકારોની હિમાયત કરવા માટે કામ કરે છે.

## અરજીની પ્રક્રિયા

- ગ્રાન્ટ-ઇન-એઇડ (GIA)ની માંગ કરતી એનજીઓ દ્વારા તમામ અરજીઓએ નીતિ આયોગના એનજીઓ દર્પણ પોર્ટલ (https://ngodarpan.gov.in/index.php/home) પર પોતાની નોંધણી કરાવવાની હોય છે.
- યુનિક ઓળખ પત્ર મેળવવાનું હોય છે.

## અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, દિવ્યાંગ કલ્યાણ શાખા, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૯

## અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા

- અરજી
- રજિસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ
- PWD એક્ટ ૧૯૯૫/RPwD એક્ટ,
- એક્ઝિક્યુટિવ કમિટીની વિગતો
- ભાડા કરારની પ્રમાણિત નકલ
- પ્રોજેક્ટનું સ્થાન
- સ્ટાફના સભ્યોની યાદી
- વિશિષ્ટ શિક્ષણનું પ્રમાણપત્ર
- લાભાર્થીઓની યાદી

- કુલ બજેટનો અંદાજ
- સ્થાવર અને જંગમ અસ્કયામતોની યાદી
- વાર્ષિક અહેવાલ/પ્રગતિ અહેવાલ
- એકાઉન્ટ્સ સ્ટેટમેન્ટ
- બેલેન્સ શીટ, રસીદ અને ચૂકવણી નિવેદન અને આવક અને ખર્ચ નિવેદન
- આઇટમ મુજબ ખર્ચનું વિભાજન
- ઠરાવ
- ઇન્ડેમ્નીટી બોન્ડ
- ગ્રાન્ટ-ઇન-એઇડ સીધી જ બેંક ખાતામાં મોકલવા માટેનો સત્તાવાર પત્ર

**સત્તાવાર લિન્ક**

https://sje.gujarat.gov.in/dsd/Schemes/૧૮૭૨

https://ngodarpan.gov.in/index.php/home



# સરકારી અધિકારી/ કર્મચારીના દિકરા/દીકરીને દીવ્યાંગતા આવતા કુટુંબ પેન્શનની સહાય...

ગુજરાત સરકારના નાણા વિભાગના તા.૦૫/૦૫/૨૦૧૬ના રોજનો ઠરાવ ક્રમાંક:-પરચ-૧૦૨૦૧૩-ઓ.૮૯-પી મુજબ નોકરી દરમિયાન અથવા નિવૃત્તિ પછી સરકારી કર્મચારી/અધિકારીના અવસાન બાદ જો તેમના દિકરા/દીકરીને પચીસ વર્સની વય પ્રાપ્ત કર્યા બાદ શારીરિક/માનસિક અશકતતા કે અંધત્વ આવે ત્યારે તેઓને કુટુંબ પેન્શનર ગણવામાં આવે છે. જે માટે કુટુંબ પેન્શનની રકમ તરીકે સરકારની લઘુત્તમ કુટુંબ પેન્શનની રકમ જ કુટુંબ પેન્શન તરીકે મળવા પાત્ર છે.

શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત કરેલ પુત્ર/પુત્રીઓને તેઓના પરણીત દરજ્જાને ધ્યાને લીધા વગર આજીવન કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શન મળવા પાત્ર છે.

જો પુત્ર/પુત્રી એ પછી ૨૫ (પચીસ) વર્ષ પહેલા શારીરિક/માનસિક વિકલાંગ/ અંધત્વ પ્રાપ્ત કરેલ હોય અને કુટુંબ પેન્શન મેળવતા હતા પરંતુ પરણિત દરજ્જાના કારણે કુટુંબ પેન્શન બંધ થયેલું હોય ત્યારે તેઓને હવેથી પરણીત દરજ્જાને ધ્યાને લીધા વગર કુટુંબ પેન્શનની ચૂકવણી કરવામાં આવે છે જોકે વચ્ચેના સમયગાળા માટે કોઈ તફાવત મળવાપાત્ર નથી.

જો કુટુંબમાં શારીરિક/માનસિક વિકલાંગ/ અંધત્વ ધરાવતા પુત્ર/પુત્રીઓની સંખ્યા એક કરતાં વધુ હોય તો કુટુંબ/પેન્શન લઘુત્તમ કુટુંબ પેન્શન આવા તમામ પુત્ર પુત્રીઓને સરખા ભાગે વહેંચવાનું રહેશે.

આ પ્રકારે કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શનની ચૂકવણી માટે આવક મર્યાદા ધ્યાને લેવા અંગેની વખતો-વખતની જોગવાઈઓ યથાવત રાખવામાં આવે છે.

# ગરીબી રેખા હેઠળ જીવતા દિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાયની સરકારની સંવેદના...

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર ક્રમાંક:અપગ/102009૫૨૧૬/છ. ૧, તા.૩૧.૭.૨૦૦૯ મુજબ ગુજરાત રાજ્યના ૭૫ ટકા કે તેથી વધારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવાની રાજ્ય સરકારની સંત સુરદાસ યોજના અમલમાં છે. જે શૂન્ય થી ૪૫ વર્ષ વયજૂથની દિવ્યાંગ વ્યક્તિઓને લાગુ પડે છે.

૪૫ વર્ષથી વધારે ઉંમરની ૭૫ ટકાથી વધારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નિયમોનુસાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ માસિક સહાય મેળવવા માટે લાયક ગણવામાં આવે છે. આ યોજનાનો લાભ ૮૦ % કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવે છે.

આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતમાં વસતા દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે. આ માટે ભારત સરકારની યોજનાઓ માટે પાત્રતા ધરાવતી ગરીબી રેખા હેઠળ જીવતા વ્યક્તિઓની યાદી ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ એન્ડ પોવર્ટી એલિવેશન તરફથી ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદીનો ઉપયોગ કરવાનો હોય છે.

**આર્થિક સહાયના ધોરણ :**

- શૂન્યથી ૧૭ વર્ષની ઉંમર પૂરી કરે ત્યાં સુધીની વિકલાંગ વ્યક્તિને માસિક રૂ.૨૦૦
- ૧૮ થી ૬૪ વર્ષની વય સુધીની દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ.૪૦૦
- ૬૪ વર્ષ પૂર્ણ કર્યા બાદ દિવ્યાંગજનને વૃદ્ધ સહાય યોજના અંતર્ગત આવરી લેવામાં આવે છે.
- વર્તમાન સમયમાં ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ રાજ્ય સરકારની યોજના હેઠળ માસિક સહાય મેળવવાપાત્ર બને છે. તે પૈકીની વિકલાંગ વ્યક્તિઓનો જો ઉપરની યોજનામાં સમાવેશ થતો ન હોય તો પણ તેઓને માસિક પેન્શન યોજના ચાલુ રાખવાની રહેશે. પરંતું નવી જાહેર કરાયેલી યોજનાઓમાં નવેસરથી દાખલ થતી દિવ્યાંગ વ્યક્તિને નવી યોજનાના ધોરણો જ લાગુ પડે છે.



# ૦૬




# વિવિધ સંસ્થાઓ અને નોકરીમાં અનામત

# વિવિધ સંસ્થાઓ અને
# નોકરીમાં અનામત

## આઈ.ટી.આઈ. માં ૪ ટકા બેઠકો અનામત

દિવ્યાંગ ઉમેદવારો માટે કુલ ભરવાપાત્ર બેઠકોની ૪ ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે. દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા અરજી કરતાં ઉમેદવારોએ સુપ્રિટેન્ડેન્ટશ્રી, નેશનલ કેરિયર સર્વિસ ફોર ડિફરન્ટલી એબલ્ડ, વોકેશનલ રિહેબિલિટેશન સેન્ટર ફોર હેન્ડીકેપ્ડ (વી. આર.સી.) ઈન્સ્ટિટ્યુટ આઈ.ટી.આઈ. હોસ્ટેલ કેમ્પસ, કુબેરનગર, અમદાવાદ તરફથી જે-તે વ્યવસાય માટે યોગ્યતાનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. આ માટે દિવ્યાંગ ઉમેદવાર પાસે ૪૦ ટકા કે તેથી વધુ ટકાવારી દર્શાવતું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. એક આંખે દિવ્યાંગતા ધરાવતી વ્યકિતનો દિવ્યાંગતાની વ્યાખ્યામાં સમાવેશ થશે નહીં. દિવ્યાંગ ઉમેદવારો માટે પ્રવેશ આપવામાં અનામત રાખવામાં આવતી ૪ બેઠકોનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે મહાનિર્દેશાલય, શ્રમ અને રોજગાર, નવી દિલ્હી દ્વારા ઈજનેરી તથા બિન ઈજનેરી વ્યવસાયમાં પ્રવેશ આપવા માટે વિવિધ પ્રકારની શારીરિક ક્ષતિ ધરાવતાં ઉમેદવારો માટે જુદા-જુદા વ્યવસાયોની ભલામણો કરવામાં આવી છે, જે અંગેની માહિતી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાંથી મળી શકશે.

**વધુ માહિતી માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/કેન્દ્રોની પ્રવેશ માહિતી પુસ્તિકા જોવા વિનંતી**

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, (ISO ૯૦૦૧:૨૦૦૦ Certified Organisation) બ્લોક નં. ૧, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦. ફોન : ૦૭૯-૨૩૨૫૩૮૧૨, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૩૮૩૫

Website: www.talimrojgar.org • e-mail: jddir-det@gujarat.gov.in

**સરકારી નોકરીમાં ૪ ટકા અનામત જગ્યાઓ**

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦.૧૧.૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:સી.આર.આર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨થી રાજ્ય સરકારની સેવાઓ અને જગાઓમાં સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

**સીધી ભરતીના કિસ્સામાં અનામતની પરસ્પર અદલાબદલી અને આગળની ભરતીમાં તેને સ્થાન આપવા અંગે:**

- કોઈ એક (મૂળ/પ્રથમ) ભરતી પ્રસંગે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય દિવ્યાંગ વ્યક્તિ ન મળવાના કારણે અથવા અન્ય કોઈ પર્યાપ્ત કારણોને લીધે જો કોઈ ખાલી જગ્યા ભરી ન શકાય, તો આવી ખાલી જગ્યા ત્યારપછીના (બીજા) ભરતી પ્રસંગમાં આપવાની રહેશે.

- જો તે(બીજા) ભરતી પ્રસંગે પણ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય વ્યક્તિ ન મળે, તો પ્રથમ તે ખાલી જગ્યા નીચેના ચાર જૂથ મુજબની બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગરી (કક્ષા/ખંડ) પૈકી અંદરો-અંદર અદલાબદલીથી જૂથ દીઠ ૧%ના ધોરણે ભરવાની રહેશે.

જૂથ (A) ખંડ (a) અંધત્વ અને ઓછી દ્રષ્ટિ.

જૂથ (B) ખંડ (b) બધિર અને ઓછું સાંભળનાર,

જૂથ (C) ખંડ (c) મગજનો લકવો, રક્તપિત્તની સારવારમાંથી પસાર થયેલી વ્યક્તિ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલી વ્યક્તિ અને નબળા સ્નાયુઓની દિવ્યાંગતા સહિતની હલન ચલનની દિવ્યાંગતા

જૂથ (D) ખંડ (d) સ્વલીનતા, બૌદ્ધિક દિવ્યાંગતા ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી

ખંડ (e) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (a) થી (d) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા.

તેમ છતાં, તે(બીજા) ભરતી પ્રસંગે પણ ઉક્ત ચાર જૂથ પૈકીની બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી કોઇ યોગ્ય વ્યક્તિ ઉપલબ્ધ ન થાય ત્યારે જ નિયોક્તા ઉક્ત ખાલી જગ્યા, બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ સિવાયની વ્યક્તિથી ભરી શકશે.

- જ્યારે કોઈ એક કે તેથી વધુ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝના જૂથને (A. B. C અને D) ભરતી માટે સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી હોય ત્યારે આવી મુક્તિ હેઠળની અનામત ખાલી જગ્યાઓની વહેંચણી અન્ય બેન્ચમાર્ક ડિસેબિલિટીઝના જૂથમાં સરખેભાગે કરવાની રહેશે અને તે મુજબની રોસ્ટર રજિસ્ટરમાં તેની નિભાવણી કરવાની રહેશે.
- બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ પૈકીની કોઈપણ કેટેગરીની દિવ્યાંગતા ધરાવતી યોગ્ય વ્યક્તિ ન મળવાના કારણે અથવા કોઈપણ યોગ્ય કારણોસર જો કોઈ અનામત ખાલી જગ્યા ન ભરી શકાય તો આવી ખાલી જગ્યા “અનામત જગ્યાની ઘટ” તરીકે ત્યારપછીના ભરતી પ્રસંગે આગળ વધારવાની રહેશે.
- ત્યારપછીના (બીજા) ભરતી પ્રસંગે "અનામત જગ્યાની ઘટ” પ્રથમ ભરતી પ્રસંગે જે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ માટે અનામત રાખેલી તે માટે અનામત ગણવાની રહેશે. તેમ છતાં, જો બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય વ્યક્તિ ન મળે તો નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગરી પૈકી અંદરો-અંદર અદલાબદલીથી ભરી શકાશે. ત્યારપછીના (બીજા) ભરતી પ્રસંગે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય વ્યક્તિ ઉપલબ્ધ ન થાય તેવા કિસ્સામાં, આવી અનામત ખાલી જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ સિવાયની વ્યક્તિથી ભરી શકશે. તે (બીજા) ભરતી પ્રસંગે જો આવી ખાલી જગ્યા જે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ માટે અનામત રાખેલી હોય તેવી બેન્ચમાર્ક

ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિ અથવા નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગરી પૈકી અંદરોઅંદર અદલાબદલીથી ભરાઈ હોય તો આ ખાલી જગ્યા અનામતથી ભરાઈ છે તેમ ગણવાનું રહેશે. પરંતુ, જો આવી અનામત ખાલી જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી સિવાયની વ્યક્તિથી ભરાઈ હોય તો આવી ખાલી જગ્યાની અનામતની ઘટ ત્યારપછીના બે (ત્રીજા અને ચોથા) ભરતી પ્રસંગ સુધી આપવાની રહેશે. ત્યારબાદ આ અનામત જગ્યા રદ (Lapse) થશે. આવા ત્યારપછીના બે (ત્રીજા અને ચોથા) ભરતીપ્રસંગે પણ અનામત ખાલી જગ્યા ભરવાની કાર્યપદ્ધતિ અગાઉ બીજા ભરતી પ્રસંગે દર્શાવેલી છે તે મુજબ જ ભરવાની રહેશે.

- સંબંધિત સરકારી મહેકમે ભરતીની યોગ્ય પ્રક્રિયા: જેવી કે, ભરતીને સુસંગત ખાલી જગ્યાઓમાં બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિઓની અનામત ખાલી જગ્યાઓની સ્પષ્ટ વિગતો દર્શાવતી જાહેરાત પ્રકાશિત કરી હોય તો જ નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગરી પૈકીમાંથી અંદરોઅંદર અદલાબદલીથી ભરી શકાશે.

- જો આગળના ભરતી પ્રસંગની કોઈ ઘટ હોય તો બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતા ઉમેદવારોની ભરતીની ગણતરી (સરભર કરવા માટે) સૌ પ્રથમ ખેંચાયેલ ઘટની સામે ક્રમાનુસાર (i n chronological order-જે ઘટ પહેલા ઊભી થઈ હોય તે પહેલા) ગણવાની રહેશે. જેથી, અનામત ખાલી જગ્યાની ઘટ રદ (Lapse) થવાના પ્રસંગ ઓછામાં ઓછા રહે. જો તમામ ખાલી જગ્યાઓ પર નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી વ્યકિત ન મળે, તો અગાઉના વર્ષની ખેંચાયેલ ખાલી જગ્યાની ઘટ સૌ પ્રથમ ભરવાની રહેશે, અને હાલના ભરતી પ્રસંગની અનામત ખાલી જગ્યા ન ભરાવાના કિસ્સામાં તે ખાલી જગ્યા ત્યારપછીના ભરતી પ્રસંગે ખેંચવાની રહેશે. બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિની અગાઉની ખેંચાયેલ જગ્યાઓની ગણતરી સાથેની અનામત જગ્યાઓની માહિતી ઉમેદવારોની જાણ માટે સંબંધિત જાહેરાતમાં દર્શાવવાની રહેશે.

સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ભરતી એજન્સીઓને મોકલવાના માંગણા પત્રકના પરિશિષ્ટમાં સંવર્ગની નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝને સુસંગત જૂથવાર જગ્યાઓ દર્શાવવાની રહેશે. વધુમાં, બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય દિવ્યાંગ વ્યક્તિ ન મળે તો નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગરી પૈકી અંદરોઅંદર અદલાબદલીથી જગ્યા ભરવાની કાર્યપદ્ધતિ જળવાય તે માટે દરેક ભરતી પ્રસંગે રોસ્ટર રજિસ્ટર અદ્યતન કરી, સામાન્ય વહીવટ વિભાગની તા.૨૨-૪-૮૩ તેમજ વખતોવખતની સુચનાનુસાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસેથી રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરાવ્યા બાદ માંગણાપત્રકમાં જે-તે જૂથ હેઠળ આવરી લેવાની ભરવાપાત્ર ખાલી જગ્યાઓની સંખ્યા પ્રથમ ભરતી પ્રસંગ કે ત્યાર પછીના ભરતી પ્રસંગો માટે અલગ-અલગ દર્શાવવાની રહેશે. બેન્ચમાર્ક ડિસેબિલિટીઝની ખાસી જગ્યાઓ ભરવા ભરતી એજન્સીઓ દ્વારા પણ ભરતી અંગેની જાહેરાતમાં દિવ્યાંગ અનામતની ખાસી જગ્યાઓ, જૂથ તેમજ તે પૈકી કક્ષાવાર દર્શાવાની રહેશે. તેમજ ભરતી પરીક્ષાઓનું પરિણામ પણ તે મુજબ તૈયાર કરવાનું રહેશે.

# મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ ખેલાડીઓની રમત-ગમત ક્ષેત્રની વિશેષ સિદ્ધિનું ગૌરવ કર્યું

એશિયન પેરા ગેઇમ્સ-૨૦૨૩માં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ વિજેતા બે દિવ્યાંગ ખેલાડીઓને તેમની સિદ્ધિ માટે રાજ્ય સરકારની સેવામાં વર્ગ ૧ અને વર્ગ-૨માં નિમણૂક અપાશે. એશિયન પેરા ગેઇમ્સમાં પુરુષો માટેની ચેસ રમતના ગોલ્ડ મેડલ વિજેતા પ્રજ્ઞાચક્ષુ યુવા દર્પણ ઇનાણીની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર વર્ગ ૧ તરીકે નિયુક્તિ થશે. મહિલાઓ માટેની ચેસની રમતમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર પ્રજ્ઞાચક્ષુ ખેલાડી હિમાંશી રાઠીને તાલુકા વિકાસ અધિકારી વર્ગ-૨ તરીકે નિયુક્તિ મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એશિયન પેરા ગેઇમ્સમાં મેડલ મેળવીને દેશ અને રાજ્યનું નામ રોશન કરનારા બે દિવ્યાંગ ખેલાડીઓની વિશેષ સિદ્ધિને બિરદાવી તેના ગૌરવ સન્માન રૂપે રાજ્ય સરકારમાં વર્ગ ૧ અને વર્ગ-૨ તરીકે નિમણૂક આપવાનો સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવ્યો છે. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અમલી ગુજરાત ખેલકૂદ નીતિ-૨૦૧૬ અન્વયે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત રમતવીરોને પ્રોત્સાહન આપવામાં આવે છે. તદઅનુસાર, ઓલિમ્પિક, કોમનવેલ્થ અને એશિયન ગેઇમ્સમાં મેડલ પ્રાપ્ત કરનાર ખેલાડીઓને પુરસ્કાર ઉપરાંત રાજ્ય સરકારની વર્ગ ૧ અને વર્ગ-૨ની જગ્યા ઉપર નિમણૂકની ઓફર પણ આપવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રજ્ઞાચક્ષુ યુવાન શ્રી દર્પણ સતીશ ઇનાણીને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર વર્ગ-૧ તરીકે નિમણૂક આપવાની અનુમતિ આપી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચોથી એશિયન પેરા ગેઇમ્સમાં મહિલાઓ માટેની ચેસની રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવનાર પ્રજ્ઞાચક્ષુ સુશ્રી. હિમાંશી ભાવેશભાઈ રાઠીને તાલુકા વિકાસ અધિકારી વર્ગ ૨ તરીકે નિમણૂક આપવા મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આવી વિશ્વસ્તરીય રમત-ગમતમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનારા પ્રતિભા સંપન્ન ખેલાડીઓને રાજ્ય સરકારમાં નિમણૂક આપવાના અપનાવેલા આ અભિગમને પરિણામે વધુ ને વધુ ખેલાડીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે પ્રેરણા મળશે.

# દિવ્યાંગજનોના અધિકાર અધિનિયમ ૨૦૧૬ અંતર્ગત રાજ્ય દિવ્યાંગજન આયુક્ત

દિવ્યાંગ વ્યક્તિઓ માટે 'ડીમ્ડ સિવિલ કોર્ટ' તરીકે દિવ્યાંગજન આયુક્ત કચેરીને જાહેર કરવામાં આવી છે. જેથી દિવ્યાંગજનોને પ્રવેશ, ભરતી, બદલી, અનામત, પેન્શન, જમીન/પ્લોટ ફાળવણી, રોજગાર, અભ્યાસ અને દિવ્યાંગજનોના અધિકારોનો ભંગ થાય તેવા દરેક કિસ્સામાં અન્યાય સંબંધિત અરજદારની ફરિયાદો તેમજ અત્રેની કોર્ટ દ્વારા જાતે સુઓ મોટો કેસ દાખલ કરી, તેનું ઝડપી નિરાકરણ કરવામાં આવે છે. દિવ્યાંગ વ્યક્તિઓની સુવિધા માટે અહીંની કોર્ટ દ્વારા ઑફલાઇન તેમજ ઓનલાઈન એમ બંને રીતે કેસોની સુનાવણી હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૫૦૬ અને વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૪૦૮ કેસનો નિકાલ કરવામાં આવ્યો. જે પહેલાં જાણકારીના અભાવે વાર્ષિક ૫૦ થી ૧૦૦ જેટલા કેસ નોંધાતા હતા.

દિવ્યાંગજન આયુક્ત કચેરી દ્વારા કુલ ૦૮ અલગ- અલગ વલસાડ (ડાંગ), ગોધરા (પંચમહાલ મહીસાગર, દાહોદ), હિંમતનગર (સાબરકાંઠા, અરવલ્લી), પાલનપુર, રાજકોટ (સુરેન્દ્રનગર, મોરબી), સુરત(તાપી), ભાવનગર(અમરેલી, બોટાદ), મહેસાણા(પાટણ) અને ભુજ(કચ્છ) ખાતે જિલ્લાઓમાં મોબાઇલ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું.

મોબાઇલ કોર્ટની સાથે દિવ્યાંગ સર્ટિફિકેટ માટે મેડિકલ કેમ્પ તેમજ સ્વ-રોજગાર અને લોન સહાયની જાણકારી સમાજ સુરક્ષા, ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન, ગુજરાત રૂરલ લાઇવલીહુડ મિશન, ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણા વિકાસ નિગમ, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના સહયોગથી દિવ્યાંગોને સહાયરૂપ થવાની કામગીરી પણ કરવામાં આવે છે.

RPwD Act-૨૦૧૬ને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે આ કોર્ટ દ્વારા સુગમ્ય ભારત હેઠળ અલગ અલગ જિલ્લાઓમાં કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં સભ્ય સચિવ તરીકે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તેમજ સભ્ય તરીકે દિવ્યાંગજનને રાખવામાં આવ્યા છે.

'સુગમ્ય ભારત' અભિયાન હેઠળ દરેક કચેરી/બિલ્ડિંગોને સુગમ્ય બનાવવા માટે ડીમ્સ સિવિલ કોર્ટ દ્વારા અલગ અલગ કચેરીઓ/બેન્કો/મ્યુનિસિપલ કોર્પોરેશન/પ્રાઇવેટ બિલ્ડિંગો વિરુધ્ધ વર્ષ-૨૦૨૩-૨૪માં કુલ ૨૩૯ કેસો દાખલ કરવામાં આવ્યા છે. સુગમ્ય ભારત હેઠળ દિવ્યાંગજનો માટે વ્યવસ્થા ન હોવાને કારણે અત્રેની કોર્ટ દ્વારા રાણીપ એસ.ટી ડેપો તેમજ ગીતા મંદિર એસ.ટી ડેપોને દંડ કરવામાં આવ્યો. આ કચેરી દ્વારા દંડ ભરવા બજેટ હેડ પણ નક્કી કરવામાં આવ્યો છે. જેથી દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

ભરતીમાં ૪% અનામત: તેમજ રોસ્ટર રજિસ્ટર તેમજ બેક-લોગની કાર્યવાહી માટે ડીમ્સ સિવિલ કોર્ટ દ્વારા સુઓમોટો કેસ દાખલ કરવામાં આવ્યો. જેના સંદર્ભે હાલમાં ૨૧,૧૧૪ જગ્યાઓ દિવ્યાંગજનો માટે બેકલોગ આવ્યો છે. RPwD Act-૨૦૧૬ને કાર્યક્ષમ રીતે અમલ કરાવવા માટે આ કોર્ટ દ્વારા ગુજરાત સરકારના ૨૩ વિભાગોમાંથી ૧૩ વિભાગોને પક્ષકાર બનાવી સુઓ-મોટો કેસ દાખલ કર્યા છે.

# સરકારી નોકરીની જગ્યાઓમાં દિવ્યાંગજન Both Arm (BA) અને Both Leg (BL) માટે જોગવાઈ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯.૦૬.૨૦૨૩ના ઠરાવ ક્રમાંક-SJED/DIA/e-file/17/2023/1761/CHH-1માાં સુચવ્યા મુજબ સરકારી ભરતીની જગ્યાઓમાં દિવ્યાંગજન Both Arm (BA-બંને હાથ) અને Both Leg (BL-બંને પગ)ની દિવ્યાંગતા ધરાવતા હોય તેમને વિવિધ સરકારી સંવર્ગની ભરતી પ્રક્રિયામાં માન્ય રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બંને હાથ અને બંને પગની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઈ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવી જોઈએ.

આવા ઉમેદવાર લેખિત પરીક્ષા કે ઇન્ટરવ્યૂમાં ઉત્તીર્ણ થાય ત્યારબાદ જે-તે સંવર્ગની ફરજોના સંદર્ભમાં મેડિકલ બોર્ડનો અભિપ્રાય સંબંધિત વહીવટી વિભાગ દ્વારા મેળવી આ અભિપ્રાયના આધારે ઉમેદવાર જે-તે સંબંધમાં નિમણૂક માટે લાયક કે ગેરલાયક છે તે વહીવટી વિભાગ નક્કી કરશે.

# રાશનકાર્ડ માટે દિવ્યાંગતાના પ્રકાર અને ટકાવારીની સરળ સમજણ

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના તા.૧૫.૦૬.૨૦૧૯ના પત્ર ક્રમાંક એએવાય/૧૦૨૦૦૫/જીઓઆઈ/૧૧૭/પાર્ટ/ક મુજબ અત્યંત ગરીબ કુટુંબોને રાહત દરે અનાજ આપવા અને યોજનાના લાભાર્થીઓની પસંદગીના ધોરણો નક્કી કરવામાં આવે છે. આ યોજના હેઠળ અશક્ત વ્યક્તિઓને અંત્યોદય રેશનકાર્ડ આપવાની જોગવાઈમાં તેમની દિવ્યાંગતાના પ્રકાર અને નિશ્ચિત ટકાવારી બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે.

અસ્થિવિષયક, માનસિક પડકારતા, દ્રષ્ટિ વિષયક, મૂકબધિર અને સેરેબ્રલ પાલ્સી સહિત ૪૦% કે તેથી વધુ કોઈપણ પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને દિવ્યાંગ તરીકેના લાભો મળવા પાત્ર હોવાથી અંત્યોદય અન્ન યોજના હેઠળ અશક્ત વ્યક્તિઓને અંત્યોદય રેશનકાર્ડ આપતી વખતે ધ્યાનમાં રાખવામાં આવે છે.

# ૦૭



# પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગજનો માટે વિવિધ લાભો

# **પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગો માટે**
# વિવિધ લાભો

## પ્રજ્ઞાચક્ષુ-અલ્પ દ્રષ્ટિ દિવ્યાંગોની સંસ્થાઓ

| ક્રમ | સંસ્થાનું નામ | સરનામું | ફોન નંબર અને ઈ-મેઈલ એડ્રેસ |
|---|---|---|---|
| ૧. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ | જૈન દેરાસરની પાછળ, સ્ટેશન પ્લોટ, ધોરાજી-૩૬૦૪૧૦ | Phone: ૦૨૮૨૪-૨૨૩૫૦૨/૨૨૭૩૫૨<br>E-mail: aktrust@sancharnet.in |
| ૨. | બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએસન | જગદીશ પટેલ ચોક, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ | Phone: ૦૭૯-૨૬૩૦૪૦૭૦/૨૬૩૦૩૫૧૩<br>E-mail:bpaiceviad૧@sancharnet.in |
| ૩. | બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ | પંચમુખીની પાછળ, હનુમાન રોડ, પોસ્ટ બોક્ષ નં.૧૧૫, દાહોદ-૩૮૯૧૫૧ | Phone: ૦૨૬૭૩-૬૫૧૯૮૮/૬૫૧૯૮૯<br>E-mail: bwcdahod@yahoo.co.in |
| ૪. | કચ્છ વિકાસ ટ્રસ્ટ | રાધનપુર, પોસ્ટ : નાગોર, ભૂજ-૩૭૦૦૦૧ | Phone: ૦૨૮૩૨-૨૭૪૨૩૦/૨૭૪૨૮૦/ ૨૭૪૨૮૯<br>E-mail: kvtl@rediffmail.com |
| ૫. | નેશનલ એસોસિએસન ફોર ધ બ્લાઈન્ડ | એનએબી, સાબરકાંઠા જિલ્લા શાખા, શ્રીનગર રોડ નં.૧૦ ઈડર-૩૮૩૪૩૦ | Phone : ૦૨૭૭૮-૨૨૫૦૨૯૮ |
| ૬. | નેશનલ એસોસિએસન ફોર ધ બ્લાઈન્ડ | એલ.જી.- ૧૦ પેરાડાઈઝ ટાવર, રેલવે સ્ટેશન રોડ, જહાંગીર સિનેમા પાસે, નવસારી | Phone : ૦૨૬૩૭-૨૪૦૦૦૫, ૨૫૦૦૨૫ |
| ૭. | આશીર્વાદ ટ્રસ્ટ ફોર ડિસેબલ | પોલીસ સ્ટેશનની સામે, નેશનલ હાઈવે, સાયલા, જિ. સુરેન્દ્રનગર | Phone : ૦૨૭૫૫-૨૨૮૧૧૫<br>E-mail: atfdsayla@sanchan.net |
| ૮. | શ્રી અંધજન મંડળ | એરોડ્રામ રોડ, જામનગર, વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર | Phone : ૦૨૮૮/૨૭૭૧૨૩૨૪૮,૨૭૧૨૩૮૦<br>E-mail: pgmanrodi@yahoo.co.in |



# પ્રજ્ઞાચક્ષુ મહિલાઓ માટેની સૂક્ષ્મ-શાખ (માઈક્રો-ક્રેડિટ) પરિયોજના - 'સ્વયંસિદ્ધા' :

'સ્વયંસિદ્ધા” સૂક્ષ્મ-શાખ પરિયોજના ક્રિસ્ટોફેલ બ્લાઈન્ડેનમિશનની ભંડોળ સહાયથી દ્રષ્ટિક્ષતિ પામેલી મહિલાઓને તેઓને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પુનર્વસન મારફતે આત્મનિર્ભર બનાવવા માટે શરૂ કરવામાં આવી છે.

આ પરિયોજના હેઠળ ગુજરાત રાજ્યની રહેવાસી, ૧૮થી ૬૦ વર્ષની વયની અને દ્રષ્ટિક્ષતિ પ્રમાણપત્ર ધરાવતી કોઈ પણ મહિલાને રૂા. ૧૫,૦૦૦ અને ખાસ કિસ્સામાં રૂા.૨૫,૦૦૦ સુધીની સૂક્ષ્મ-શાખ (લોન) આપી તેઓને સ્વાવલંબી બનાવવા માટે સક્રિય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

“સ્વયંસિદ્ધા' સૂક્ષ્મ-શાખ પરિયોજના નીચે પ્રમાણેના હેતુઓ માટે દ્રષ્ટિક્ષતિ પામેલી અને પ્રજ્ઞાચક્ષુ મહિલાઓને ધિરાણ કરવા મદદરૂપ છે.

૧. ધંધાકીય કે કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા વિકસાવવા/સદ્ધર કરવા બનાવવા મૂડી અને અથવા કાર્યશીલ મૂડી પૂરી પાડવા.

૨. નિયોજકીય અને સંચાલકીય/પ્રશિક્ષણ મેળવવા.

૩. પ્રજ્ઞાચક્ષુ મહિલાઓમાં ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક અને તકનીકી તાલીમને ઉત્તેજન આપવા.

૪. તેઓમાં બહુ-કૌશલ્ય વિકસાવવા.

૫. હુન્નર, મનોરંજન કળાઓ અને કારીગરને પ્રોત્સાહન આપવા.

૬. તેઓ સ્વરોજગાર અને નોકરીઓ મેળવવાને લાયક બને તેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા,

૭. તેઓના રહેઠાણ કે ધંધાના મકાનોના બાંધકામને સમારકામ/સુધારા-વધારા કરવામાં સહાય કરવા,.

૮. વિશેષ જ્ઞાન અથવા વિશિષ્ટીકૃત તજજ્ઞતાનું જ્ઞાન મેળવવાના નિષ્ણાંત પ્રશિક્ષકો કે રમત-ગમત નિષ્ણાંત વ્યક્તિગત પ્રશિક્ષકો રાખી શકાય તે માટે તેમજ...

૯. તેઓ સામાજિક મુખ્ય પ્રવાહમાં એકરૂપ થવા તરફ દોરી જતી કોઈ પણ પ્રવૃત્તિ કરવા માટે.

ઉપરોક્ત કોઈ પણ માન્ય હેતુ(ઓ) માટે દરેક દૃષ્ટિક્ષતિ પામેલી મહિલાઓને વધુમાં વધુ રૂા. ૧૫,૦૦૦ની લોન એક સરખા ૩૬ હપ્તાઓમાં તેના ઉપર ૬%ના પ્રતિ વર્ષ વ્યાજના દરે પરત કરવાની શરતે અને ખાસ કિસ્સામાં તે વધુમાં વધુ રૂા.૨૫,૦૦૦નું કરજ એક સરખા હપ્તાઓમાં ૬ ટકાના પ્રતિ વર્ષ વ્યાજના દરે આપવામાં આવે છે. ખાસ કિસ્સાઓમાં સૂક્ષ્મ-શાખ વ્યવસ્થાપક સમિતિની પૂર્વ સંમતિથી દિવ્યાંગતા ધરાવતી બે કે વધુ મહિલાઓ જેમાંથી એક દ્રષ્ટિક્ષતિ પામેલી હોય તેઓ પણ માન્ય હેતુઓ મુજબની પ્રવૃત્તિઓ કરવા માટે સંયુક્ત રીતે લોન અરજી કરી શકે છે.

'સ્વયંસિદ્ધા' સૂક્ષ્મ-શાખ પરિયોજના હેઠળ દૃષ્ટિક્ષતિ પામેલી મહિલાઓને નિયમો અને શરતોને માટે નીચેની સંસ્થાનો સંપર્ક કરવો.

બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન (ઈન્ડિયા)-અંધજન મંડળ (જગદીશ પટેલ ચોક, સુરદાસ ચોક, વસ્ત્રાપુર. અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૩૦૩૫૧૨, ૨૬૩૦૪૦૭૦, ૨૬૩૦૫૦૮૨

# પ્રજ્ઞાચક્ષુ અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહતમાં છૂટછાટ

તા. ૫-૧-૭૯ના ઠરાવમાં જણાવ્યા મુજબનું શારીરિક ક્ષતિ અંગેનું તબીબી પ્રમાણપત્ર ધરાવતા હોય તથા વાહન-ભથ્થું મેળવતા હોય તેવા પ્રજ્ઞાચક્ષુ અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત ભોગવવા માટે નાણાં વિભાગના તારીખઃ ૨૨- ૧-૮૭ના ઠરાવની જોગવાઈમાં છૂટછાટ આપીને આવા દ્રષ્ટિહીન અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત હેઠળ ભાડાના ખાનગી વાહનમાં પ્રવાસ કરવાની છૂટ આપવામાં આવે છે. પરંતુ આવા વાહનો દ્વારા કરવામાં આવેલી મુસાફરી માટે તેઓને મળવાપાત્ર રેલવે ભાડાની મર્યાદામાં ચૂકવણી કરવાની રહેશે.

તા.૫-૧-૧૯૭૯ના ઠરાવની જોગવાઈ મુજબ જે પ્રજ્ઞાચક્ષુ કે વિકલાંગ કર્મચારીઓ વાહન ભથ્થું મેળવવાને પાત્ર હોય, પરંતુ આવા કર્મચારીઓ ઓફિસ કોમ્પલેક્ષમાં રહેતા હોવાને કારણે નાણાં વિભાગના તા.૨૭-૧-૮૮ના ઠરાવ મુજબ તેમને વાહન ભથ્થું ન મળતું હોય તેવા કર્મચારીઓને આ હુકમો હેઠળ ભાડાના ખાનગી વાહનમાં પ્રવાસ રાહત હેઠળ પ્રવાસ કરવાની છૂટ આપવામાં આવે છે.

# પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ માટેની હોસ્ટેલ

દ્રષ્ટિહીન ભાઈઓ, જેઓ અમદાવાદમાં નોકરી મેળવી શક્યા હોય પરંતુ અમદાવાદમાં મકાનની સગવડ ન હોય તેઓ માટે રહેવાની હોસ્ટેલ નીચેના સરનામે છે, જો ખાલી જગા હોય તો કન્સેશન ચાર્જથી રહેવાની સવલત મળે છે.

(૧) સાલ્વેશન આર્મી હોસ્ટેલ, અંધ પુરુષ છાત્રાલય, રાજપુર, હીરપુર, રેલવે વર્કશોપ સામે, રોડ નં. ૨૧, અમદાવાદ.

(૨) કૉલેજમાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ માટે એ-૧૨, નિરવ એપાર્ટમેન્ટ, જ્યોતિ આંખની હોસ્પિટલ પાસે, શાંતિવન ચાર રસ્તા, પાલડી, અમદાવાદ ખાતે સુરેન્દ્રનગરની પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ ચલાવે છે. ફોન. ૨૬૬૩૩૨૩૭.

# નોકરી કરતી પ્રજ્ઞાચક્ષુ બહેનો માટેની હોસ્ટેલ

અંધ કલ્યાણ કેન્દ્ર - ૨૦, નવરૂપ કોલોની આશ્રમરોડ, શાંતિનગર, અમદાવાદમાં ચાલે છે. તેમજ તેનું વિશાળ મકાન પરમસુખ સોસાયટીની પાછળ, વિહાર કોલોનીની સામે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦ ખાતે છે. જ્યાં પુનઃસ્થાપન કેન્દ્ર તથા નોકરી કરતી અંધ બહેનોને રહેવાની-જમવાની સગવડ મળી રહેશે.

# ગુજરાતમાં આવેલી બ્રેઈલ લાયબ્રેરીઓ-ટોકિંગ બુક લાયબ્રેરીઓ

૧. શ્રી સી.એન. બ્રેઈલ પુસ્તકાલય, અંધજન મંડળ, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ, જયાં ૧૩,૦૦૦ પુસ્તકો-વાર્તાઓ, નવલકથાઓ, સામાન્ય જ્ઞાનની પુસ્તિકાઓ. ટોકિંગ-બુક લાયબ્રેરી- ૧૦,૦૦૦ કેસેટોથી સુસજ્જ લાયબ્રેરી છે, જેનો ૪૦૦ નેત્રહીન વિદ્યાર્થીઓ લાભ લે છે.

૨. નવચેતન અંધજન મંડળ સંચાલિત જ્ઞાન જ્યોત અંધજન પુસ્તકાલય, કસ્ટમ ચેક પોસ્ટની બાજુમાં, નેશનલ હાઈવે નં.- ૮-એ, મુ.-ભચાઉ (જિ. કચ્છ)

૩. શ્રી અંધજન બ્રેઈલ પુસ્તકાલય, કોમર્શિયલ સેન્ટર, દક્ષિણ વિભાગ-ત્રણ દરવાજા, મુ. વિસનગર, જિ. મહેસાણા.

૪. અંધજન પુસ્તકાલય, આનંદ ભવન, યુગાન્ડા રોડ, મુ. પોરબંદર. અંધ સર્વોદય મંડળ સંચાલિત લાધીબહેન વાલજીભાઈ લોઢીયા અંધજન પુસ્તકાલયમાં બ્રેઈલ લિપિનાં ૮૦૦૦ પુસ્તકો છે. ગુજરાતભરનાં વિવિધ સ્થળે વસતા પ્રજ્ઞાચક્ષુ ભાઈ- બહેનોને ટપાલ દ્વારા પુસ્તકો મોકલવામાં આવે છે અને વાંચી લીધા પછી લાભાર્થી તે પરત કરે છે. પ્રજ્ઞાચક્ષુ માટેના પુસ્તક લેવડ-દેવડની ટપાલ સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

૫. શ્રી અંધજન કલ્યાણ મંડળ સંચાલિત બ્રેઈલ લાયબ્રેરી, કાન્તા સ્ત્રી વિકાસગૃહ સામે, ભક્તિનગર, સોસાયટી રોડ નં.૧ - રાજકોટ.

૬. શ્રી અંધજન બ્રેઈલ પુસ્તકાલય, ૯/ આનંદ સોસાયટી, મુ.-ઈડર (જિ.સાબરકાંઠા)

૭. ભાવનગરમાં વિદ્યાનગર ખાતે અંધ ઉદ્યોગ શાળામાં પ્રજ્ઞાચક્ષુઓ માટેની બ્રેઈલ લાયબ્રેરી ચાલે છે. આ પુસ્તકોમાં બાળ વાર્તાઓ, મહાપુરુષોના જીવન ચરિત્રો, નવલકથા, નવલિકા પાઠ્યપુસ્તકો, બ્રેઈલ મેગેઝિનો પણ છે. આ લાયબ્રેરીમાં હાલ ૭૨૦ બ્રેઈલ પુસ્તકો છે. આ ગ્રંથાલયના ૩૫૦ જેટલા સભ્યો છે. બ્રેઈલ પુસ્તકો તૈયાર કરવા માટે ખાસ લહિયાઓ પણ છે. અત્રે ઓડિયો કેસેટ લાઈબ્રેરી પણ છે. જેના સભ્યોની સંખ્યા ૧૭૫ છે. સંસ્થાએ બ્રેઈલ પુસ્તકો ઝડપથી તૈયાર કરવા બ્રેઈલ કોમ્પ્યૂટર પ્રેસ પણ તૈયાર કરેલી છે. આ માટે ડબેરી નામનો પ્રોગ્રામ રૂા.૩ લાખના ખર્ચે સ્વીડનથી આયાત કરવામાં આવ્યો છે. અહીં ખાસ પ્રજ્ઞાચક્ષુ બ્રેઈલ કોમ્પ્યુટર વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો છે.

૮. અમદાવાદની શેઠ માણેકલાલ જેઠાભાઈ (એમ.જે.) પુસ્તકાલય, એલિસબ્રિજ પોલીસ સ્ટેશન સામે, ટાઉનહોલની બાજુમાં બ્રેઈલ અને ટોકિંગ બુક લાયબ્રેરી છે. ચક્ષુવિહીન વિદ્યાર્થીઓ માટેનો આ વિશિષ્ટ વિભાગ ઉપલબ્ધ છે. અભ્યાસલક્ષી અને આનુષાંગિક વિષયોની ૪૦૦ જેટલી

ઓડિયો કેસેટ્સ આ વિભાગમાં છે. આ લાયબ્રેરીમાં પંડિત સમલાલજી શ્રાવ્ય વિભાગ છે. જેમાં પ્રજ્ઞાચક્ષુ મિત્રો સાહિત્ય સામગ્રીનો ઉપયોગ કરી શકે છે. શ્રાવ્ય સ્વરૂપે સાહિત્ય સામગ્રી મેળવી શકે તેમજ પુસ્તકાલયમાં આવી પુસ્તકોનું શ્રવણ કરી શકે તે માટે પુસ્તકાલયમાં ઈલેક્ટ્રિક પ્લગ સાથેના ટેબલ, ડીવીડી પ્લેયર, હેડફોન, કોર આઈ-૩ લાયસન્સ વર્ઝન સોફ્ટવેર તેમજ અન્ય જરૂરી સાધન સામગ્રી વસાવવામાં આવી છે.

૯. સુરતના નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં એક હજાર જેટલા પુસ્તકો છે, તેમાં અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી એમ ત્રણેય લિપીઓનો સમાવેશ થાય છે સાથે ઓડિયો કેસેટો પણ ઉપલબ્ધ છે.

૧૦. સરકારી મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ટાઉન હોલ પાસે, ગાંધીનગર ખાતે બ્રેઇલ પુસ્તકોનો અલગ વિભાગ શરૂ કરવામાં આવેલો છે.

## પ્રજ્ઞાચક્ષુ (અંધજનો માટે કેસેટ લાયબ્રેરી-સી.ડી. લાયબ્રેરી)

શ્રી ઈશ્વરભવન કેસેટ લાયબ્રેરી નવજ્યોત અંધજન મંડળ, હરી રાજ બિલ્ડિંગ ૧લો માળ, વ્યતિન ઓટોમોબાઈલના મેળા ઉપર, માળીનો ખાંચો, ખોડિયાર ચોક, પાલડી. અમદાવાદ-૩૮૦૦૭, મો.: ૯૪૭૯૮૧૯૦૯૯, ૯૯૨૫૩૯૪૦૯૨

પ્રજ્ઞાચક્ષુ છાત્રો માટે સમગ્ર રાજ્યમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના અભ્યાસ માટે બ્રેઈલ પુસ્તકોની સુવિધા છે, પરંતુ કોલેજમાં અભ્યાસ માટે બ્રેઇલ પુસ્તકોની સવલત ન હોઈ, કોલેજમાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી પણ ઓછી સંખ્યામાં હોઈ, કોલેજ છાત્રોને અભ્યાસ માટે કોલેજના પુસ્તકોની અવેજીમાં કેસેટો મળે તેમજ તેની ઓડિયો સી.ડી. મળે તે માટે સંસ્થાએ આવા તમામ પુસ્તકોની કેસેટ લાયબ્રેરી તેમજ સી.ડી.ઓની વ્યવસ્થા કરેલી છે. જે રાજ્યભરના પ્રજ્ઞાચક્ષુ અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ છાત્રોને ભાડેથી આપવાની વ્યવસ્થા કરેલી છે. આમ આ વ્યવસ્થાનો પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ અને બહેનો બહોળા પ્રમાણમાં લાભ લઈ અને પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બનાવી શકે છે.

## પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ દ્વારા દૂરદર્શન ઉપર સમાચાર

પ્રજ્ઞાચક્ષુઓ માટેની બ્રેઈલ લિપિના શોધક લૂઈ બ્રેઈલનો તા. ૪થી ડિસેમ્બર, તેના જન્મ દિને, તેની યાદમાં દર વર્ષે અમદાવાદ દૂરદર્શન (ટી.વી.) ઉપરથી સાંજનું સમાચાર બુલેટિન ૫૦ ટકા જેટલું બ્રેઈલ લિપિમાં તૈયાર કરી, પ્રજ્ઞાચક્ષુ દ્વારા પ્રસારિત કરવામાં આવે છે. જેનાથી પ્રજ્ઞાચક્ષુઓની કાર્યશક્તિનો સમાજના લોકોને ખ્યાલ આવે અને પ્રજ્ઞાચક્ષુઓને આ દ્વારા પ્રોત્સાહન મળે છે.

## પ્રજ્ઞાચક્ષુ-વિકલાંગ વ્યક્તિઓ માટે મલ્ટી કેટેગરી વર્કશોપ

શ્રવણમંદ વિકલાંગ વ્યક્તિઓને તાલીમ આપવા માટે મલ્ટી કેટેગરી વર્કશોપ ભારત સરકારની સહાયથી નીચે દર્શાવેલ સ્થળોએ ચલાવવામાં આવે છે.

૧. અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ

૨. અંધ કન્યા પ્રકાશ ગૃહ, મેમનગર, અમદાવાદ

૩. અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર, જામનગર.

## પ્રજ્ઞાચક્ષુ/હાથ કપાયેલ વિકલાંગ પરીક્ષાર્થીને લહિયાની મદદ-નિર્ધારિત સમય કરતાં ત્રીસ મિનિટનો વધુ સમય

અપંગત્વ ધરાવતા, શારીરિક પંગુતા ધરાવતા, ચામડીની બીમારીવાળા, Dyslexica કિડનીના રોગો, કેન્સર, થેલેસેમિયા, muscular dystrophy, myopathies, parkinson, hemophilia 3 dominant upper limbમાં ફેક્ચર કે સ્નાયુઓની ઈજાના જેવી ગંભીર પ્રકારની બીમારીથી પીડાતા હોય તેવા કે, અન્ય કોઈ કારણસર લખવાને અસમર્થ હોય તેવા ઉમેદવારોને લહિયાની સેવા જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરીથી કેન્દ્ર સંચાલકે સિવિલ સર્જન/આર.એમ.ઓ./આસિ. સર્જનથી ઉતરતા હોદ્દાની ન હોય તેવા તબીબી અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાથી પૂરી પાડવાની રહેશે.

આકસ્મિક સંજોગોમાં લખવાને અસમર્થ બનેલા ઉમેદવારને પણ લહિયાની સેવા પૂરી પાડવાની જોગવાઈ છે.

- જે ઉમેદવારો માટે લહિયાની વ્યવસ્થા થઈ હોય તેના માટે નિયત કરેલા અથવા ફાળવાયેલા કેન્દ્ર અને ખંડમાં પરીક્ષા આપવાની રહેશે.
- વિનિમય-૨૯(૩) મુજબ લહિયાની સેવા લેનારા ઉમેદવારે લહિયાને નિયત કરેલું મૂલ્ય ચૂકવવાનું રહેશે. આ માટેના દર પ્રતિ કલાક રૂ.૫૦ રહેશે. એટલે કે ત્રણ કલાકના પ્રશ્નપત્ર માટે લહિયાને રૂ. ૧૫૦ શુલ્ક (મહેનતાણું) ચૂકવવાનું રહેશે.
- લહિયાની સેવા મેળવનાર ઉમેદવારને પરીક્ષાના નિયત સમયગાળા ઉપરાંત અડધો કલાક (૩૦ મિનિટ)નો સમય વધારાનો મળવાપાત્ર રહેશે.

વિકલાંગોની રજૂઆત હતી કે તેઓની નાણાકીય સ્થિતિ સદ્ધર ન હોવાથી અને મોટાભાગના બીપીએલ હેઠળ આવતા હોવાથી સર્વે શિક્ષણાધિકારીઓને લહિયાની યાદી તૈયાર કરતી વખતે આ બાબતે કાળજી લઈ સમાજસેવા કરવા માગતા ઉમેદવારને પ્રાથમિકતા આપવા અને ગરીબ ઉમેદવારને શુલ્કરહિત લહિયાની સેવા મળે તેવું કરવા વિનંતી કરાઈ હતી.

# ૦૮



# પરિવહન

# પરિવહન

## વ્હીલચેર દ્વારા જ ફરી શકે તેવા સરકારી દિવ્યાંગ કર્મચારીઓને LTC રોકડમાં સહાય

તદ્દન દિવ્યાંગ (પેરાપ્લેજિકની ક્ષતિ ધરાવતા) જેઓ વ્હીલચેર દ્વારા જ હરી-ફરી શક્તા હોય તેવા સરકારી કર્મચારીઓને તથા જેઓને રાજ્ય સરકારના એલ.ટી.સી.ના નિયમો લાગુ પડે છે તેવા કર્મચારીઓને લાગુ પડશે. રજા પ્રવાસ રાહતનું રોકડમાં રૂપાંતર વધુમાં વધુ બે આખી ટિકિટની મર્યાદામાં તારીખ : ૧૬-૬-૨૦૦૧ના નાણાં વિભાગના ઠરાવ નં. મસભ- ૧૦૨૦૦૧-૭૬૫ ચ માં નિયત થયેલ અન્ય શરતોને આધીન કરવામાં આવશે.

## દિવ્યાંગ સરકારી કર્મચારીઓને વાહન પેશગી

રૂા. 3000 કે તેથી વધારે બેઝિક (મૂળ પગાર) ધરાવતા દિવ્યાંગ સરકારી કર્મચારીઓને પેટ્રોલ-ડીઝલ સંચાલિત મોટરાઈઝડ ટ્રાઈસિકલ ખરીદવા માટે, મોટર સાયકલ, સ્કૂટર સાઈડકાર સહિતના સાધનો અને મોપેડ પેશગી માટેની મહત્તમ મર્યાદા રૂા. 30,000 અથવા વાહનની અપેક્ષિત કિંમત પૈકી જે ઓછી હોય તેટલી રકમની પેશગી મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે (નાણાં વિભાગનો તા.3-3-૯૯નો ઠરાવ ક્રમાંક : નનમ-૧૦૯૯-ઓ-૧૬૫-ઝ.૧.) આવા કર્મચારીઓ પૈકી 3 ટકા કર્મચારીઓને પેશગી માટેની અગ્રતા યાદીમાં અગ્રતા આપી સમાવવાની પણ જોગવાઈ છે.

## દિવ્યાંગજનોને વાહન કર ભરવામાંથી મુક્તિ

ગૃહ વિભાગના તા.૧-૮-૭૨ના જાહેરનામા અન્વયે કોઈપણ દિવ્યાંગ વ્યક્તિ પોતાના ધંધા, રોજગાર કે નોકરી માટે ખાસ ડિઝાઈન કરાયેલા વાહન જો પોતે જ ચલાવતા હોય તો તેઓને મોટર વાહન કર ભરવામાંથી મુક્તિ મળે છે. પરંતુ હવે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૫-૬-૨૦૦૭ના જાહેરનામા અન્વયે જો આવું વાહન જાતે ન ચલાવતા હોય તો પણ પોતાના નામે રજિસ્ટર્ડ થયેલું હોય અને તે વાપરતા હોય તો પણ કર મુક્તિને પાત્ર છે. પરંતુ આવા એક જ વાહન માટે દિવ્યાંગ વ્યક્તિને કરમુક્તિ મળશે.

## રેલ્વે અંતર્ગત મળતા લાભ

મેઈલ / એક્સપ્રેસ ગાડીઓના મૂળ ભાડામાં દિવ્યાંગજનોને રાહત મળવાપાત્ર છે. આરક્ષણ ફી, સુપરફાસ્ટ સરચાર્જ વગેરે પૂરાં ભરવાના થાય છે. આ સહાય માત્ર ટિકિટબારી કે આરક્ષણ કેન્દ્ર પરથી જ

પ્રમાણપત્ર રજૂ કર્યેથી મળશે. ચાલુ મુસાફરી દરમિયાન અધવચ્ચેથી રાહતનો લાભ મળી શકે નહીં. આ સહાયનો લાભ લેનાર પ્રવાસીએ પ્રવાસ દરમિયાન રાહત ટિકિટ, ઓળખપત્ર તબીબી પ્રમાણપત્ર જે હોય તે સાથે રાખવું પડશે. જ્યારે સિનિયર સિટીઝને ઉંમરનો પુરાવો સાથે રાખવાનો રહે છે.

આ સહાય પેસેન્જર ગાડીઓમાં મળવાપાત્ર નથી. શતાબ્દી / રાજધાની / એક્સપ્રેસ ગાડીઓમાં પણ તા.૧-૭-૨૦૧૧થી રાહતનો લાભ શરૂ કરાયો છે.

આ માટે વધુ જાણકારી મહત્ત્વના રેલવે સ્ટેશનો તથા જનરલ મેનેજર, IRCTC, ચેમ્સફોર્ડ રોડ, નવી દિલ્હી પાસેથી અથવા રેલવેની વેબસાઈટ www.indianrailways.gov, and www.wr.railnet.gov.in ઉપરથી મળી શકે છે.

**નોંધ :** પશ્ચિમ રેલવેમાં લાંબા અંતરની ટ્રેનોમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે બે બેઠકો ઈયરમાર્ક કરવા બાબત.

હેન્ડિકેપ્ડ કન્સેશનલ ટિકિટ પર મુસાફરી કરતી શારીરિક દિવ્યાંગ વ્યક્તિઓ માટે સ્લીપર કલાસમાં બે બેઠકો/બર્થ ઈયરમાર્ક કરવામાં આવી છે. આ સુવિધાનો લાભ જે લોકો (૧) ઓર્થોપેડિકલી હેન્ડિકેપ્ડ/પેરા પ્લેજિક (૨) માનસિક રીતે નબળા (૩) દ્રષ્ટિહીન અને (૪) સંપૂર્ણપણે શ્રવણમંદ (બંને ક્ષતિ એક સાથે એક જ વ્યક્તિમાં હોવી જોઈએ) હશે તેઓ તેમજ હેન્ડિકેપ્ડ વ્યક્તિની જોડે મુસાફરી કરતી વ્યક્તિ પણ લઈ શકશે. આ બે બેઠકો/બર્થ માટેના રિઝર્વેશન ક્વોટા પશ્ચિમ રેલવેના તમામ રિઝર્વેશન કાઉન્ટરો પર ઉપલબ્ધ રહેશે. અમુક ટ્રેનોમાં ખાસ દિવ્યાંગો માટે અલગ કોચ પણ જોડવામાં આવે છે.

**યુનિક નંબરવાળું કાર્ડ :** રેલવે મુસાફરી કરતાં દિવ્યાંગ વ્યક્તિઓને યુનિક નંબરવાળું આઈડી કાર્ડ આપવામાં આવશે. જેના થકી તેઓ ઓનલાઈન બુકિંગમાં પણ ટિકિટ ઉપર કન્સેશન મેળવી શકશે. આ અંગે સિનિયર ટ્રીબ્યુનલ કોમર્શિયલ મેનેજર, વેસ્ટર્ન રેલવે, અમદાવાદને ઉદ્દેશીને અરજી કરવાની રહેશે. જેની સાથે રેલવે કન્સેશનનું અરજદારના ફોટા સાથેનું સહી સિક્કાવાળું પ્રમાણપત્ર, સિવિલ હોસ્પિટલના દિવ્યાંગતા દાખલાનું પ્રમાણપત્ર, જરૂરી પ્રમાણપત્રો, સરનામાનો પુરાવો (રેશન કાર્ડ / વીજળી બિલ / ઓળખપત્ર (ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ) તથા બે પાસપોર્ટ સાઈઝના ફોટા આપવાના રહેશે. અસલ પ્રમાણપત્રો રૂબરૂ બતાવી દરેકની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે.

રેલવેમાં હવે એકલા મુસાફરી કરનાર દિવ્યાંગોને કન્સેશનનો લાભ મળશે. જે નિયમનો અમલ તા. ૧૫-૯-૧૯થી શરૂ થઈ ગયો છે. અગાઉ દિવ્યાંગ સાથે સહપ્રવાસી હોય તો જ કન્સેશનનો લાભ મળતો હતો.

તાજેતરમાં રેલવેએ દિવ્યાંગો માટે કોચની લંબાઈ વધારવા તેમજ કોચના મુખ્ય દરવાજા પર રેમ્પ મૂકવાનો નિર્ણય લીધો છે. જેથી કોચમાં દિવ્યાંગો કોઈની મદદ વિના આરામથી જઈ શકશે.

## દિવ્યાંગજન કાર્ડ યુઝર મેન્યુઅલ ભારતીય રેલ્વે માટે

**અરજદારો માટે નોંધ:** હાલમાં ભારતીય રેલની ચોક્કસ સગવડો ફક્ત એવા અરજદારો માટે છે જેમના કેસની પ્રક્રિયા મુંબઈ (CSMT), સિકંદરાબાદ (SC), હૈદરાબાદ (HYB), ચેન્નાઈ સેન્ટ્રલ (MAS), દિલ્હી (DLI), અંબાલા (UMB), મુરાદાબાદ (MB), લખનઉ (LKO) અને ફિરોઝપુર (FZR) વિભાગો દ્વારા કરવામાં આવશે. અરજદારે જે રેલવે કન્સેશન સર્ટિફિકેટ હૉસ્પિટલથી મેળવ્યું છે તેની નજીકના રાજ્ય અને રેલવે સ્ટેશન પર પ્રોસેસિંગ ડિવિઝન આધારિત છે.

**નીચે દર્શાવેલ કેટેગરીના દિવ્યાંગ મુસાફરો ફોટો આઈડી કાર્ડ માટે અરજી કરવાપાત્ર છે. (IRCTC/કાઉન્ટર પર રાહત દરે રેલ ટિકિટો મેળવવા માટે):**

૧. ૧૦૦ ટકા દ્રષ્ટિહીન વ્યક્તિ

૨. માનસિક રીતે દિવ્યાંગ વ્યક્તિ કે જેઓ સહાયક વિના મુસાફરી કરી શકતા નથી.

૩. સંપૂર્ણ રીતે સાંભળવાની અને વાણીની ક્ષતિ ધરાવતી વ્યક્તિ (એક વ્યક્તિમાં બંને વિકલાંગતા એકસાથે હોય).

૪. ઓર્થોપેડિક રીતે દિવ્યાંગ વ્યક્તિ/દર્દીઓ જેઓ સહાયક વિના મુસાફરી કરી શકતા નથી.

   ૧. પ્રથમ વખત અરજદારોએ "New User"ના વિકલ્પનો ઉપયોગ કરીને સાઇન અપ કરવું જરૂરી છે.
   ૨. પ્રોફાઇલ બનાવતી વખતે, અરજદારે તેમના રાજ્ય અને નજીકના રેલ્વે સ્ટેશન (પ્રમાણપત્ર આપતી હોસ્પિટલનું સૌથી નજીકનું સ્ટેશન) યોગ્ય રીતે પસંદ કરવું જેથી આગળની પ્રક્રિયા માટે કેસ યોગ્ય વિભાગને મોકલવામાં આવે.
   ૩. આધાર ફરજિયાત નથી અને અરજદાર આધાર આઈડી આપ્યા વિના પણ નોંધણી કરાવી શકે છે.
   ૪. અરજદાર પાસે માન્ય એવો ફોન નંબર હોવો જરૂરી છે.
   ૫. એકવાર રજિસ્ટર થયાં બાદ, અરજદાર રજિસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા લૉગઈન કરી શકે છે અને જરૂરી વિગતો ભરી શકે છે.
   ૬. કાર્ડ જારી થયા બાદ કાર્ડ ધારકનું નામ, પિતાનું નામ, જન્મ તારીખ અને જરૂરી માહિતીમાં ફેર બદલ કરી શકાશે નહીં.
   ૭. અરજદારે નીચેના દસ્તાવેજોની સ્કેન કરેલી નકલ સાથે તૈયાર રહેવું (પ્રકારો: pdf, jpeg, jpg, png - મહત્તમ ૬૦૦ KB માન્ય છે)
      a. સરકારી ડૉક્ટર/સરકારી હોસ્પિટલ દ્વારા અપાયેલ તબીબી પ્રમાણપત્ર
      b. રેલવે કન્સેશન સર્ટિફિકેટ

c. પાસપોર્ટ સાઇઝનો ફોટો

d. જન્મ તારીખનો પુરાવો:

I. જન્મ અને મૃત્યુના રજિસ્ટ્રાર અથવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલ જન્મનું પ્રમાણપત્ર

ii. સ્થળાંતર/શાળા છોડવાનું/મેટ્રિકનું માન્યતા પ્રાપ્ત કરેલું શૈક્ષણિક બોર્ડ દ્વારા જારી કરેલું પ્રમાણપત્ર

iii. પાસપોર્ટ

iv. આધાર કાર્ડ/ ડાઉનલોડ કરેલ આધાર (ઈ-આધાર)

v. પાન કાર્ડ

vi. મતદાર આઈડી

vii. લેટરહેડ પર ગ્રુપ-એ ગેઝેટેડ અધિકારી અથવા મામલતદાર દ્વારા જારી કરાયેલું જન્મ તારીખનું પ્રમાણપત્ર

viii. સંસ્થાના તેમના સત્તાવાર લેટરહેડ પર અનાથાશ્રમ/બાળ સંભાળ ગૃહના વડા દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર

e. ફોટો આઈડી પુરાવો:

i. આધાર કાર્ડ/ડાઉનલોડ કરેલું આધાર (ઈ-આધાર)

ii. પાસપોર્ટ

iii. આયકર વિભાગ દ્વારા ઈસ્યુ પાન કાર્ડ

iv. ભારતના ચૂંટણી પંચ દ્વારા અપાયેલું મતદાર ઓળખ કાર્ડ

v. આરટીઓ દ્વારા અપાયેલું ડ્રાઈવિંગ લાઇસન્સ

vi. કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા અપાયેલું સીરીયલ નંબર ધરાવતું ફોટો ઓળખ કાર્ડ.

vii. રાજ્ય/કેન્દ્ર સરકારના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, જિલ્લા વહીવટીતંત્ર, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પંચાયત તંત્રો દ્વારા અપાયેલું સીરીયલ નંબર ધરાવતું ફોટો ઓળખ કાર્ડ.

viii. માન્યતા પ્રાપ્ત શાળા/કોલેજ દ્વારા તેમના વિદ્યાર્થીઓ માટે અપાયેલું ફોટોગ્રાફ સાથેનું વિદ્યાર્થી ઓળખ કાર્ડ.

ix. કરંટ બેંક ખાતાની ફોટો પાસબુક (ફક્ત રજિસ્ટર્ડ જાહેર ક્ષેત્રની બેંકો, અનુસૂચિત ખાનગી ક્ષેત્રની ભારતીય બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો)

x. લેમિનેટેડ ફોટોગ્રાફ સાથે બેંકો દ્વારા ઈસ્યુ કરાયલું ક્રેડિટ કાર્ડ/ રાશન/પીડીએસ ફોટો કાર્ડ.

xi. લેટરહેડ પર ગેઝેટેડ ઓફિસર અથવા મામલતદાર દ્વારા જારી અપાયેલું ફોટો ધરાવતું ઓળખનું પ્રમાણપત્ર.

૮. અરજદારે તમામ દસ્તાવેજોની સ્વ પ્રમાણિત સોફ્ટ કોપી અપલોડ કરવી જરૂરી છે.

૯. કન્સેશન સર્ટિફિકેટમાં ડૉક્ટરનું નામ, રજિસ્ટ્રેશન નંબર અને દિવ્યાંગતાની પ્રકૃતિનો સ્પષ્ટ ઉલ્લેખ તથા અપલોડ કરાયેલા કન્સેશન સર્ટિફિકેટમાં વાંચી શકાય તેવું હોવું જોઈએ.

૧૦. હોસ્પિટલની વિગતો ભરતી વખતે, અરજદારે રાજ્ય અને હોસ્પિટલ શહેરનું યોગ્ય ફીડિંગ સુનિશ્ચિત કરવું.

૧૧. એકવાર વિગતો આપ્યા બાદ, અરજદાર અરજી સબમિટ કરી શકે છે. અરજીની સ્થિતિ અરજદાર ડેશબોર્ડ પર જોઈ શકે છે.

૧૨. અરજી સબમિટ કર્યાં બાદ કોઈપણ વિગતોને સુધારવાની પરવાનગી નથી, તેથી ઓનલાઈન કાર્ડ એપ્લિકેશન સબમિટ કરતા પહેલા, દાખલ કરેલી બધી માહિતીની સચોટતા ચકાસી લેવી.

૧૩. જો અરજીની વિગતો સંપૂર્ણપણે ન ભરાઈ હોય, તો અરજદાર તેને ડ્રાફ્ટ તરીકે સાચવી શકે છે. જો કે, તે પ્રોફાઇલ બનાવ્યાના એક મહિનાની અંદર સબમિટ કરવાની રહેશે. નહીં તો સમય મર્યાદા પૂર્ણ થતાં નવી નોંધણી કરવી પડશે.

૧૪. ઓનલાઈન અરજી ફોર્મ ભરતી વખતે, અરજદારે ધ્યાનમાં રાખવું કે યોગ્ય એન્ટ્રી થાય નહીં તો અરજી નકારવામાં આવશે.

૧૫. જો અરજી નકારવામાં આવે તો (અરજીની સ્થિતિમાં ઉલ્લેખિત અસ્વીકારનું કારણ), અરજદારને ઓનલાઈન અરજીમાં અથવા અપલોડ કરેલા દસ્તાવેજોમાં જરૂરી સુધારા કર્યા પછી ફરીથી અરજી કરવાની મંજૂરી આપવામાં આવે છે.

૧૬. કોઈપણ ફરિયાદ માટે, યુઝર્સ https://pgportal.gov.in/ પર અથવા પ્રોફાઇલ વિકલ્પમાં ઉપલબ્ધ પ્રતિસાદ ફોર્મનો ઉપયોગ કરીને (લૉગઆઉટ બટન ઉપરાંત) તેમની ફરિયાદો નોંધાવી શકે છે.

૧૭. કાર્ડની મંજૂરી પછી, અરજદાર રજિસ્ટર્ડ મોબાઇલ નંબર સાથે લૉગ ઇન કર્યા પછી કાર્ડ જોઈ અને ડાઉનલોડ કરી શકે છે તથા જનરેટ કરાયેલું કાર્ડ પ્રિન્ટ કરી શકે છે.

## એસ.ટી. બસ સેવા અંતર્ગત મળતા લાભ

સરકાર દ્વારા તા. ૨૧-૪-૨૦૧૬ના ઠરાવથી, આ તારીખથી અમલમાં આવે તે રીતે નીચેની સવલતો આપવાની જાહેરાત કરવામાં આવી છે.

૧. દિવ્યાંગોએ દર પાંચ વર્ષે દિવ્યાંગ ઓળખપત્ર રીન્યુ કરાવવું પડે છે તેમાં સુધારો કરીને તેમને હવે કાયમી ધોરણે દિવ્યાંગ ઓળખપત્ર આપવામાં આવશે.

૨. દિવ્યાંગ વ્યક્તિની આવકમર્યાદાની જોગવાઈ રદ કરવામાં આવી છે.

૩. દિવ્યાંગોને હાલ ફક્ત સાદી અને એક્સપ્રેસ બસમાં જ વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળે છે તેના બદલે ગુર્જરનગરી, ઈન્ટરસિટી, લક્ઝરી અને વોલ્વો બસ સહિત તમામ પ્રકારની બસોમાં મુસાફરીનો લાભ મળવાપાત્ર થશે.

૪. ૪૦% કે તેથી વધુ અસ્થિ વિષયક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને આ યોજનાનો લાભ મળશે તથા ૭૦થી ઓછા બુદ્ધિઆંકવાળી માનસિક પડકાર ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને તથા તેના સહાયકને પણ વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળશે.

૫. હાલ અંધ કે મૂક-બધિર વ્યક્તિના કિસ્સામાં ફક્ત ૧૦૦ ટકા અંધત્વ કે ૧૦૦ ટકા મૂક-બધિરપણું ધરાવતી વ્યક્તિને જ યોજનાનો લાભ મળે છે, તેમાં સુધારો કરી હવે તીવ્ર દિવ્યાંગતા ધરાવતી એટલે કે ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ કે ૮૦ ટકા કે તેથી વધુ મૂક-બધિરપણું ધરાવતી વ્યક્તિને પણ આ યોજનાનો લાભ મળશે.

- ૮૦ ટકા કે તેથી વધુ દ્રષ્ટિ વિષયક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.
- ૮૦ ટકા કે તેથી વધુ મૂક-બધિરપણું ધરાવતી વ્યક્તિને પોતાને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. પરંતુ તેના સહાયકને લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- ૭૫ ટકાથી વધુ અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે જ્યારે તેના સહાયકને ટિકિટભાડામાં ૫૦ ટકા રાહત મળવાપાત્ર રહેશે.

૬. નવું ઓળખપત્ર ન મળે ત્યાં સુધી હાલના ઓળખપત્રો ઉપર આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. આ યોજનાનો અમલ તા. ૨૧-૪-૨૦૧૬થી કરવામાં આવ્યો છે.

## દિવ્યાંગજનોની વાહનમાં મળતી મુક્તિની યાદી

- RTO Tax -100% માફી
- GST Tax -10 % માફી (વાહન પેટ્રોલ-૧૨૦૦ CC/ ડીઝલ-૧૫૦૦ CC/ ૪-મીટર લંબાઈ સુધી)
- વાહન મ્યુનિસિપલ કોર્પોરેશન ટેક્ષ-100 % માફી
- વાહન વીમો -50 % માફી
- વાહન ટોલ ટેક્ષ -100 % મુક્તિ

# દિવ્યાંગજનો માટે વપરાતા વાહનમાં દિવ્યાંગતા પ્રમાણે કરવાના રહેતા ફેરફારો

| ક્રમ | દિવ્યાંગતાનો પ્રકાર | For manual Transmission Vehicles | For Auto Transmission Vehicles |
|---|---|---|---|
| ૧ | Left Lower Limb (ડાબું નીચલું અંગ) | ક્લચ કંટ્રોલ ઓટો/મેન્યુઅલ ડાબા હાથેથી | કોઈપણ પ્રકારના ફેરફારોની આવશ્યકતા નથી |
| ૨ | Right Lower Limb (જમણું નીચલું અંગ) | બ્રેક અને એક્સિલેટરનું નિયંત્રણ | એક્સિલેટર એક્ષટેન્શન ડાબી બાજુના પગમાં રાખવું |
| 3 | For both lower limbs (બંને બાજુના નીચલા ભાગ ) | ક્લચ, બ્રેક અને એક્સિલેટર ત્રણેયનું નિયંત્રણ ડાબા હાથમાં | બ્રેક અને એક્સિલેટરનું નિયંત્રણ ડાબા હાથમાં |
| ૪ | For any one upper limb (કોઈપણ એક ઉપરના શરીરનો ભાગ) | લાગુ પડતું નથી | સ્ટીયરીંગ વ્હીલ પર નોબ અને સિગ્નલનું નિયંત્રણ |
| ૫ | For Short Height Person (ટૂંકી ઊંચાઈના વ્યક્તિ માટે) | લાગુ પડતું નથી | બ્રેક અને એક્સિલેટરનું નિયંત્રણ ડાબા હાથમાં અથવા પગમાં એક્ષટેન્શન અને ઊંચાઈ પ્રમાણે આવશ્યક ફેરફારો |
| ૬ | For Hearing Impaired Person (સાંભળવાની ક્ષમતામાં ક્ષતિ) | Considered (ધ્યાનમાં લેવું) | Considered (ધ્યાનમાં લેવું) |
| ૭ | For Monocular Vision (એક આંખની દ્રષ્ટિવાળી વ્યક્તિ) | Considered (ધ્યાનમાં લેવું) | Considered (ધ્યાનમાં લેવું) |

૦૮



# કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી

# કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી

## બર્થ ડિફેક્ટ સ્ક્રિનિંગ કોકલીયર ઈમ્પ્લાન્ટ

ગુજરાત રાજ્યમાં વર્ષ ૧૯૯૭માં શાળા આરોગ્ય કાર્યક્રમ આરોગ્ય વિભાગે અમલી કરેલો પ્રોગ્રામ છે અને વર્ષ ૨૦૧૪ થી ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ શરૂ કરાયો છે. આમ વર્ષ ૨૦૧૪થી ગુજરાત રાજ્યમાં આ કાર્યક્રમ "શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (SH–RBSK)" તરીકે જાણીતો બન્યો છે.

- SH–RBSK અંતર્ગત રાજ્યના તમામ ડિલિવરી પોઇન્ટ ખાતે દરેક નવજાત શીશુનું બર્થ ડિફેક્ટ સ્ક્રિનિંગ કરવામાં આવે છે. વધુમાં ગૃહ મુલાકાત દરમિયાન કે આંગણવાડી કેન્દ્ર ખાતે આરોગ્ય તપાસ દરમિયાન મળેલા શંકાસ્પદ જન્મજાત પ્રોફાઉન્ડ હીયરીંગ લોસ ધરાવતા બાળકોને વધુ તપાસ માટે મેડીકલ કોલેજ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે.
- ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ નિદાન, રિફર અને સારવાર માટે રાજ્યમાં કુલ ૯૯૨ આર.બી.એસ.કે. મોબાઇલ હેલ્થ ટીમ્સ અને ૨૮ ડિસ્ટ્રીકટ અર્લી ઇન્ટરવેન્શન સેન્ટર (DEIC) કાર્યરત છે.
- મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે બાળકોના સિટી સ્કેન MRI, BERA જેવી વધારાની તપાસ કરી કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરીની જરૂરિયાત ધરાવતા બાળકોના ડોકયુમેન્ટ રિજિયોનલ કોકલીયર કમિટી ખાતે મોકલી રિજિયોનલ કોકલીયર કમિટી નિષ્ણાંતના અભિપ્રાય પ્રવર્તમાન નિયમોનુસાર મુજબ સર્જરીને મંજૂરી ૬ વર્ષ સુધીના બાળકોને આપવામાં આવે છે.
- હાલ રાજ્યમાં SH–RBSK અંતર્ગત કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી વિનામૂલ્યે ૯ જાહેર આરોગ્ય સંસ્થા ખાતે કરવામાં આવે છે.
- નવી પહેલ - એક વાર વિનામૂલ્યે કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરાવેલા બાળકોને વિનામૂલ્યે
- બીજું કોકલીયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસર: રાજ્યમાં જે બાળકોને સરકાર તરફથી એક વાર વિનામૂલ્યે કોકલીયર ઇમ્પ્લાન્ટ કરવામાં આવ્યું છે, તેવા બાળકોને બીજુ કોકલીયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસર આપતી વખતે લાભાર્થી પાસેથી ૫૦% ના બદલે ૧૦% ફાળો લેવાની જૂની જોગવાઈમાં સુધારો કરી



તા.૩૦/૦૮/૨૦૨૪નાં ઠરાવથી રાજ્યમાં જે બાળકોને સરકાર તરફથી એક વાર વિનામૂલ્યે કોકલીયર ઇમ્પ્લાન્ટ કરવામાં આવ્યું છે, તેવા બાળકોને બીજી વખત પણ કોકલીયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસર વિનામૂલ્યે સરકાર તરફથી આપવામાં આવશે, જે માટે અંદાજિત રૂ. ૩૫ કરોડની વધારાના બજેટની જરૂરિયાત રહેશે.

- વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૩૦૫ કોકલીયર ઇમ્પ્લાન્ટની (૨૮૭ શાળા આરોગ્ય + ૧૮ ADIP (આસિસ્ટન્સ ટુ ડિસેબલ્ડ પર્સન્સ), સારવાર નિઃશુલ્ક કરવામાં આવી છે.
- નવી પહેલ – દેશનું પ્રથમ ટેલિ સ્પીચ રિહેબીલિટેશન હબ: બાળકોમાં સ્પીચ અને લેંગ્વેજનાં વિકાસ સંબંધિત ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ નજીકનાં વિસ્તારથી મળી રહે તે હેતુથી તા. ૩ જી ઓક્ટોબર ૨૦૨૪થી રોજ ઓડિયોલોજી કોલેજ GMERS, સોલા, અમદાવાદ ખાતે દેશનું પ્રથમ ટેલિ સ્પીચ રિહેબીલિટેશન હબ કાર્યાવિન્ત કરવામાં આવ્યું છે.

# ૧૦




# દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલમહાકુંભ

# દિવ્યાંગ ખેલાડીઓ માટે
# સ્પેશિયલ ખેલમહાકુંભ

*"મને જીતવા દો, અને જો હું જીતી ન શકું
તો વિજય માટેના મારા પ્રયાસો માટે
તો હું હિંમતવાન બનું."*

– સ્પેશિયલ ઓલિમ્પક ઓથ

પેરાલિમ્પિક રમતની સ્પર્ધાઓમાં શારીરિક ક્ષતિ, સેરેબ્રલ પાલ્સી (CP) અને અંધ ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય રમતોમાં ભાગ લઈ શકે છે. વર્ષ ૧૯૬૦માં ઈટાલીના રોમમાં વિશ્વની પ્રથમ પેરાલિમ્પિક યોજાઈ હતી જેમાં ૨૩ દેશોના ૪૦૦ એથ્લેટ્સ સામેલ થયા હતા. ત્યારબાદ દર ચાર વર્ષે આ આંતરરાષ્ટ્રીય સ્તરની દિવ્યાંગજન માટેની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૦માં જાપાનના ટોકિયો શહેરમાં યોજાયેલી પેરાલિમ્પિકમાં ૯ રમતોમાં ભારતના ખેલાડીઓ દ્વારા કુલ ૫ સ્વર્ણ, ૮ રજત અને ૬ કાસ્ય પદક સાથે કુલ ૧૯ મેડલ સાથે દેશ તરીકે ૨૪માં ક્રમાંકે ભારતને સ્થાન મળ્યું હતું. જેમાં ટેબલ ટેનિસની સ્પર્ધામાં ગુજરાતના શ્રી ભાવિના પટેલ ટેબલ ટેનિસમાં યશસ્વી પ્રયાસો થકી રજત પદક મેળવી ગુજરાત અને ભારતનું નામ ઉજ્જવળ કર્યું હતું. આ ઉપરાંત પેરા ખેલાડીઓમાં ગુજરાત રાજ્યથી ટેબલ ટેનિસ ખેલાડી શ્રી સોનલ પટેલ તેમજ બેડમિન્ટન ખિલાડી શ્રી પારુલ પરમાર પણ ટોકીયો-૨૦૨૦માં રમ્યા હતા.

પેરાલિમ્પિકમાં શારીરિક ક્ષતિ, સેરીબલ પાલ્સી (CP) અને અંધ ખેલાડીઓ રમતો રમી શકે છે તેમ આંતરરાષ્ટ્રીય ડેફલિમ્પિક કમિટી દ્વારા દુનિયાભરના મૂક-બધિર ખેલાડીઓ માટેની રમતનું આયોજન કરવામાં આવે છે. ડેફલિમ્પિક પણ પેરાલિમ્પિકની માફક જ દર ચાર વર્ષે યોજાય છે. આ ઑલિમ્પિકની રમતો પછીની ઈતિહાસમાં સૌથી લાંબી ચાલતી બહુ-સ્પોર્ટ્સ ઈવેન્ટ છે. વર્ષ ૧૯૨૪માં ફ્રાન્સના પેરિસમાં યુરોપીયન રાષ્ટ્રોના ૧૪૮ ખેલાડીઓના નાના મેળાવડા તરીકે આ રમતોની શરૂઆત થઈ હતી. માત્ર દ્વિતીય વિશ્વયુદ્ધના વિરામને બાદ કરતા આ રમતનું આયોજન દર ચાર વર્ષે કરવામાં આવે છે.

ભારતમાં 'ખેલો ઈન્ડિયા' અને ગુજરાતમાં 'સ્પેશિયલ ખેલ મહાકુંભ' જેવી રમતોના આયોજનના કારણે ગુજરાતના રમતવીરો દેશ અને દુનિયાભરમાં નામના મેળવી રહ્યા છે. ગુજરાતમાં પાંચ દિવ્યાંગતા માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ થાય છે જેમાં (૧.) માનસિક ક્ષતિ જિલ્લા અને રાજ્ય કક્ષાએ, (૨.) અંધ માટે જિલ્લા અને રાજ્ય કક્ષાએ, (૩.) શારીરિક ક્ષતિ માટે જિલ્લા અને રાજ્યકક્ષાએ, (૪.) મુકબધીર માટે જિલ્લા અને રાજ્ય કક્ષાએ અને (૫.) સેરેબ્રલ પાલ્સી રાજ્ય કક્ષાએ આયોજન કરવામાં આવે છે.

સ્પેશિયલ ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ વ્યક્તિગત અને ટીમ રમત માટે પ્રથમ ઈનામ તરીકે વ્યક્તિગત વિજેતાને રૂ.૫૦૦૦, દ્વિતીય ઈનામ માટે રૂ.3000 અને તૃતીય ઈનામ માટે રૂ.૨૦૦૦ જ્યારે

ટીમ રમતમાં પ્રથમ વિજેતા ટીમને રૂ.3000 દ્વિતીય ઈનામ માટે રૂ.૨000 અને તૃતીય માટે રૂ.૧000 પુરસ્કાર તરીકે ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવે છે.

સ્પેશિયલ ઓલમ્પિક એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે રમતગમતની પ્રવૃત્તિ દ્વારા માનસિક ક્ષતિ (મનોદિવ્યાંગ) ધરાવતા બાળકો તથા વ્યક્તિઓની અંદર આત્મવિશ્વાસ અને હિંમત પેદા કરી તેમને ઉપયોગી અને ઉદ્યમી નાગરિક બનાવવા પ્રયાસ કરે છે. જેથી સમાજમાં અને દેશમાં તેમને માન મળે અને તેમના પ્રદાનની કદર થાય તે માટે મંદબુદ્ધિ બાળકોને જુદી-જુદી રમત રમાડવી.

ઈ.સ.૧૯૬0માં અમેરિકાના પ્રમુખ સ્વ. જ્હોન એફ. કેનેડીના બહેન શ્રીમતી યુનિસ કેનેડી શ્રીવરે મનોદિવ્યાંગ બાળકોની એક દિવસીય શિબિરનું આયોજન કર્યું અને તેનો અભ્યાસ કર્યા બાદ સ્પેશિયલ ઓલિમ્પિકનું બીજ રોપાયું. ૨0 જૂલાઈ ૧૯૬૮નાં રોજ સોલ્જર ફિલ્ડ શિકાગો ઈલિનોઈસ યુ.એસ.એ. ખાતે અમેરિકા અને કેનેડાના લગભગ ૧000 ખેલાડીએ સાથે પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્પેશિયલ ઓલિમ્પિક્સ રમતોત્સવ ઉજવાયો.

સ્પેશ્યલ ઓલિમ્પિક્સએ મનોદિવ્યાંગ બાળકો અને પુખ્ત વયના વ્યક્તિઓ માટેની સૌથી મોટી સંસ્થા છે જે ૨0૪ દેશોમાં ૫.૫ મિલિયનથી વધારે સ્પર્ધકો અને યુનિફાઈડ સ્પોર્ટ્સ પાર્ટનર સાથે મળીને આખું વર્ષ તાલીમ અને સ્પર્ધાઓ કરે છે જેમાં સ્થાનિક કક્ષાએ, જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાએ ૧0,000 થી પણ વધારે સ્પર્ધાઓનું આયોજન કરે છે.

સ્પેશ્યલ ઓલિમ્પિક્સનો મુખ્ય હેતુ માનસિક ક્ષતિ ધરાવતા બાળકો-વ્યક્તિઓમાં આત્મવિશ્વાસ અને હિંમત પેદા કરી તેમને ઉપયોગી અને ઉદ્યમી નાગરિક બનાવવા તેમજ સમાજ તેમને ઉપયોગી બને અને સન્માનનીય વ્યક્તિ તરીકે સ્વીકાર કરે તે છે. આ માટે તેમની શારીરિક ક્ષમતાઓનો વિકાસ કરી રમત-ગમતની સ્પર્ધાઓ દ્વારા તેમને પ્રદર્શન કરવાની તક મળે, સમાજની અંદર તેમજ દિવ્યાંગ રમતવીરની અંદર રહેલી ક્ષમતાઓ અને જરૂરિયાતો વિશે જાગૃતતા આવે તેવો તેનો ઉદ્દેશ્ય છે.

### સ્પેશિયલ ઓલિમ્પિક્સ ગેમ્સમાં ભાગ લેવા માટેના નિયમો

- સ્પેશિયલ ઓલિમ્પિક્સની રમતોમાં માનસિક ક્ષતિ અથવા બૌદ્ધિક દિવ્યાંગતા (ID) ધરાવતા વ્યક્તિઓ જ ભાગ લઈ શકે છે.
- ભાગ લેવા માટે ૭0 કે તેથી નીચેનો IQ હોવો આવશ્યક છે.
- IQ માટે UID કાર્ડ, અપંગતાનું પ્રમાણપત્ર, IQ પ્રમાણપત્ર
- સ્પેશિયલ ઓલિમ્પિકની રમતોમાં બાસ્કેટબોલ, ક્રિકેટ, સાયકલીંગ ફ્લોર હોકી, ફૂટબોલ, ગોલ્ફ, જીમ્નાસ્ટીક, હેન્ડબોલ, જૂડો, કરાટે, કાયાકીઈંગ, નેટબોલ, પાવર લિફ્ટીંગ, રોલર સ્કેટિંગ, સેઈલીંગ, સોફ્ટબોલ, સ્પીડ સ્કેટીંગ, સ્વીમિંગ, ટેબલ ટેનિસ, ટેનિસ, વોલીબોલ વગેરે જેવી 30થી વધુ રમતોનો સમાવેશ કરવામાં આવે છે.

## સમર સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ ગેમ્સ

| વર્ષ | યજમાન | તારીખ |
|---|---|---|
| ૧૯૬૮ | Chicago, USA | ૨૦ જુલાઇ - ૩ ઓગસ્ટ |
| ૧૯૭૦ | Chicago, USA | ૧૩ ઓગસ્ટ- ૧૫ ઓગસ્ટ |
| ૧૯૭૨ | Los Angeles, USA | ૧૩ ઓગસ્ટ-૧૮ ઓગસ્ટ |
| ૧૯૭૫ | Mount Pleasant, USA | ૮ ઓગસ્ટ-૧૩ ઓગસ્ટ |
| ૧૯૭૯ | Brockport, USA | ૮ ઓગસ્ટ- ૧૩ ઓગસ્ટ |
| ૧૯૮૩ | Baton Rouge, USA | ૧૨ જુલાઇ-૧૮ જુલાઇ |
| ૧૯૮૭ | Notre Dame and South Bend, USA | ૩૧ જુલાઇ- ૧ ઓગસ્ટ |
| ૧૯૯૧ | Minneapolis and St. Paul, USA | ૧૯ જુલાઈ- ૨૭ જુલાઈ |
| ૧૯૯૫ | New Haven, USA | ૧ જુલાઇ- ૯ જુલાઇ |
| ૧૯૯૯ | Chapel Hill-Durham and Raleigh, USA | ૨૬ જૂન- ૪ જુલાઈ |
| ૨૦૦૩ | Dublin, Ireland | ૨૧ જૂન- ૨૯ જૂન |
| ૨૦૧૧ | Athens, Greece | ૨૫ જૂન- ૪ જુલાઈ |
| ૨૦૧૫ | Los Angeles, USA | ૨૫ જુલાઈ - ૨ ઓગસ્ટ |
| ૨૦૧૯ | Abu Dhabi, U.A.E. | ૧૪ માર્ચ-૨૧ માર્ચ |
| ૨૦૨૩ | Berlin, Germany | ૧૬ જૂન- ૨૫ જૂન |
| ૨૦૨૭ | Perth, Australia | ------------- |



# ૧૧



# માનસિક દિવ્યાંગ વ્યક્તિઓ માટે વાલી નિમવાની સરળ જોગવાઈ

# **માનસિક દિવ્યાંગ વ્યક્તિઓ માટે વાલી** નિમવાની સરળ જોગવાઈ

માનસિક દિવ્યાંગ બાળકોની સારવાર માટે મા-બાપ આજીવનની પડકારજનક પરિસ્થિતિમાં મૂકાય છે. અમારા પછી આ બાળકની સંભાળ કોણ રાખશે? તેનું શું થશે? ગંભીર પ્રશ્ન માતા-પિતાને હંમેશા ચિંતીત રાખે છે અજંપો, ઉદ્વેગ અને હતાશાથી ઘેરાયેલા ભગ્ન વાલીઓ માટે ભારત સરકારનો સામાજિક ન્યાય વિભાગ દિવ્યાંગજનોને મદદરૂપ થવા કટિબદ્ધ છે. પરિણામ સ્વરૂપ નેશનલ ટ્રસ્ટ એક સ્વાયત બૉડી તરીકે દિવ્યાંગજનો અંગ તરીકે કાર્યાન્વિત થયું છે.

નેશનલ ટ્રસ્ટે પુખ્તવયના માનસિક દિવ્યાંગ બાળકો (જેમાં ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને બહુવિધ અપંગતાનો સમાવેશ થાય છે) માટે કાયદેસર વાલી (સંરક્ષક-ગાર્ડિયન) નિમવાની જોગવાઈ અમલમાં મૂકી છે. જે માતા-પિતાની ચિંતા કંઈક અંશે હળવી કરે છે તેમજ દિવ્યાંગ બાળકો તથા તેની મૂડી-મિલકત, રોકાણના વહીવટ માટે કાયદાકીય અધિકારો પૂરા પાડે છે. સંરક્ષક (ગાર્ડિયન)ની જોગવાઈઓ નીચે મુજબ છે :

- ૧૮ વર્ષની વય સુધી કુદરતી વાલી તરીકે મા-બાપ આ બાળકો વતી કાર્ય કરી શકે છે, પરંતુ ૧૮ વર્ષ પૂરાં થતાં 'પુખ્તવય' પ્રાપ્ત થતા વાલી તેના બાળક વતી કાયદેસર કાર્ય કરી શકતા નથી.
- માનસિક દિવ્યાંગ વ્યક્તિ તેમના આર્થિક-નાણાકીય, બેંકિંગ, ઈન્વેસ્ટમેન્ટ, કાયદાકીય કામો સ્વયં કરી શકવા સમર્થ હોતા નથી. એટલું જ નહીં પરંતુ પોતાની જિંદગી માટે પણ તેમને કાયમી આધારની જરૂર હોય છે.

**નેશનલ ટ્રસ્ટ એક્ટ (૧૯૯૯) અંતર્ગત માનસિક દિવ્યાંગો માટે સંરક્ષક (ગાર્ડિયન) નિમવાનો હક્ક આપવામાં આવ્યો છે, જેની મુખ્ય વિગત આ મુજબ છે. :**

૧. ૧૮ વર્ષ કે તેથી વધુ વયની અપંગ વ્યક્તિ (ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ, બહુવિધ અપંગતા) માટે વાલી નિમવાની માંગણી થઈ શકે છે.

૨. બે પ્રકારના સંરક્ષકપણાની જોગવાઈ છે. (એ) વ્યક્તિ માટે (બી) વ્યક્તિ અને સંપત્તિ માટે

**વાલી તરીકે કોની નિમણૂંક થઈ શકે?**

- માતા-પિતા એક કે બંને સંયુક્ત, માતા-પિતા ન હોય અથવા તેઓ પોતે ઉંમર-બીમારી કે અન્ય કારણે સક્ષમ ન હોય તો નજીકના સગા, રજિસ્ટર્ડ સંસ્થા, માન્ય રજિસ્ટર્ડ પેરેન્ટ એસોસિએશન.

વાલી નિમણૂંક (ગાર્ડિયનશીપ) મેળવવાની કાર્યવાહી : માતા-પિતા અથવા સગા-સંબંધીએ ફોર્મ (એ) ભરીને સ્થાનિક સ્તરે સમિતિને આપવાનું રહેશે.

**ફોર્મ (એ)માં ભરવાની વિગત :**

૧. જેને માટે વાલી નિમવા છે તે) માનસિક દિવ્યાંગ વ્યક્તિનું નામ, ઉમર, સરનામું અને તેની અપંગતાનો પ્રકાર.

૨. ગાર્ડિયન (સંરક્ષક) તરીકે જેને નિમવા છે તેનું નામ, ઉમર, સરનામું, દિવ્યાંગ સાથે સંબંધ.

૩. ક્યા પ્રકારનું સંરક્ષકપણું જોઈએ છે?

(એ) વ્યક્તિ

(બી) વ્યક્તિ અને સંપત્તિ

**ફોર્મ-એ સાથે આપવાની વિગત (ઝેરોક્ષ) :**

સરકારી હોસ્પિટલનું દિવ્યાંગતાનું મેડિકલ સર્ટિફિકેટ, સમાજ સુરક્ષા ખાતાનું અપંગ કાર્ડ, રેશન કાર્ડ, ઉંમરનો દાખલો. ફોર્મમાં બે સાક્ષીઓની સહી (નામ સાથે) હોવી જોઈએ. વાલી નિમાનાર સૂચિત વ્યક્તિની સંમતિ અને કુદરતી સંરક્ષકોની સંમતિ.

માતા-પિતા પૈકી એક અથવા જોઈન્ટ વાલીની નિમણૂક થઈ શકે છે. અરજીની ચકાસણી બાદ કેસની યોગ્યતા મુજબ લોકલ લેવલ કમિટી નિર્ણય કરશે, જેના અધ્યક્ષ જે તે જિલ્લા કલેક્ટરશ્રી હોય છે.

નિમણૂક પામેલા વાલીએ (ગાર્ડીયને) દિવ્યાંગ વ્યક્તિની સારસંભાળ અને તેની મૂડી-મિલક્તનો વહીવટ યોગ્ય રીતે કરવાનો રહેશે તેનો પદ્ધતિસર હિસાબ જાળવવો પડશે, તેમજ દર વર્ષે તેના સ્ટેટમેન્ટ નિયત ફોર્મમાં સ્થાનિક સ્તરે સમિતિને ફાઈલ કરવાના રહેશે.

ગેરવર્તણૂકના કારણોસર ગાર્ડિયનને સ્થાનિક સમિતિ દૂર કરી શકે છે.

માનસિક દિવ્યાંગ બાળકોના વાલીઓએ આ વ્યવસ્થાનો ચોક્કસ લાભ લેવો જોઈએ.

# ૧૨



# કૃત્રિમ (પ્રોસ્થેટીક) પગ અને હાથની સગવડ

# કૃત્રિમ (પ્રોસ્થેટીક) પગ અને
## હાથની સગવડ




ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ અમદાવાદ એ સિવિલ હોસ્પિટલ (મેડીસીટી) ખાતે આવેલ શારીરિક દિવ્યાંગતા ધરાવતા દર્દીઓની સારવાર અને તેના પુન:વસન માટેની ગુજરાત સરકાર સંચાલિત સંસ્થા છે. જે ૧૯૭૮ માં એક પેરાપ્લેજીયા હોસ્પિટલ તરીકે શરૂ કરવામાં આવેલી હાલમાં આ સંસ્થા ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ તરીકે ઓળખાય છે. આ ૮૦ પથારીની ક્ષમતા ધરાવતી હોસ્પિટલ છે અને સાથે સાથે ફિઝીયોથેરાપી, ઓક્યુપેશનથેરાપી વિભાગ અને કોલેજ, પી.એન્ડ.ઓ વિભાગ અને કોલેજ અને સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી એન્ડ કોલેજ જેવા વિવિધ વિભાગો આવેલા છે.

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ લોકોમોટર ડિસેબિલિટી એટલે કે શારીરિક દિવ્યાંગતા ધરાવતા દર્દીઓની સારવાર અને તેના પુન:વર્સનનો છે જેમા પેરાપ્લેજીયા અને ક્વોડ્રીપ્લેજીયા, સ્પાઇનલ ડિફર્મીટી જેવીકે કાઇફોસ્કોલિયોસીસ વગેરેની અદ્યતન સારવાર- ઓપરેશન, ઉચ્ચ ગુણવત્તા વાળી નર્સીંગ કેર, વિવિધ પ્રકારની થેરાપી જેવી કે  ફિઝીયોથેરાપી, ઓક્યુપેશનથેરાપી, અને જરૂરીયાતવાળા દર્દીઓને કૃત્રિમ હાથ, પગ, કેલીપર અને અન્ય પ્રોસ્થોશીસ બનાવી આપવામાં આવે છે. સંસ્થામાં સારવાર લેતા દિવ્યાંગ દર્દીઓને વોકેશનલ ટ્રેનીંગ પણ આપવામાં આવે છે અને વિવિધ એન.જી.ઓની મદદથી દિવ્યાંગ દર્દીઓને મોબિલિટીએડ જેવાકે વ્હિલચેર, ટ્રાયસિકલ, વોકર પણ આપવામાં આવે છે, સાથે-સાથે દર્દી તેના પરિવારમાં બોજા રૂપ ન બને તે માટે વિવિધ પ્રકારના વ્યાવસાયિક સાધનો એન.જી.ઓ મારફતે વિનામૂલ્યે આપવામાં આવે છે.

એ. લેગ ટુ સ્ટેંડ ઓન- આંતરરાષ્ટ્રીય એન.જી.ઓ દ્વારા આધુનિક કૃત્રીમ પગ બનાવી તેઓને સક્ષમ બનાવવામાં આવે છે. સંસ્થા ખાતે જયપુર ફૂટ સેન્ટર પણ આવેલું છે જેમા દર વર્ષે ૧૨૦૦ થી વધારે કૃત્રીમ પગ લગાવી આપવામાં આવે છે.

દર વર્ષે ગુજરાત અને નજીક્ના રાજ્યો જેવાકે રાજસ્થાન, મધ્ય પ્રદેશ જેવા રાજ્યો માંથી દર્દીઓ લાભ લેતા હોય છે.

દર વર્ષે સંસ્થા ખાતે ૧૫૦૦૦ કરતા વધારે દર્દીઓ ઓ.પી.ડી.માં આવે છે. જેમાંથી ૧૫૦૦ થી વધારે દર્દીઓને દાખલ કરી વિવિધ પ્રકારની સારવાર આપવામાં આવે છે દાખલ દર્દીઓમાંથી ૭૦૦ થી ૮૦૦ દર્દીઓની સર્જરી પણ કરવામાં આવે છે.

દર વર્ષે કુલ ૬૦૦૦ થી વધારે દર્દીઓને વિવિધ પ્રકારના પ્રોસ્થોશીસ અને ઓર્થોશીસ બનાવી આપવામાં આવે છે. જેમાં કુલ ૧૨૦૦ થી વધુ કૃત્રિમ હાથ-પગ, કેલીપર ૩૦૦૦ અને અન્ય સ્પાઇનલ ઓર્થોસીસ બનાવી આપવામાં આવે છે.

સંપર્ક :

| | | |
|---|---|---|
| Contact us | : | Phone No:૦૭૯-૨૨૬૮૪૨૧૧ |
| Website | : | http://gsi-ahmedabad.org |
| Email id | : | govspineinstitute@gmail.com |
| Facebook | : | Govt.Spine Institute, Civil Hospital |
| Twitter | : | @GovernmentSpine |
| Instagram | : | govspineinstitute |

# ૧૩



# દિવ્યાંગોને **સહાયરૂપ** **સંસ્થાઓની** યાદી

# દિવ્યાંગોને સહાયરૂપ
# સંસ્થાઓની યાદી

## કોમ્પોઝિટ રીજિયોનલ સેન્ટર (CRC), અમદાવાદની દિવ્યાંગજનો માટેની સેવાઓ

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને વ્યાવસાયિક તાલીમ, સંશોધન અને માનવશક્તિ વિકાસ જેવા પુનર્વસનના અને પ્રમોશનલ જેવા પાસાઓ યોગદાન માટે વિવિધ રાજ્યોમાં કૌશલ્ય વિકાસ, પુનર્વસન અને દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તીકરણ (દિવ્યાંગજન) માટે સંયુક્ત પ્રાદેશિક કેન્દ્રની સ્થાપના કરી છે.

સંયુક્ત પ્રાદેશિક કેન્દ્ર (CRC) અમદાવાદની સ્થાપના ૧૭મી ઓગસ્ટ ૨૦૧૧ના રોજ અલી યાવર જંગ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ સ્પીચ એન્ડ હિયરિંગ ડિસેબિલિટીઝ (દિવ્યાંગજન), મુંબઈના વહીવટી નિયંત્રણ હેઠળ કરવામાં આવી છે.

સંયુક્ત પ્રાદેશિક કેન્દ્ર AYJNISHD મુંબઈ હેઠળ કાર્યરત છે. તેની સ્થાપના ૨૦૧૧માં એક જ સ્થાન પરથી વિવિધ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને બહુવિધ સેવાઓ પૂરી પાડવા માટે કરવામાં આવી હતી. આજે તે તમામ પ્રકારની દિવ્યાંગતાઓને પુનર્વસન અને શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા માટે સંપૂર્ણપણે સજ્જ અને કાર્યરત સરકારી સંસ્થા છે. જેનું ગુજરાત રાજ્યનું કેન્દ્ર હેરિટેજ શહેર અમદાવાદમાં આવેલું છે. શૈક્ષણિકથી લઈને તબીબી જેવી વિવિધ પ્રકારની સેવાઓ સાથે, તે વિવિધ રીતે દિવ્યાંગ લોકોના વિકાસને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે. ટૂંકા ગાળામાં દિવ્યાંગ વ્યક્તિઓના પુનર્વસન અને તેમના માટેના સંસાધન કેન્દ્ર તરીકે CRC પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

**દિવ્યાંગતાના પ્રકારો:**

- રક્તપિત્તથી સાજા વ્યક્તિઓ (Leprosy Cured Persons)
- ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (Autistic Spectrum Disorders)
- સ્પેશિફિક લર્નિંગ ડિસેબિલિટી (Specific Learning Disability)
- વાણી અને ભાષાની અક્ષમતા (Speech & Language Disability)
- ક્રોનિક ન્યુરોલોજીકલ શરતો (Chronic Neurological Conditions)
- સાંભળવાની ક્ષતિ (બધિર અને સાંભળવામાં કઠિન) (Hearing impairment deaf & hard of hearing)
- બહુવિધ દિવ્યાંગતા (ડેફ – બ્લાઈન્ડ) (Multiple Disabilities Including Deaf - Blindness)

- મલ્ટીપલ સ્ક્લેરોસિસ ( મલ્ટીપલ Sclerosis)
- સિકલ સેલ રોગ (Sickle cell Disease)
- પારકિન્સન રોગ (Parinson's Disease)
- ઈન્ટલેક્ચ્યુયલ ડિસએબિલિટી (બૌદ્ધિક અપંગતા) (Intellectual Disability)
- મસ્ક્યુલર ડિસ્ટ્રોફી (Muscular Dystrophy)
- એસિડ એટેક પીડિતો (Acid Attack Victims )
- લોકોમોટર ડિસેબિલિટી (Locomotor Disability)
- અંધત્વ (Blindness)
- દ્વારફિઝમ (Dwarfism)
- ઓછી દ્રષ્ટિ (Low Vision)
- થેલેસેમિયા (Thalassemia)
- હિમોફિલિયા (Hemophilia)
- માનસિક બીમારી (Mental illness)
- સેરેબ્રલ પાલ્સી (Cerebral Palsy)

## વિઝન અને મિશન

- દિવ્યાંગ વ્યક્તિઓને ગુણવત્તાયુક્ત જીવન જીવવાનો સમાન અધિકાર છે. આને પ્રતિબદ્ધ વ્યાવસાયીકરણ, સુલભ વાતાવરણ, સમાન તકો, સકારાત્મક વલણ અને યોગ્ય, સસ્તું, સ્વીકાર્ય અને ઉપલબ્ધ તકનિકી હસ્તક્ષેપ કરી સક્ષમ કરવું.
- માનવ સંસાધનોના ક્ષેત્ર આધારિત સંશોધન અને વિકાસને સમર્થન આપીને ટીમ અભિગમ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓ અને તેમના પરિવારોનું સશક્તિકરણ સુનિશ્ચિત કરી જરૂરિયાત આધારિત વ્યાપક પુનર્વસન પૂરું પાડવું.

## સંસ્થાના મુખ્ય ઉદ્દેશ્યો

- દિવ્યાંગ વ્યક્તિઓના પુનર્વસન અને વિશેષ શિક્ષણ માટે સંશોધન કેન્દ્ર તરીકે સેવા આપવી.
- સરકારમાં અને બિન-સરકારી ક્ષેત્રમાં દિવ્યાંગ વ્યક્તિઓને સેવાઓ પૂરી પાડવા માટે ગ્રામ્ય સ્તરના કામદારો અને પુનર્વસન કાર્યકરો અને અન્ય કાર્યકર્તાઓને તાલીમ આપીને માનવ સંસાધન વિકાસ હાથ ધરવામાં આવે છે.
- દિવ્યાંગ બાળકોના વાલીઓ અને સમુદાયમાં જાગૃતિ લાવવા માટે જાહેર શિક્ષણના કાર્યક્રમો હાથ ધરવા.

- દિવ્યાંગ વ્યક્તિઓને મદદરૂપ થાય તેવા સાધનો અને ઉપકરણોના નિર્માણના કાર્યો કરવા.
- શિક્ષણ અને કૌશલ્ય વિકાસની સેવાઓ હાથ ધરવી જેનાથી રોજગાર, પુનર્વસન, ગતિશીલતા સંચાર મનોરંજન અને સમાજમાં એકીકરણ માટેની તકોમાં વધારો થાય.
- પ્રદેશમાં દિવ્યાંગતાની પ્રકૃતિ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને, દિવ્યાંગતા ધરાવતા લોકોના વિવિધ જૂથોની જરૂરિયાતોના ચોક્કસ સંદર્ભ સાથે સંશોધન અને વિકાસ હાથ ધરવા.
- રાજ્યના સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણને અનુરૂપ પુનર્વસન સેવાઓની ડિલિવરી માટેની વ્યૂહરચના વિકસાવવી.
- સ્વૈચ્છિક સંસ્થા, પિતૃ જૂથો અને સ્વ-સહાય માટે પ્રોત્સાહિત અને સમર્થન દ્વારા સેવાઓના વિકાસને ઉત્તેજીત કરવા.
- વર્તમાનની તબીબી, શૈક્ષણિક અને રોજગારની સેવાઓ સાથે સંપર્ક સાધી દિવ્યાંગજનોના પુનર્વસન અને ગ્રામીણ વિસ્તારોમાં વિસ્તરણ સેવાઓ કરવી.

**સંસ્થા દ્વારા અપાતી સેવાઓ :**

1. સ્પીચ એન્ડ હિયરીંગ

સ્પીચ એન્ડ હિયરીંગ એકમના મુખ્ય ઉદ્દેશ્યો વ્યાવસાયિક તાલીમ આપવા, તબીબી સેવાઓ પ્રદાન કરવા, સંશોધન કરવા અને સંચાર અને શ્રવણ પ્રક્રિયામાં નડતી અડચણો જેવી કે શ્રવણની ક્ષતિ, માનસિક મંદતા, અવાજ અને ઉચ્ચારણ અને ભાષાની વિકૃતિઓ પર લોકોને શિક્ષિત કરવામાં આવે છે. આ સેવા વિવિધ સ્તરીય સેવા આપે છે અને એક અથવા વધુ વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્ય કરી શકે છે. ઑડિયોલોજી અને સ્પીચ લેંગ્વેજ પેથોલોજીની પ્રેક્ટિસમાં નિમી લિખીત સેવાઓનો સમાવેશ થાય છે:

ક. પ્રિવેન્શન/ અટકાવ: શાળા અને સમુદાયની સુનાવણી સંરક્ષણ અને ઓળખ/જાગૃતિ કાર્યક્રમોની રચના, અમલીકરણ અને સંકલન કરીને સાંભળવાની ખોટ અટકાવવાના કાર્ય માટે કાર્યક્રમો ઘડવા અને તેનો અસરકારક અમલ કરવો. શાળાઓ, સમુદાય અને જાગૃતતા કાર્યક્રમોના આયોજન વડે વાણી અને ભાષાની તકલીફોનું નિવારણ કરવું.

ખ. આઈડેન્ટીફિકેશન/ઓળખ: વાણી, શ્રવણ, સંતુલન અને અન્ય શ્રવણ-સંબંધિત વર્તણૂંકમાં અક્ષમતાની નિષ્ક્રિયતાને ઓળખતી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. નવજાત શિશુની દેખરેખ, અમલીકરણ તેમજ શાળાએ જતા વિદ્યાર્થીઓના સ્ક્રીનીંગ કાર્યક્રમો વડે સ્પીચ અને હિયરીંગ સંબંધિત બાળકોની ઓળખ કરવામાં આવે છે. શ્રવણ અને વાણીની ખોટ અને અન્ય શ્રવણ સંલગ્ન નિષ્ક્રિયતા, સંતુલનની મર્યાદાઓ તેમજ ક્ષતિઓ સામાન્ય શ્રવણશક્તિ ધરાવતી વ્યક્તિઓની ઓળખ કરવામાં આવે છે.

ગ.	અસેસ્મેન્ટ/વર્તનનું આચરણ અને અર્થઘટન, સુનવણી, વાણી અને ભાષા, શ્રવણ, સંતુલન અને સંબંધિત પ્રણાલીઓનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિઓ, વાણી અને શ્રવણ-સંબંધિત પ્રક્રિયામાં અડચણ ધરાવતા બાળકો અને પુખ્ત વયના લોકોનું મૂલ્યાંકન; યોગ્ય ઓડિયોલોજિકલ મેનેજમેન્ટ અથવા મેડિકલ રેફરલ માટે આધાર પૂરો પાડવા માટે ઓટોસ્કોપીનું પ્રદર્શન; ડેટાનું અર્થઘટન, તારણોનો સારાંશ કરવા અને ઑડિયોલોજિક ટ્રીટમેન્ટ/મેનેજમેન્ટ પ્લાન વિકસાવવા સહિત રિપોર્ટની તૈયારીઓ તેમજ જરૂરી જણાય તેવા અન્ય વ્યવસાયકારો, એજન્સીઓ અને સંસ્થાઓના સંદર્ભો વડે મદદરૂપ થવું.

ઘ.	રીહેબિલિટેશન / પુનર્વસન: વ્યાપક ઑડિયોલોજિક પુનર્વસન કાર્યક્રમના ભાગરૂપે ઉપયોગી તકનિકી સાધનોનું મૂલ્યાંકન કરે છે, પસંદ કરે છે, ફિટ કરે છે અને તેનું વિતરણ પણ કરે છે. સાંભળવાની ખોટ ધરાવતી વ્યક્તિઓની કોક્લિયર ઇમ્પ્લાન્ટ્સની જરૂરિયાત  માટે ઉમેદવારનું મૂલ્યાંકન કરવું. સાંભળવાની સક્ષમતા માટે જવાબદાર માનસિક સામાજિક પાસાઓ, અને અન્ય શ્રાવ્ય નિષ્ક્રિયતા અને સંચાર ક્ષમતા વધારવા માટેની પ્રક્રિયાઓ વિશે સંસ્થા પાસે તજજ્ઞો દ્વારા પરામર્શની ઉપલબ્ધતા છે. એમ્પ્લીફાઇંગ સાધનોની પસંદગી, ખરીદીનું યોગ્ય સંચાલન પણ અહીંથી કરવામાં આવે છે.

ચ.	શિક્ષણ/ સંશોધન/ વ્યવસ્થાપન: ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને અન્ય વ્યાવસાયિક શિક્ષણ કાર્યક્રમો માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધિત દેખરેખ અને વહીવટની કામગીરી અહીંથી થાય છે. CRC દ્વારા આયોજિત CRE પ્રોગ્રામ, જ્ઞાનના આધારને વધારવા, નવી પદ્ધતિઓ અને કાર્યક્રમો વિકસાવવા અને મૂલ્યાંકન અને સારવારના દાખલાઓની અસરકારકતા અને કાર્યક્ષમતા નક્કી કરવા માટે મૂળભૂત અને લાગુ ઓડિયોલોજિક સંશોધનની ડિઝાઇન અને આચરણ; સંશોધનના તારણોને અન્ય વ્યાવસાયિકો અને લોકો સુધી પહોંચાડવાની કામગીરી થાય છે.

૨.	ક્લિનિકલ સાયકોલોજી

ક્લિનિકલ સાયકોલોજીનું એકમ લાભાર્થીઓ અને તેમના પરિવારોના માનસિક સ્વાસ્થ્યના કલ્યાણ માટે કામ કરે છે. યુનિટમાં કામ કરતા નિષ્ણાતો યોગ્ય અને પ્રમાણિત સાયકોમેટ્રિક મૂલ્યાંકન પરીક્ષણો દ્વારા વિવિધ જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને વર્તણૂકીય સમસ્યાઓની ઓળખ અને નિદાનના કાર્યો કરે છે. મનોરોગ ચિકિત્સા અને વર્તણૂંક મેનેજમેન્ટ પ્રોગ્રામ (જરૂરિયાત અને ગંભીરતાના આધારે) સામેલ હોઈ શકે છે. લાભાર્થીઓની સમસ્યાઓને અસરકારક રીતે દૂર કરવામાં મદદરૂપ થાય છે. આ યુનિટ વ્યક્તિગત, કૌટુંબિક અને જૂથ કાઉન્સેલિંગના સત્રો પણ જરૂર જણાય ત્યારે કરે છે. બૌદ્ધિક અક્ષમતા, માનસિક બિમારી, ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર,

અટેન્શન ડેફિસિટ હાઇપર એક્ટિવિટી ડિસઓર્ડર, લર્નિંગ ડિસઓર્ડર અને તમામ વય જૂથોમાં વિવિધ વર્તણૂંક સમસ્યાઓનું નિદાન કરવામાં આવે છે.

### વિશિષ્ટ કાર્યો

- સાયકોમેટ્રિક એસેસમેન્ટ
- વર્તણૂંક વ્યવસ્થાપન કાર્યક્રમ
- ઘરેલુ કાર્યક્રમ
- વ્યક્તિગત અને જૂથ થેરાપી
- IQ મૂલ્યાંકન શિબિરો
- પરિવાર માટેના તાલીમ કાર્યક્રમો
- મનોરોગ ચિકિત્સા
- વ્યક્તિગત હસ્તક્ષેપ કાર્યક્રમ
- મનોવૈજ્ઞાનિક અહેવાલો
- કાઉન્સેલિંગ
- વાલીઓ માટેના તાલીમ કાર્યક્રમો
- પુનર્વસન શિક્ષણનું સંચાલન

૩. ફિઝિયોથેરાપી

ફિઝિયોથેરાપી વિભાગએ હલનચલન, કસરત, શિક્ષણ અને સલાહ દ્વારા દિવ્યાંગતાને ઓળખી તેમની શારીરિક ક્ષમતા વિકસાવવા માટે કામ કરે છે. જે સમસ્યાઓ આવી શકે છે તેને ઓછી કરવી. બીમારીઓ જેવી કે ગરદનનો દુખાવો, પીઠનો દુખાવો, ખભાનો દુખાવો, ઘૂંટણ અને કોણીનો દુખાવો, પગની મચકોડ અને પગનો દુખાવો વગેરે માટે દિવ્યાંગજનોને ફિઝિયોથેરાપીના ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. સેરેબ્રલ પાલ્સી, સ્ટ્રોક અને સેરેબેલર એટેક્સિયા, પાર્કિન્સનિઝમ, કરોડરજ્જુની ઇજાઓ, આઘાતજનક મગજની ઈજા, અંગવિચ્છેદન, બર્નસ, રક્તપિત્ત, ડાઉન સિન્ડ્રોમ, ડેન્ડી વૉકર સિન્ડ્રોમ, આઈકાર્ડી સિન્ડ્રોમ જેવી આનુવંશિક વિકૃતિઓ, વર્ટીગો, મસ્કયુલર ડિસ્ટ્રોફી, કાર્ડિયોપલ્મોનરી ડિસોર્ડર્સ, સર્જરી બાદના દર્દીઓ અને અન્ય આ પ્રકારની બીમારીઓ માટે અહીં ફિઝિયોથેરાપીની મદદ સરળતાથી મળી રહે છે.

ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી, ઓર્થોપેડિક્સ અને રુમેટોલોજી, કાર્ડિયોપલ્મોનરી, બાળરોગ, પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિજ્ઞાન, વૃદ્ધાવસ્થા, રમત-ગમત અને ફિટનેસ, સામુદાયિક ફિઝિયોથેરાપી જેવા વિવિધ ક્ષેત્રોમાં આ સહાય આપવામાં આવે છે.

૪. ઓક્યુપેશનલ થેરાપી

ઓક્યુપેશનલ થેરાપી એ વ્યક્તિઓના, જૂથોના અને સમુદાયોના વ્યવસાય માટે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ વિકસાવવા, પુનઃપ્રાપ્ત કરવા અને ટકાવી રાખવા માટે મૂલ્યાંકન પદ્ધતિ વડે હસ્તક્ષેપ કરી વ્યક્તિની મહત્તમ આત્મનિર્ભરતા હાંસલ કરવા અને જીવનની ગુણવત્તામાં વધારો કરવા માટે વર્તમાન પ્રવૃત્તિઓ વડે યોગ્ય વાતાવરણનું નિર્માણ કરી માનસિક સ્વાસ્થ્યલક્ષી સમસ્યાઓ, દિવ્યાંગતા, ઇજાઓ અને ક્ષતિઓ દૂર કરવાની રીત છે.

૫.	ઈન્ટરવેન્શન કેન્દ્ર

પ્રારંભિક બાળપણ (૦-૬ વર્ષ) એ નોંધપાત્ર મગજના વિકાસનો સમય છે. તે નિર્ણાયક સમયગાળો છે જે વ્યક્તિની તેના જીવનભરના સ્વાસ્થ્ય, સામાજિક અને આર્થિક ક્ષમતા સુધી પહોંચવાની ક્ષમતા નક્કી કરે છે. બાળકના જીવનમાં પ્રારંભિક તબક્કા ગુણવત્તાયુક્ત હસ્તક્ષેપ વડે સ્વતંત્ર અને પ્રતિષ્ઠિત જીવન જીવવા માટે સક્ષમ બનાવવા માટે જરૂરી કૌશલ્યો વિકસાવી શકાય છે.  પ્રારંભિક હસ્તક્ષેપ શિશુઓ અને નાના બાળકો માટે કુટુંબ અને સામુદાયિક જીવનમાં ભાગીદારીમાં મદદ કરવા માટે વિશિષ્ટ સહાય અને સેવાઓ પ્રદાન કરે છે. Cross-Disability Early Intervention Centres for Children with Disabilities (CDEIC) સંપૂર્ણ રીતે CRC અમદાવાદ ખાતે કાર્યરત છે. દિવ્યાંગતાના બોજને ઘટાડવામાં મદદ કરવા અને માતા-પિતાને એક છત નીચે સલાહ આપવા માટે ઉપચારાત્મક દરમિયાનગીરીઓ માટે ક્રોસ-ડિસેબિલિટી, સંયુક્ત મલ્ટિ-ફંક્શનલ સુવિધા ખાસ થેરાપી સેસન દ્વારા પ્રદાન કરવામાં આવે છે.

૬.	વિશિષ્ટ શિક્ષણ

આ વિશેષ શિક્ષણનો વિભાગ છે. ઉપચારાત્મક શિક્ષણ, માનવ સંસાધન વિકાસ અને સંશોધન સંલગ્ન પ્રવૃત્તિ વડે PwDsના વિશેષ શિક્ષણ અને પુનર્વસન માટે સંસાધન કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. દિવ્યાંગતા ધરાવતા બાળકોનું મૂલ્યાંકન કાર્યાત્મક અભિગમના ઉપયોગથી કરવામાં આવે છે. વિશેષ શિક્ષણ સેવાઓમાં ભાગ લેતા બાળકો માટે સમયાંતરે મૂલ્યાંકન સાથેનો વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમ અનુસરવામાં આવે છે. કાર્યાત્મક અભ્યાસક્રમ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અને જીવન કૌશલ્યો તેમને સમાવિષ્ટ બનાવવા પર વિશેષ કાળજી સાથે શીખવવામાં આવે છે.

પ્રવૃતિઓ – માનવ સંસાધન વિકાસ, સંશોધન વિકાસ, STP/CRE કાર્યક્રમનું સંચાલન, PTP કાર્યક્રમ, સંસાધન જાગૃતિ કાર્યક્રમ સામગ્રીનો વિકાસ, વ્યક્તિગત શૈક્ષણિક મૂલ્યાંકન અને પ્રોગ્રામિંગ, માતાપિતા પરામર્શ અને સશક્તીકરણ, કૌશલ્ય વિકાસ, વિઝ્યુઅલ ડિસેબિલિટી માટે ઓરિએન્ટેશન અને મોબિલિટી ટ્રેનિંગ, વિવિધ વ્યવસાયિક તાલીમ, જનજાગૃતિના કાર્યક્રમો જેવી પ્રવૃતિઓ કરવામાં આવે છે.

૭.	પ્રોસ્થેટિક એન્ડ ઓર્થોટીક

પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ વિભાગ દ્વારા લોકોમોટર દિવ્યાંગ વ્યક્તિઓને પુનર્વસન સેવા પ્રદાન કરે છે. પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ એ આધુનિક સારવાર અને પુનર્વસન પદ્ધતિની ક્ષિતિજ છે જે ઓર્થોપેડિક અને ન્યુરોમસ્ક્યુલર ડિસઓર્ડર અને જન્મજાત ખોટ અને આકસ્મિક અથવા આઘાતજનક અંગવિચ્છેદન સહિતની અપૂર્ણતા સાથે વ્યવહાર કરે છે. પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ વિભાગ દેશમાં ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને દિવ્યાંગ વ્યક્તિઓ માટે અદ્યતન અને ઓછા વજનના પ્રોસ્થેટિક અને ઓર્થોટિક ઉપકરણોની ડિઝાઇન, ફેબ્રિકેટ અને તેને ફિટ કરવાનું કાર્ય કરે છે. શારીરિક દિવ્યાંગતા વ્યક્તિને સમાજના ઉત્પાદક સભ્ય તરીકે પ્રવૃત્તિઓ કરવા માટે અટકાવતી હોય શકે. કૃત્રિમ ઉપકરણો (કૃત્રિમ અંગો) એ કપાયેલા અંગના

ભાગને કાર્યાત્મક અને કોસ્મેટિક રિપ્લેસમેન્ટ માટે અનિવાર્ય છે. અંગનો એક ભાગ ગુમાવનાર વ્યક્તિ ચાલવા માટે કૃત્રિમ અંગનો ઉપયોગ કરી શકે છે.

ઓર્થોટિક ઉપકરણોનો ઉપયોગ સામાન્ય રીતે વિવિધ ઓર્થોપેડિક અને ચેતાસ્નાયુ વિકૃતિઓના સંચાલન માટે થાય છે જેમાં નીચેના અંગો, ઉપલા અંગો અને કરોડરજ્જુની જન્મજાત વિકૃતિનો સમાવેશ થાય છે. ઉપકરણોનો ઉપયોગ શારીરિક દિવ્યાંગતાના વિશાળ સ્પેક્ટ્રમ માટે થાય છે. તેઓનો ઉપયોગ અંગોનું કરેક્શન જાળવવા અને શરીરના અસ્થિર ભાગને ટેકો આપવા માટે થાય છે.

ડિપાર્ટમેન્ટ પાસે દિવ્યાંગ વ્યક્તિઓને સેવાઓ પૂરી પાડવા માટે પુનર્વસન સહાય અને ઉપકરણો બનાવવા માટે જરૂરી સાધનો માટેની મશીનરી સાથેની વર્કશોપ છે. ક્રચેસ, વોકર, વ્હીલચેર, ટ્રાઈસિકલ, સીપી ચેર, વગેરે જેવા સાધનો માટેની મદદ અહીં ઉપલબ્ધ થાય છે.

દિવ્યાંગ વ્યક્તિઓ સંબંધિત વિસ્તારોમાં પુનર્વસન સેવાઓ પૂરી પાડવા માટે, CRC-અમદાવાદ જિલ્લા સત્તાધિકારીઓ અને સ્થાનિક NGOના સહયોગથી સંયુક્ત પુનર્વસન શિબિરોનું અવાર નવાર આયોજન કરવામાં આવે છે.

સ્ક્રીનીંગ અને એસેસમેન્ટ કેમ્પ: પ્રથમ તબક્કામાં દિવ્યાંગ વ્યક્તિઓનું મૂલ્યાંકન કરવા અને વિવિધ પ્રકારની સહાય અને સાધનો માટેની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે મૂલ્યાંકન શિબિરોનું આયોજન કરવામાં આવે છે. વિતરણ શિબિર દિવ્યાંગ વ્યક્તિઓની તપાસ અને મૂલ્યાંકન પછી તમામ જરૂરી દસ્તાવેજો સાથે જરૂરી ઉપકરણોની ખરીદી કરી, વિતરણ શિબિરો હેઠળ દિવ્યાંગ વ્યક્તિઓને સહાય અને ઉપકરણોનું વિતરણ કરવામાં આવે છે.

ADIP યોજના દિવ્યાંગ વ્યક્તિઓ માટે વર્ષ ૧૯૮૧માં રજૂ કરવામાં આવી હતી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી હતી. તે ખાસ કરીને પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ (સમાન તક અને અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા અધિનિયમ) ૧૯૯૫ના અમલીકરણ પછી વિશેષ પણે ધ્યાન પર આવ્યા પ્રમાણે દિવ્યાંગ વ્યક્તિઓને સહાય/ઉપકરણ પ્રદાન કરવાનો સરકારનો સતત પ્રયાસ રહ્યો છે.

## લાભાર્થીઓની પાત્રતા

- કોઈપણ ઉંમરનો ભારતીય નાગરિક
- ૪૦% અપંગતા પ્રમાણપત્ર ધારક દિવ્યાંગ.
- તમામ સ્ત્રોતોમાંથી માસિક આવક રૂ. ૨૦,૦૦૦ કરતાં વધવી જોઈએ નહી.
- આશ્રિતોના કિસ્સામાં, માતા-પિતા / વાલીઓની માસિક આવક રૂ. ૨૦,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ.
- જેમણે છેલ્લા ૩ વર્ષ દરમિયાન કોઈપણ સ્ત્રોતમાંથી આ જ હેતુસર અન્ય કોઈપણ જગ્યાએથી

સહાય પ્રાપ્ત કરી નથી. જો કે, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે, આ મર્યાદા ત્રણ વર્ષના બદલે એક વર્ષની રાખવામાં આવી છે.

- દસ્તાવેજોની આવશ્યકતા (વેરીફિકેશન માટે બતાવવામાં આવનાર તમામ નોંધાયેલા દસ્તાવેજો)
- ફોટોગ્રાફની બે નકલો, રહેણાંકના પુરાવા, સંપર્ક અને ટેલિફોન નંબરની ફોટોકોપી, દિવ્યાંગતા પ્રમાણપત્રની ફોટોકોપી, આવકનું પ્રમાણપત્ર.

૮. સોશિયો – ઈકોનોમિક રીહેબિલિટેશન

- દિવ્યાંગ વ્યક્તિઓનું વ્યાવસાયિક મૂલ્યાંકન, માર્ગદર્શન અને પરામર્શ.
- વાલીઓ માટે પરામર્શ અને માર્ગદર્શન
- કેન્દ્ર અને રાજ્ય સરકારના સામાજિક કલ્યાણ કાર્યક્રમો વિશે જાગૃતિ
- દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગની સરકારની પ્રવૃત્તિઓ વિશે જાગૃતિ
- નોંધાયેલા વિવિધ તાલીમ ભાગીદારોના સહયોગથી કૌશલ્ય તાલીમ.
- પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ ધરાવતા લોકોનું ફોલો-અપ.

૯. અન્ય સેવાઓ – પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્ર (PDDKs)

ભારત સરકારની ADIP અને RVY યોજનાઓના લાભ સુધી દિવ્યાંગજનોની પહોંચ વધારવાના પ્રયાસ સાથે આ કેન્દ્ર કાર્યરત છે. ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલય, દિવ્યાંગ વ્યક્તિઓ (દિવ્યાંગજન) અને વરિષ્ઠ નાગરિકોને મફત સહાય અને સહાયક ઉપકરણો પ્રદાન કરવામાં સહાયરૂપ થવું તે તેની મુખ્ય કામગીરી છે. ભારતે દેશના દરેક ૧૦૦ કિમીના અંતરે આ પ્રકારના કેન્દ્રો ખોલવાનું નક્કી કરાયું છે જેથી સહાયક સાધનોનો લાભ જરૂરિયાત ધરાવતા લાભાર્થીઓ સુધી તેમના ઘરની નજીક જ ઉપલબ્ધ કરાવી શકાય.

ઉપરોક્ત સૂચનાના પાલનમાં આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ALIMCO) એ આ સેવાઓ પ્રદાન કરવા માટે CRC ભોપાલ ખાતે પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્ર (PMDK) શરૂ કર્યું છે. યોગ્ય દિવ્યાંગજન અને વયોવૃદ્ધ વડીલજનોને જરૂરી સહાયક સાધનોનું મફત વિતરણ કરવામાં આવે છે. શ્રવણશક્તિની ખોટનું મૂલ્યાંકન કરવા માટે ઓડિયોમેટ્રી રૂમની વ્યવસ્થા હોય છે.

**સંસ્થાની પ્રવૃત્તિઓ :**

- શૈક્ષણિક સેવાઓ - શૈક્ષણિક સેવાઓ ૨ શ્રેણીઓ અંતર્ગત આપવામાં આવે છે:
  (૧) ટૂંકા ગાળાના અને (૨) લાંબા ગાળાના અભ્યાસક્રમો.
  (૧) ટૂંકા ગાળાના અભ્યાસક્રમો - ટૂંકા ગાળાના તાલીમ અભ્યાસક્રમો વિભિન્ન હિસ્સેદારો જેવા કે, નિયમિત શાળાઓમાં કામ કરતા શિક્ષકો, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય કાર્યકરો, પેરામેડિકલ

સ્ટાફ, પીડબ્લ્યુડી, ગ્રામ પ્રધાન, સરકારી કર્મચારીઓ વગેરે સુધી વિસ્તૃત કરવામાં આવી છે. આ અભ્યાસક્રમો ખાસ કરીને જાહેર જીવનમાં જાગૃતિ લાવવા માટે ચલાવવામાં આવે છે.

૨. લાંબા ગાળાના અભ્યાસક્રમો - CRC નીચેના RCI-મંજૂર લાંબા ગાળાના અભ્યાસક્રમો ચલાવે છે:

I. ભારતીય સાંકેતિક ભાષાના અર્થઘટનમાં ડિપ્લોમા
II. ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન (ID) (બૌદ્ધિક દિવ્યાંગતા) [B.Ed.Spl.Edu.ID],
III. વિશેષ શિક્ષણમાં બેચલર ઓફ એજ્યુકેશન (બૌદ્ધિક દિવ્યાંગતા) [B.Ed.Spl.Edu.ID]
iv. બેચલર ઓફ ઓડિયોલોજી
IV. સ્પીચ-લેંગ્વેજ પેથોલોજી[BASLP].

**પુનર્વસનની સેવાઓ**

I. એપીલેપ્સી અને હાયપર-કાઇનેટિક બિહેવિયરની સારવાર
II. સંબંધિત તબીબી પરિસ્થિતિઓ માટે સારવાર
III. મોબિલિટી તાલીમ દરમિયાન જ્યાં જરૂર જણાય ત્યાં સર્જરી કે ઓડિયો લોજિકલ એસેસમેન્ટ અને શ્રવણ સાધનોની સહાય.
IV. ઓછી દ્રષ્ટિ માટે જરૂરી સહાય અને સંબંધિત ઉપકરણો
V. ફિઝીયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપીની ઉપચારાત્મક સેવાઓ

**મોબિલિટી સહાય અને સહાયક સાધનોની સેવા**

I. દિવ્યાંગજનોને શારીરિક હિલચાલ માટેની સહાય માટે માધ્યમ બનવું
II. દિવ્યાંગજનોના ઉપકરણોનું યોગ્ય માપન વગેરેની કામગીરી
III. દિવ્યાંગજનોના ઉપકરણોના વપરાશ બાદ ફોલોઅપ તેમજ સમારકામ જેવી સેવાઓ
IV. વધુ અદ્યતન સાધન કે ઉપકરણોના વિકાસ માટે સંશોધન કાર્ય

**વિશિષ્ટ શિક્ષણની સેવાઓ**

i. વ્યક્તિગત શૈક્ષણિક મૂલ્યાંકન અને પ્રોગ્રામિંગ.
ii. કેન્દ્ર-આધારિત અને ઘર-આધારિત વિશેષ શિક્ષણ અને તાલીમ
iii. સંકલિત શિક્ષણ કાર્યક્રમો માટે રેફરલ
iv. ખાસ શાળા અને સામાન્ય શાળા માટે રેફરલ
v. સમાવિષ્ટ/વિશેષ શિક્ષણ માટે સંસાધન કેન્દ્રો તરીકે કાર્યકરો
vi. શિક્ષકોની તાલીમ
vii. શિક્ષણ સંલગ્ન સામગ્રી અને શૈક્ષણિક સહાય
viii. સંશોધન અને વિકાસ

**મનોસામાજિક પુનર્વસન**

i. વ્યક્તિગત મૂલ્યાંકન, માર્ગદર્શન અને પરામર્શ
ii. કટોકટી દરમિયાન સહાય

iii. વ્યક્તિગત અને કૌટુંબિક પરામર્શ

iv. વાલીઓ માટેના તાલીમ કાર્યક્રમો

**વ્યવસાયિક તાલીમ અને રોજગાર**

i. સર્જનાત્મક - મનોરંજક પ્રવૃત્તિઓ અને સામાજિક ક્લબનો પ્રચાર

ii. રમતગમત, કલા, નાટક, સંગીત, સાંસ્કૃતિક અને અભ્યાસેતર જેવી પ્રવૃત્તિઓનું આયોજન

iii. દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો માટે ચેમ્પિયનિંગ

iv. જાગૃતતા અને જાહેર શિક્ષણનું નિર્માણ

શૈક્ષણિક અને તબીબી પ્રવૃત્તિઓ ઉપરાંત CRC ખાતે વ્યાવસાયિક રીતે લાયકાત ધરાવતા કર્મચારીઓ દિવ્યાંગોને શિક્ષિત કરવા અને તેમના પુનર્વસન માટે પ્રવચનો આપવા માટે સક્રિયપણે રોકાયેલા છે. તેઓ ગુજરાત અને સમગ્ર દેશમાં NGO દ્વારા આયોજિત વિવિધ ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમોમાં ભાગ લઈ કામ કરે છે.

**ઉપકરણોની ખરીદી/ફીટીંગ માટે દિવ્યાંગ વ્યક્તિઓને સહાયની યોજના (ADIP યોજના)**

ADIP યોજના વર્ષ ૧૯૮૧ થી કાર્યરત છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગ વ્યક્તિઓને ટકાઉ, અત્યાધુનિક અને વૈજ્ઞાનિક રીતે ઉત્પાદિત, પ્રમાણભૂત ઉપકરણો ખરીદવામાં મદદ કરવા માટે છે. જે દિવ્યાંગતાની અસરોને ઘટાડીને તેમના શારીરિક, સામાજિક અને માનસિક પુનર્વસનને પ્રોત્સાહન આપી શકે છે. અને તેમની આર્થિક ક્ષમતામાં વધારો કરવામાં મદદરૂપ રહે છે. દિવ્યાંગજનોને સહાયક ઉપકરણો તેમની સ્વતંત્ર કામગીરીમાં સુધારો કરવા અને અપંગતા અને ગૌણ દિવ્યાંગતાની અસરોને રોકવાના ઉદ્દેશ્ય સાથે આપવામાં આવે છે. આ યોજના હેઠળ અપાતા સાધનોનું યોગ્ય પ્રમાણપત્ર હોવું આવશ્યક છે. આ ઉપકરણ લાભાર્થીઓને આપતા પહેલા જ્યાં જરૂર હોય ત્યાં આવશ્યક એવી શસ્ત્રક્રિયાઓ હાથ ધરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. આ યોજના હેઠળ સહાયક ઉપકરણોની ખરીદી અને વિતરણ માટે વિવિધ અમલીકરણ એજન્સીઓ (ભારતીય કૃત્રિમ અંગો ઉત્પાદન નિગમ (ALIMCO)/રાષ્ટ્રીય સંસ્થાઓ/સંયુક્ત પ્રાદેશિક કેન્દ્રો/જિલ્લા દિવ્યાંગ પુનર્વસન કેન્દ્રો/રાજ્ય નિગમોને દિવ્યાંગતા/એનજીઓ વગેરે ક્ષેત્રે અનુદાન-સહાય આપવામાં આવે છે.) આ યોજનામાં છેલ્લે તા.૧.૪.૨૦૨૪માં સુધારો કરી વધુ સંશોધન વડે અને ૧૫મા નાણાપંચના બાકીના સમયગાળા દરમિયાન એટલે કે તા.૩૧.૩.૨૦૨૬ સુધી ચાલુ રાખવામાં આવી છે. આ યોજનાની સત્તાવાર લિન્ક https://adip.depwd.gov.in/mosjeApp/orp.html પરથી ઓનલાઈન અરજી કરી શકાય છે.

સંસ્થાનો સંપર્ક

સત્તાવાર લિન્ક: https://crcahmedabad.nic.in/adip-scheme/

સરનામું: ભિક્ષુક ગૃહની પાસે, જી. આઈ. ડી. સી., ઓઢવ, અમદાવાદ – ૩૮૨૪૧૫,

ફોન: ૦૭૯ – ૨૨૮૭૦૫૪૪ • ઈમેઈલ : crcabad@gmail.com crcahmd-nihh@nic.in

# ભારતમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે વ્યાપક સુવિધાઓ અને સેવાઓ

ભારતે દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs) માટે જીવનની ગુણવત્તા સુધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વિવિધ પડકારો હોવા છતાં, સમાવેશ અને સમાન તકોને સુનિશ્ચિત કરવાના હેતુથી સુવિધાઓ, સેવાઓ અને કાયદાકીય માળખાનું વધતું નેટવર્ક છે. આ લેખ ભારતમાં PwDs માટે ઉપલબ્ધ બહુપક્ષીય સહાય પ્રણાલીની શોધ કરે છે, જેમાં કાયદાકીય માળખા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, રોજગાર, આરોગ્ય સંભાળ, સહાયક ઉપકરણો, નાણાકીય સહાય, પુનર્વસન સેવાઓ અને હિમાયતનો સમાવેશ થાય છે.

## ૧. લેજિસ્લેટિવ ફ્રેમવર્ક

ભારતમાં દિવ્યાંગતાના અધિકારોનો આધાર દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, ૨૦૧૬ છે. આ કાયદો પીડબલ્યુડીના અધિકારોને ઓળખવા અને તેનું રક્ષણ કરવામાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. તે સુલભતા, બિન-ભેદભાવ અને વિવિધ ક્ષેત્રોમાં સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વ્યાપક પગલાં ફરજિયાત કરે છે.

સુલભતા: જાહેર ઇમારતો, પરિવહન પ્રણાલીઓ અને ડિજિટલ પ્લેટફોર્મ PwDs માટે સુલભ હોવા જોઈએ. આમાં રેમ્પ, એલિવેટર્સ, સુલભ શૌચાલય અને વેબસાઇટ ઍક્સેસિબિલિટી સુવિધાઓનો સમાવેશ થાય છે.

રોજગાર ક્વોટા: કાયદો PwDs માટે સરકારી નોકરીઓની ચોક્કસ ટકાવારી અનામત રાખે છે અને ખાનગી ક્ષેત્રમાં રોજગારીને પ્રોત્સાહિત કરે છે.

સહાયક ઉપકરણો અને સહાયક સેવાઓ: આ કાયદો ગતિશીલતા અને સંદેશાવ્યવહારને સુધારવા માટે સહાયક ઉપકરણો અને સહાયક સેવાઓના વિતરણ માટે પ્રદાન કરે છે.

## ૨. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુલભતા

સુલભ સાર્વજનિક ઇમારતો: સરકારી અને ઘણી ખાનગી ઇમારતોએ વ્હીલચેર વપરાશકર્તાઓ અને ગતિશીલતાની ક્ષતિ ધરાવતા વ્યક્તિઓને સમાવવા માટે રેમ્પ્સ, એલિવેટર્સ અને સુલભ શૌચાલયનો સમાવેશ કરવા માટે અનુકૂલન કર્યું છે. સાર્વજનિક જગ્યાઓ પર બ્રેઇલમાં સંકેત અને સાંભળી શકાય તેવા સંકેતો વધુને વધુ સામાન્ય છે.

સાર્વજનિક વાહનવ્યવહાર: પરિવહન પ્રણાલીને વધુ સુલભ બનાવવાના પ્રયાસો ચાલુ છે. કેટલાક શહેરોએ લો-ફ્લોર બસો અને સુલભ ટ્રેનના ડબ્બા રજૂ કર્યા છે. એરપોર્ટ હવે દિવ્યાંગ પ્રવાસીઓ માટે વ્હીલચેર સહાય અને અન્ય સહાયક સેવાઓ પ્રદાન કરે છે.

## ૩. શૈક્ષણિક સુવિધાઓ

સમાવિષ્ટ શિક્ષણ: ભારત દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિક્ષણને સમાવિષ્ટ બનાવવા માટે કામ કરી રહ્યું છે. શાળાઓ અને કોલેજો વધુને વધુ સર્વ સમાવેશક પ્રથાઓ લાગુ થઈ રહી છે, જેમ કે:

સુલભ વર્ગખંડો: શાળાઓ રેમ્પ, સુલભ શૌચાલય અને વિશિષ્ટ ફર્નિચરથી સજ્જ છે.

વિશેષ શૈક્ષણિક સહાય: શાળાઓ વિવિધ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે બ્રેઇલ પુસ્તકો, ઓડિયો-વિઝ્યુઅલ સહાય અને સાંકેતિક ભાષાના ભાષાંતરકારો જેવી સહાય મળતી થઈ છે.

સરકારી યોજનાઓ: સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન જેવા અભિયાન પહેલ દિવ્યાંગ વિદ્યાર્થીઓને મુખ્ય પ્રવાહના શિક્ષણમાં સંમેલિત કરવા અને જ્યાં જરૂરી હોય ત્યાં વિશેષ જોગવાઈઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## ૪. રોજગારની તકો

રોજગાર ક્વોટા: સરકાર માર્ગદર્શિકા મુજબ જાહેર ક્ષેત્રની નોકરીઓની ચોક્કસ ટકાવારી પીડબલ્યુડી માટે આરક્ષિત હોવી જોઈએ. આમાં વિવિધ વિભાગો અને સરકારના સ્તરોમાં વિવિધ ભૂમિકાઓનો સમાવેશ થાય છે.

ખાનગી ક્ષેત્રની પહેલ: ખાનગી ક્ષેત્રમાં પીડબલ્યુડીની રોજગારીને પ્રોત્સાહન આપવા માટે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાએ અને સરકારી વિભાગો કામ કરે છે. પ્રોગ્રામ્સ કૌશલ્ય વિકાસ, જોબ પ્લેસમેન્ટ અને સહાયક કાર્ય વાતાવરણ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## ૫. આરોગ્ય સંભાળ સેવાઓ

વિશિષ્ટ ક્લિનિક્સ અને હોસ્પિટલો: કેટલીક હોસ્પિટલો અને ક્લિનિક્સ PwDs માટે તબીબી સંભાળ પૂરી પાડવા માટે સમર્પિત છે. આ સુવિધાઓ સેવાઓની શ્રેણી પ્રદાન કરે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

પુનર્વસન સેવાઓ: શારીરિક ઉપચાર, વ્યવસાયિક ઉપચાર અને મનોવૈજ્ઞાનિક સહાય.

સહાયક ઉપકરણો: વ્હીલચેર, પ્રોસ્થેટિક્સ અને શ્રવણ સાધનો જેવા ઉપકરણોની જોગવાઈ.

સરકારી યોજનાઓ: દિવ્યાંગ વ્યક્તિઓને સહાય અને ઉપકરણોની ખરીદી/ફિટિંગ માટે સહાય (ADIP) લાભાર્થીઓને સબસિડીવાળા જરૂરી ઉપકરણો પ્રદાન કરે છે.

## ૬. સહાયક ઉપકરણો

સરકારી પહેલ: ADIP યોજના PwDs ને સહાયક ઉપકરણો પ્રદાન કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આમાં સામેલ છે:

ગતિશીલતા સહાયક: વ્હીલચેર, ક્રેચ અને કૃત્રિમ અંગો.

સંવેદનાત્મક સહાય : શ્રવણ સહાયક અને વિઝ્યુઅલ એઇડ્સ જેમ કે બ્રેઇલ પુસ્તકો અને મેગ્નિફાયર.

રાજ્ય-વિશિષ્ટ કાર્યક્રમો: વિવિધ રાજ્યો પાસે સહાયક ઉપકરણો અને સમર્થનનું વિતરણ કરવા માટે તેમની પોતાની યોજનાઓ પણ કાર્યરત છે.

## ૭. નાણાકીય સહાય અને સામાજિક સુરક્ષા

દિવ્યાંગતા પેન્શન: કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને દિવ્યાંગતા પેન્શન દ્વારા PwDને નાણાકીય સહાય પૂરી પાડે છે. આ પેન્શનનો હેતુ, નાણાકીય સુરક્ષા સ્થિરતા સુધારવાનો છે.

સબસિડી અને લાભ: શિક્ષણ, પરિવહન અને અન્ય જરૂરિયાતો માટે વધારાની સબસિડી અને લાભ ઉપલબ્ધ છે. ઉદાહરણ તરીકે, અમુક રાજ્યો acc માટે પરિવહન સબસિડી ઓફર કરે છે

## ૮. પુનર્વસન સેવાઓ

પુનર્વસન કેન્દ્રો: ભારતમાં અસંખ્ય સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત પુનર્વસન કેન્દ્રો ઓફર કરે છે:

શારીરિક ઉપચાર: ગતિશીલતા અને દૈનિક કામગીરીમાં સુધારો કરવા માટે.

વ્યવસાયિક તાલીમ: પીડબલ્યુડીને રોજગાર અને સ્વતંત્ર જીવન માટે કૌશલ્યોથી સજ્જ કરવા.

પરામર્શ સેવાઓ: માનસિક સ્વાસ્થ્ય સહાય અને વ્યક્તિગત વિકાસ માટે.

## ૯. હિમાયત અને સહાયક સંસ્થાઓ

ડિસેબિલિટી એડવોક સી ગ્રુપ (વિકલાંગતા હિમાયત જૂથ) ગુજરાત ક્ષેત્રે વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના પ્રશ્નોને વાચા આપતી સંસ્થા

એનજીઓ અને સહાયક જૂથો: વિવિધ સંસ્થાઓ હિમાયત, સહાયક સેવાઓ અને જાગૃતિ

અભિયાનો દ્વારા પીડબ્લ્યુડીને ટેકો આપવા માટે અથાક કામ કરે છે.

નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલ્ડ પીપલ (NCPEDP): PwDs ના રોજગાર અને અધિકારોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

Saksham: PwDs ના જીવનને સુધારવા માટે વિવિધ સેવાઓ પૂરી પાડે છે.

સંસાધનો: નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલ્ડ પીપલ (NCPEDP)

## ૧૦. ડિજિટલ સુલભતા

સુલભ ડિજિટલ પ્લેટફોર્મ્સ: સરકારી અને NGO વેબસાઇટ્સ સહિત ડિજિટલ પ્લેટફોર્મ પીડબલ્યુડી માટે સુલભ છે તેની ખાતરી કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે.

- ડિજિટલ સુલભતાની પહેલઃ વપરાશકર્તાઓ માટે સ્ક્રીન રીડર સુસંગતતા ધરાવતી વેબસાઇટ્સ: પ્રજ્ઞાચક્ષુ
- ઍક્સેસિબલ એપ્સ: PwDs માટે ડિજિટલ એપ્લીકેશન મૈત્રીપૂર્ણ બનાવવા માટે વૉઇસ કમાન્ડ અને મોટા ટેક્સ્ટ વિકલ્પો જેવી સુવિધાઓ સાથે ડિઝાઇન કરવામાં આવી છે.

## ૧૧. કાયદાકીય અને સલાહકારી સેવાઓ

કાયદાકીય સહાય: કાયદાકીય સહાય કર્તા સંસ્થાઓ PwD ને તેમના અધિકારો સમજવા અને તેનો ઉપયોગ કરવામાં મદદ કરવા માટે સહાય પૂરી પાડે છે.

કાનૂની પરામર્શ: દિવ્યાંગતાના અધિકારો અને રક્ષણોને સંરક્ષણ કરવા માટે.

હિમાયત: ભેદભાવના મુદ્દાઓને સંબોધવા અને નીતિના સ્તરે ફેરફારની હિમાયત કરવી.

## નિષ્કર્ષ

દિવ્યાંગ વ્યક્તિઓના જીવનને સુધારવા માટેની ભારતની પ્રતિબદ્ધતા સુવિધાઓ અને સેવાઓની વિશાળ શ્રેણી દ્વારા સ્પષ્ટ થાય છે. કાયદાકીય માળખા અને સુલભ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને શૈક્ષણિક અને રોજગારની તકો સુધી, નોંધપાત્ર પ્રગતિ થઈ છે. જો કે, પ્રાદેશિક અસમાનતાઓને સંબોધવા અને આ સુવિધાઓ સમગ્ર દેશમાં અસરકારક રીતે લાગુ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નોની જરૂર છે. ભારતમાં તમામ PwDs માટે સંપૂર્ણ સમાવેશ અને સશક્તિકરણ હાંસલ કરવા માટે સતત હિમાયત, સરકારી સમર્થન અને નાગરિકોનું યોગદાન નિર્ણાયક બની રહેશે

# સરકારી સંસ્થાઓ

## ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમ

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હી સાથે ઓગષ્ટ-૨૦૨૧ના રોજ થયેલા જનરલ લોન એગ્રીમેન્ટ અન્વયે રાષ્ટ્રીય દિવ્યાંગ નાણા અને વિકાસ, નિગમ, નવી દિલ્હીની ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે આ નિગમ કાર્યરત છે. નિગમ દ્વારા રાજય સરકાર તથા રાષ્ટ્રીય નિગમ તરફથી દર વર્ષે મંજૂર થયેલી લોનની રકમને ધ્યાનમાં લઈ સીધા-ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

બ્લોક નં. ૨ એ,  વિંગ, ૬ઠ્ઠા માળે, રૂમ નં ૬૦૧, કર્મયોગી ભવન, નવા સચિવાલય રોડ, ગાંધીનગર ૩૮૨૭૧૦. ફોન-૭૯૨૯૯૧૮૦૪૪

mdgshfdc@gujarat.gov.in

https://gshfdc.gujarat.gov.in/AboutUs.aspx

## નિયામક, સમાજ સુરક્ષા (દિવ્યાંગ કલ્યાણ)

સમાજ સુરક્ષા ખાતાની પ્રવૃત્તિઓ મુખ્યત્વે સમાજના નબળા વર્ગો જેવા કે અનાથ, નિરાધાર, ગુના તરફ વળેલા બાળકો તેમજ યુવાન અને સંજોગોનો ભોગ બનેલી બાળાઓ, શારીરિક-માનસિક ક્ષતિવાળા બાળકો અને પુખ્તવયની વ્યક્તિઓ તથા વૃધ્ધો અને અશક્તો અને ભિક્ષુકોના કલ્યાણ તેમજ પુનઃવસવાટ વગેરે સાથે સંકળાયેલી છે.

આ હેતુ માટે જરૂર જણાયે આવી વ્યક્તિઓને સંસ્થામાં આશ્રય આપવામાં આવે છે. જેમાં તેઓને ભોજન, કપડાં, વૈદકિય સારવાર, શૈક્ષણિક, ઔદ્યોગિક તાલીમ અને પુનઃવસવાટ અંગેની સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. સમાજ સુરક્ષા ખાતાના આ ઉદ્દેશ્યો પાર પાડવા માટે રાજ્ય સરકાર તરફથી જુદા-જુદા સામાજિક અધિનિયમોનો અમલ કરવામાં આવે છે.

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, બ્લોક નં.-૧૬, ભોંય તળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦ • ફોન -૦૭૯- ૨૩૨૫૬૦૯

https://sje.gujarat.gov.in/dsd/home?lang=Gujarati

## કમિશનર, દિવ્યાંગ જન, ગુજરાત

દિવ્યાંગ વ્યક્તિઓના હક્કોના રક્ષણના કિસ્સાઓમાં આ કચેરી સીવીલ કોર્ટ તરીકેની કામગીરી બજાવે છે. જે ઓનલાઈન માધ્યમથી પણ સક્રિય છે. કેન્દ્ર સરકારના સુચવ્યા અનુસાર રાજ્ય સરકારે નવેમ્બર-

૧૯૯૬માં રાજ્ય કમિશનરની નિમણુંક કરી હતી. પરંતુ ડીસેમ્બર-૧૯૯૯થી રાજ્ય કમિશનરને સ્વતંત્ર કચેરી અને કર્મચારીગણ અપાયા છે. જો કે આ કચેરી ખાતે કોઈ પણ યોજનાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી.

દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.-૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર. ફોન - ૦૭૯ - ૨૩૨૫૬૭૪૯

https://sje.gujarat.gov.in/disability/Home

## બિનસરકારી સંસ્થાઓ

| ક્રમ | જિલ્લો | સંસ્થાનું નામ | સરનામું | લાભાર્થીનો પ્રકાર | ઈ-મેઈલ એડ્રેસ |
|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર | સંન્યાસ આશ્રમની બાજુમાં, આશ્રમ રોડ, અમદાવાદ | - | - |
| ૨. | અમદાવાદ | ૧૮ વર્ષથી ઉપર અને ૧૮ વર્ષથી નાના મંદબુદ્ધિવાળા બહેનોની સંસ્થા | કુબેર નગર, રેલ્વે ફાટક પાસે, નરોડા, અમદાવાદ | મહિલા | - |
| ૩. | કચ્છ | આચાર્યશ્રી, સરકારી અંધશાળા, ભૂજ | નાગરિક સોસાયટી પાસે, હોસ્પિટલ રોડ, ભૂજ, કચ્છ | પુરૂષ | hm-dsd-kut@gujarat.gov.in |
| ૪. | જુનાગઢ | અધિક્ષકશ્રી. એમ.પી.શાહ અંધ શાળા જૂનાગઢ | હાથીખાના મેદાન, એમ. જી. રોડ, જુનાગઢ | પુરૂષ | mpshahblindschool@gmail.com |
| ૫. | જુનાગઢ | આચાર્યશ્રી મૂક-બધિર શાળા, જૂનાગઢ | હાથીખાના મેદાન, એમ. જી. રોડ, જૂનાગઢ | પુરૂષ/ મહિલા | ddsjnd૨૦૧૬@gmail.com |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | નર્મદા | સરકારી મૂક-બધિર શાળા, રાજપીપળા, નર્મદા | મહા વિદ્યાલય રોડ, સંદિપ ટાયરની સામે, રાજપીપળા, નર્મદા. | પુરૂષ | ddschool.raj૩૯૩૧૪૫@gmail.com |
| ૭. | મહેસાણા | આચાર્યશ્રી, શ્રીમતી કેસરબાઇ કીલાચંદ બહેરા-મુંગા શાળા મહેસાણા. | પિલાજી ગંજ બી.જે.પી.કચેરી સામે, મહેસાણા | પુરૂષ/ મહિલા | - |
| ૮. | રાજકોટ | અધિક્ષકશ્રી., મંદબુદ્ધિવાળા બાળકોનું ગૃહ રાજકોટ | કાલાવાડ રોડ, પાણીના ટાંકાની સામે, રાજકોટ | પુરૂષ | sdorajkot@gmail.com |
| ૯. | રાજકોટ | અધિક્ષકશ્રી., મંદબુદ્ધિવાળા બાળાઓનું / મહિલાઓનું નિવાસી ગૃહ, રાજકોટ | ભક્તિનગર સ્ટેશન રોડ, નિલકંઠ ઈલેક્ટ્રિકની સામે, રાજકોટ | મહિલા | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦. | રાજકોટ | અપંગ બાળગૃહ, રાજકોટ | ગોંડલ રોડ, શિવાલિક બિલ્ડીંગ ની બાજુમાં | પુરૂષ | solankibharat૫૪૭@gmail.com |
| ૧૧. | વડોદરા | માનસિક ક્ષતિ બાળકોનું ગૃહ, વડોદરા(GACI) | કારેલીબાગ પાણીની ટાંકી પાછળ ગુરુકૃપા સોસા.ની બાજુમાં | પુરુષ | ges.tushar@gacl.co.in |
| ૧૨. | વડોદરા | અપંગ બાળગૃહ (દીપક) | સમાજ સુરક્ષા સંકુલ - દિપક ફાઉન્ડેશન, પેંશનપુરા, વદોદરા | પુરૂષ | mukesh.modi@deepakfoundation.org |
| ૧૩. | વડોદરા | અંધ શાળા (દીપક)સમાજ સુરક્ષા સંકુલ - દિપક ફાઉન્ડેશન, પેંશનપુરા, વડોદરા | વડોદરાઅંધ શાળા (દિપક)સમાજ સુરક્ષા સંકુલ - દિપક ફાઉન્ડેશન, પેંશનપુરા, વડોદરા | પુરૂષ | mukesh.modi@deepakfoundation.org |



# NGO સંસ્થાઓ

૧. જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
મુ. કોડીનાર, "જીવનદીપ" ચોરવાડી હનુમાન મંદિરની બાજુમાં, બાયપાસ રોડ, કોડીનાર

૨. રાધે ડિફરન્ટલી એબલ ફાઉન્ડેશન
C/O. અતુલકુમાર જે. ગાંધી, જોધા માણેક રોડ, દ્વારકા, જિ.દેવભૂમિ દ્વારકા

૩. આશિર્વાદ વિકલાંગ ટ્રસ્ટ
સાયલા, નેશનલ હાઇવે,પોલીસ સ્ટેશન પાછળ, તા. સાયલા, જિ.સુરેન્દ્રનગર, પીનકોડ-૩૬૩૪૩૦

૪. જીવન સ્મૃતિ સ્કૂલ ફોર ધી મેન્ટલી રીટાર્ડેડ ચિલ્ડ્રન
વઢવાણ રેલ્વે સ્ટેશન પાસે, વાઘેલા રોડ,વઢવાણ

૫. સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ
પ્લોટ નં.-૧૦૭, અંધકલ્યાણ કેન્દ્રની પાછળ, પિન્ક સિટી ફ્લેટની સામે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

૬. અમરેલી મુકબધિર સેવા ટ્રસ્ટ
સાયન્સ કોલેજ પાસે. વિદ્યા વિહાર, લાઠી રોડ, અમરેલી-૩૬૫૬૦૧

૭. ડિસ્ટ્રિક્ટ ડિસેબિલિટી રિહેબિલિટેશન સેન્ટર
ઓ બ્લોક, એમઆરઆઇ સેન્ટર પાસે, પીજી હોસ્ટેલ સામે, સિવિલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ

૮. અપંગ સેવા ટ્રસ્ટ
મુ.પો. નુગર, તા-જી-મહેસાણા, પીન-૩૮૪૨૦૫

૯. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન
એ-૦૪, સુજલ એપાર્ટ્મેન્ટ, સેટેલાઇટ, બંગ્લોઝ સામે, રામદેવ નગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫

૧૦. માનવ આરોગ્ય સેવા કેન્દ્ર
વાત્સલ્ય સ્કૂલ ફોર મેન્ટલી ચેલેન્જ ચિલ્ડ્રન, પારડી કોલેજ પાછળ, સ્ટેશન રોડ કિલ્લા-પારડી, તા.પારડી, જિ. વલસાડ, પીનકોડ-૩૯૬૧૨૫

૧૧. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન
સ્ટેટ પબ્લિક ચુનિવર્સિટી
રામકૃષ્ણ પરમહંસ વિદ્યાસંકુલ, મહાત્મા મંદિર પસે, ખ રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬

૧૨. આઇ શ્રી ખોડીયાર એજ્યુકેશન સેવા ટ્રસ્ટ
મુ. પાલ્લા, કોઠામ્બા તા. લુણાવાડા, જિલ્લો-મહીસાગર, પીનકોડ-૩૮૯૨૨૦

૧૩. ગીતાંજલી એજ્યુકેશન ટ્રસ્ટ
ડોન બોસ્કો યૂથ સેન્ટર, ફતેપુરા ખાતે. RTO ઓફિસની સામે, ફતેપુરા, છોટાઉદેપુર-૩૯૧૧૬૫

૧૪. શ્રી સામજીભાઇ હરજીભાઇ તલાવીયા ચેરીટેબલ ટ્રસ્ટ
આર.કે.યુનિવર્સિટી, કસ્તુરબા ધામ, રાજકોટ

૧૫. વિકલાંગ સર્વાંગી વિકાસ ટ્રસ્ટ
વણભોરી, પો.ગમલા, તા.જિ.દાહોદ

૧૬. ગુજરાત સ્ત્રી પ્રગતિ મંડળ
ઉત્થાન તાલીમ કેન્દ્ર,
પીપલ્સ કો.ઓ.બેંક પાસે, કોચરબ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

૧૭. અસ્મિતા વિકાસ કેન્દ્ર
ક્રીસ ટ્રેનીંગ સેન્ટર ટ્રસ્ટ, મેન્ટલ
હેન્ડીકેપ્ડ એન્ડ સિરેબ્રલ પાલ્સી ચિલ્ડ્રન
ત્રલસા, ભરૂચ - ૩૯૨૦૨૦

૧૮. બ્લાઇન્ડ પીપલ એસોસિએશન
જગદીશ પટેલ ચોક, વસ્ત્રાપુર ચાર
રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫

૧૯. પીએનઆર સોસાયટી ફોર રીલીફ એન્ડ
રીહેબિલિટેશન ઓફ ધ ડિસેબલ
નટરાજ કોલેજ, સરદાર પટેલ શાળા
પાસે, કાળીયાબીડ, ભાવનગર -
૩૫૪૦૦૨. ફોનઃ ૯૪૯૯૬૬૧૬૯૪

૨૦. શ્રીજી કેળવણી ટ્રસ્ટ
૧૦૦, વસંત વિહાર સોસાયટી, જૂની
નારોલ કોર્ટ સામે, અમદાવાદ

૨૧. અંધજન કેળવણી ટ્રસ્ટ
અમદાવાદ જૂનાગઢ રોડ, ધોરાજી

૨૨. અંધ કન્યા પ્રકાશ ગૃહ
માનવ મંદિર રોડ, મેમનગર, અમદાવાદ

૨૩. શ્રી જ્ઞાનદીપ કેળવણી મંડળ
મુ. ગાંગરડી, પો. બોરીયા, તા. ગરબાડા,
જિ. દાહોદ

૨૪. સોસાયટી ફોર ધી ટ્રેનિંગ એન્ડ
વોકેશનલ રીહેબિલિટેશન ઓફ ધ
ડિસેબલ, સેવા તીર્થ, આદર્શનગર,
ધનિયાવી બાયપાસ, તરસાલી, વડોદરા

૨૫. હનુમાન ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ
ફાઉન્ડેશન
૪૧, અંબિકા ટેનામેન્ટ, ઇસનપુર બસ
સ્ટોપ પાસે, ઇસનપુર, પીન કોડ-
૩૮૨૪૪૩

૨૬. નિરાંત વિવિધ સેવા ટ્રસ્ટ
૪, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, અશોકનગર
પાસે, નડીયાદ-૩૮૭૦૦૨, જિ.ખેડા

૨૭. જીએમઇઆરએસ
મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, સોલા,
એસ. જી. હાઇવે, અમદાવાદ-૩૮૦૦૬૦

૨૮. જનહિત ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫, ઝેવિયર્સનગર, મરીયમપુરા, ખંભાત

૨૯. નેશનલ એસોસિએશન ફોર ધી
બ્લાઇન્ડ
ફ્લેટ નં-૧૦૧, રુષિકેશ એપાર્ટમેન્ટ,
નાગરીક સોસાયટીની બાજુમાં

૩૦. કરુણાસાગર ચિદાનંદજી એજ્યુકેશન
એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
મુ.સરસાઇ, તા.વીસાવદર,
જિ. જુનાગઢ-૩૬૨૧૨૦

૩૧. એકરંગ ચિલ્ડ્રન ડેવલપમેન્ટ
ઇન્સ્ટિટ્યૂટ
૫૩, વિશ્વકર્મા સોસાયટી, શેરીનં-૪,
સાધુવાસવાણી રોડ, યુનિ.રોડ, રાજકોટ

૩૨. રાઈઝ એન્ડ ફ્લાઈ ફાઉન્ડેશન
૧૮/૧૯૨, વિશ્રામ પાર્ક, નેશનલ હેન્ડલુમ,
ભાવસાર હોસ્ટેલ, નવા વાડજ, અમદાવાદ

૩૩. ગુજરાત રક્તપિત નિવારણ સેવા સંઘ
"સેવાતીર્થ" આદર્શનગર સામે, ધનચાવી રોડ, તરસાલી, વડોદરા -૩૯૦૦૦૯

૩૪. ઓમકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
૪૮/ડી, સુમેલ-૫, બિઝનેસ પાર્ક, ચમનપુરા ક્રોસ રોડ પાસે, ચામુંડા બ્રિજ પાસે, અસારવા, અમદાવાદ

૩૫. શ્રી કલરવ ચેરીટેબલ ટ્રસ્ટ
સ્ટેશન રોડ, રુંગતા સ્કૂલની પાછળ, ભરૂચ

૩૬. નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ
ડી. જે. હોસ્ટેલ બિલ્ડિંગ, પંચાયત હોસ્પિટલ પાસે, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦

૩૭. સમર્થ ચેરીટેબલ ટ્રસ્ટ
૨-૪૦૨, શ્રીનંદનગર પાર્ક-૨, મકરબા રોડ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧

૩૮. ધી રીચ સેન્ટર ફોર ઓટીઝમ
નં. ૩, ચંદ્રમણી વ્યુ, મકરંદ દેસાઈ રોડ, ઇસ્કોન મંદિર પાસે, વડોદરા - ૩૯૦૦૨૧

૩૯. ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ
દિવ્યાંગ સેવા પરિસર, વિસનગર-વિજાપુર હાઈવે, બાજીપુરા પાટિયા પાસે, મુ.કુવાસણા, તા. વિસનગર જી.મહેસાણા

૪૦. ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ
પાંજરાપોળ બિલ્ડીંગ, આઝાદ ચોક પાસે, મહેસાણા-૩૮૪૦૦૦૧

૪૧. એક્સેલર્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ
૪૨૧, બોની ટ્રાવેલ પાછળ, મકીન માર્કેટ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૧૧

૪૨. દિવ્ય દ્રષ્ટિ ફાઉન્ડેશન
મુ. સાપકડા, તા. હળવદ, જિ. મોરબી

૪૩. શ્રીમદ્ રાજચંદ્ર સર્વ મંગલ ટ્રસ્ટ
શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ, એમ. ટી બસ ડેપોની સામે, ધરમપુર, વલસાડ

૪૪. રોગી કલ્યાણ સમિતિ ગવર્નમેન્ટ સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ
રોગી કલ્યાણ સમિતિ ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ, સિવિલ હૉસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬

૪૫. જયશ્રી મારુતી નંદન કિસાન વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ
સુખસર સ્વામી વિવેકાનંદ સોસાયટી, ગરબાડા રોડ, દાહોદ

૪૬. અપંગ માનવ મંડળ
અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન સામે, અટીરા પાછળ, વસ્ત્રાપુર રોડ, અમદાવાદ-૧૫

૪૭. સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ
રાજેન્દ્રનગર ચોકડી, હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે, હિંમતનગર, જિ. સાબરકાંઠા

૪૮. શ્રી બક્ષીપંચ કલ્યાણ કેન્દ્ર
મુ. જૂના નાવડા, તા.બરવાળા, જિ. બોટાદ

૪૯. સર્વિસ એસોશિએશન ફોર બ્લાઇન્ડ
પ્લોટ નં-૧૫૬, બગીચા પાછળ, મેઇન શોપીંગ સેન્ટર, સેક્ટર નં-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬

૫૦. ધ સોચાયટી ફોર ધી ફિઝીકલ હેન્ડીકેપ વડોદરા
ઇએમઇ રોડ, ઇએમઇ વર્કશોપ સામે, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

૫૧. માતા લક્ષ્મી રોટરી ચેરીટેબલ સોસાયટી
પ્લોટ નં.૨૬-૨૭, વોર્ડ-૨/બી, સ્ટેશન રોડ, આદિપુર, કચ્છ

૫૨. મેડીકલ કેર સેન્ટર ટ્રસ્ટ
જલારામ માર્ગ કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮

વિદેશમાં મળતા ઘણાં મોંઘા કૃત્રિમ હાથની સામે બરાબરી કરી શકે તેવો ભારતનો આ સૌપ્રથમ ઈલેક્ટ્રોનિક હાથ છે. જે કિંમતની દૃષ્ટિએ સામાન્ય માનવને પોસાય તેવો છે. આ કૃત્રિમ હાથ ઠંડુ અને ગરમ પારખી શકે તેવા બીજા સંશોધનો હજુ ચાલી રહ્યા છે. આ રીતે આપણા દેશમાં બે યુવાન એન્જિનિયરોએ ૧૯મી સદીના અંતે દિવ્યાંગો માટે હંમેશા યાદ રહે તેવી શોધ કરીને રાષ્ટ્રને અર્પણ કરી છે.

- હાથનો પંજો
- અડધો હાથ
- હાથ
- પગનો પંજો
- પગના પંજા ઉપરના ભાગ સાથે
- કૃત્રિમ પગ

## દિવ્યાંગોને ઉપયોગી સાધનો

### શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ માટેઃ

૧. વોકર

૨. કેલીપર્સ

૩. લાકડાની ઘોડી

૪. નાની-મોટી થઈ શકે તેવી લાકડી

૫. વ્હીલચેર

૬. ટૂંકા પગવાળી વ્યક્તિ માટે બુટ

૭. ત્રણ પૈડાંની સાયકલ

૮. પેટ્રોલથી ચાલતી ત્રણ પૈડાંવાળી મોપેડ

૯. પાછળના ભાગે બે એક્સ્ટ્રા વ્હીલ લગાડેલ સ્કૂટી

૧૦. સાઈડકારવાળું સ્કૂટર

### પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે :

૧. સીધી લાકડી

૨. ફોલ્ડ કરેલી લાકડી

### શ્રવણમંદ વ્યક્તિઓ માટે :

ઓડિટરી સ્પીચ ટ્રેઈનર્સ સીરિઝ



## દિવ્યાંગો માટે ઉપયોગી કૃત્રિમ અવયવો તેમજ સાધનો રાહત ભાવે વેચતી સેવાભાવી સંસ્થાઓ

કોઈપણ દિવ્યાંગ વ્યક્તિ પગ કે હાથ માટે પોલિયો કેલીપર્સની વિનામૂલ્યે જરૂરત હોય તો નીચેના સરનામે પત્રવ્યવહાર કરી શકે છે.

૧. આઇક્રોનિક રીહેબિલિટેશન સેન્ટર, નવરંગપુરા, અમદાવાદ

૨. સ્ટાર આર્ટિફિશિયલ લીમ્બ સેન્ટર અખબારનગર, નવાવાડજ, અમદાવાદ

## ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિના સહયોગથી જરૂરતમંદ માટે નીચેના સરનામે સંપર્ક કરવો

૧. શ્રી નવદુર્ગા સેવા ટ્રસ્ટ

શ્રી નવદુર્ગા મંદિર, હાઈવે નં.-૮, મુ. દશરથ, તા. જિ. વડોદરા -૩૯૧૭૫૯. ફોન નં. (૦૨૬૫) ૨૨૭૩૨૯૩

૨. આર્ટિફિશિયલ લીમ્બ સેન્ટર

કમાણી ફાઉન્ડેશન - ૨૦૮-૨૧૫, સ્ટાર પ્લાઝા, ફુલછાબ ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન નં. ૦૭૯-૪૭૧૨૦૮૫૮

3. લાયન્સ ક્લબ ઓફ ભૂજ

શ્રીમતી ઝવેરબહેન કાંતીલાલ ઠક્કર, લાયન્સ ભવન, લાયન્સ માર્ગ, હોસ્પિટલ રોડ, ભૂજ, જિ. કચ્છ - ૩૭૦૦૦૧. ફોન: ૦૨૮૩૨-૨૫૫૯૯૦

| સેવાભાવી સંસ્થાનાં નામ-સરનામાં | બનાવવામાં આવતા કૃત્રિમ અવયવો | કૃત્રિમ સાધનો |
|---|---|---|
| શ્રીમતી પરસનબહેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા), સોસા. ફોર રીલીફ એન્ડ રીહેબિલિટેશન ફોર ડિસેબલ્ડ, નટરાજ રીસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કેમ્પસ, સરદાર પટેલ સ્કૂલ પાસે, કાળીયાબીડ, જિ. ભાવનગર<br>ફોન : ૯૪૨૬૪૯૮૯૯૩<br>ફેક્સ : ૦૨૭૮ - ૨૪૩૧૧૬૦<br>Email. pnrsociety.cpschool@gmail.com | અડધો પગ(પ્રભાફૂટ)<br>આખો પગ પંજો<br>અડધો હાથ<br>આખો હાથ | કેલિપર્સ ટ્રાયસિકલ<br>વ્હીલચેર ક્રચીઝ<br>(કાંખ ઘોડી) વોકર્સ<br>(ફોલ્ડિંગ) પોસ્ટિરિયા<br>સ્પ્લીન્ટ થાપાની ચીપ |

| સેવાભાવી સંસ્થાનાં નામ-સરનામાં | બનાવવામાં આવતા કૃત્રિમ અવયવો | કૃત્રિમ સાધનો |
|---|---|---|
| કૃત્રિમ અવયવ કેન્દ્ર<br>પેરાપ્લેજિયા હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, કેન્સર હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ - ૧૬<br>ટે. નં. ૨૬૮૦૪૭૧, ૨૬૮૪૨૫૮ | અડધો હાથ<br>આખો પગ | કેલિપર્સ<br>લાકડાની ઘોડી<br>કમરના દર્દના દરેક પ્રકારના પટ્ટા |
| પ્રીતિ જગમોહન ભોગીલાલ<br>નેશનલ રિહેબિલિટેશન એન્જિ.<br>ઈન્સ્ટિ. ડિસ્ટ્રિબ્યુટર એલીમકો પ્રોડકટસ, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૧૫.<br>ફેક્સ : ૦૭૯ - ૨૬૫૬૦૧૦૬ | અડધો હાથ<br>આખો હાથ<br>અડધો પગ<br>આખો પગ | વૉકર્સ, વ્હીલચેર સાદી, વ્હીલચેર ફોલ્ડિંગ, ટ્રાયસિકલ હેન્ડિકા (સ્ટાન્ડર્ડ-ક્લિક્ષ)<br>પેરાપ્લેજિક માટે મિનિ ટ્રાયસિકલ એલ્બો, ૧૨૩ મોટરાઈઝડ વૉકર, ક્રચીઝ, (કાંખ ઘોડી), ટ્રાયસિકલ, હિયરિંગ એઈડ. |
| હેન્ડિકા સેલ્સ, કૃષ્ણ સિનેમા પાસે રતનપોળ, રીલિફ રોડ, અમદાવાદ ૦૧ અંધજન મંડળ શો રૂમ. | | અપંગોના સાધનો |
| કૃત્રિમ અવયવ કેન્દ્ર. વી. એસ. હોસ્પિટલ, મેડિકલ કોલેજના ભોંયરામાં, એલિસબ્રિજ, અમદાવાદ. | અડધો પગ<br>આખો પગ | વાંસની ઘોડી સ્પ્લીન્ટસ, બ્રેઝીઝ, કેલિપર્સ. |
| અપંગાશ્રમ, કૃત્રિમ અવયવ કેન્દ્ર, ઈન્ડિયન રેડ ક્રોસ અપંગ સહાય આશ્રમ, જૂના વાડજ, ચંદ્રભાગા પુલ પાસે, અમદાવાદ | પગ | સ્પ્લીન્ટસ, બ્રેઝીઝ, કેલિપર્સ |
| ભારત વિકાસ પરિષદ ૨૨, જયદીપ ટાવર, શ્રેયસ રેલવે, ક્રોસિંગ પાસે, અમદાવાદ.<br>ફોન : ૨૬૩૩૬૦૮૭ | અડધો પગ<br>આખો પગ<br>આખો હાથ<br>અડધો હાથ | હેન્ડીકેપ્ડને ઉપયોગી તમામ સાધનો |

| સેવાભાવી સંસ્થાનાં નામ-સરનામાં | બનાવવામાં આવતા કૃત્રિમ અવયવો | કૃત્રિમ સાધનો | વેચાણનો પ્રકાર |
|---|---|---|---|
| રાજસ્થાન હોસ્પિટલ, કેમ્પ રોડ, શાહીબાગ, અમદાવાદ | જયપુર ફૂટ | | રાહત ભાવે |
| બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન, સ્પંદન, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ટર્નિંગ રોડ, નવી સિવિલ હોસ્પિટલ પાછળ, ભૂજ. | અડધો હાથ<br>આખો હાથ<br>અડધો પગ | હેન્ડીકેપને ઉપયોગી તમામ સાધનો | રાહત ભાવે<br>ફિઝિયોથેરાપી ટ્રીટમેન્ટ ફ્રી |

**રાજ્ય બહારથી મળતા કૃત્રિમ સાધનો :**

ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ, સવાઈ માનસિંગ હોસ્પિટલ, જયપુર, ફોન : ૨૫૬૩૦૬૩

- જયપુર ફૂટ
- કેલિપર્સ, ક્રચીજ, હિયરિંગ એઈડ
- રાહત ભાવે

૧. "જયપુર ફૂટ"ની માહિતી માટે નીચે લખેલ વેબસાઈટ ઉપર જવું.

Website: www.jaipurfoot.org ભગવાન મહાવીર વિકલાંગતા સહાયતા સમિતિ, ડી.આર.મહેતા ફાઉન્ડર અને ચીફ પેર્ટન, ૧૩ "A", ગુરૂનાનક પથ, માલવીયાનગર, જયપુર - ૩૦૨૦૧૭, ટે. નં. : ૯૩૧૪૫૬૬૬૬૫, vezeer હવે ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ, તરફથી ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ (પેરાપ્લેજીયા હોસ્પિટલ)

૨. Arther Prosthetics Pvt. Ltd.

B -૭૫, Block B, Lajpat Nagar - ૨, New Delhi - ૧૧૦૨૪. M. ૯૬૫૦૬૦૧૩૬૫. Email - Pratik@aethererbiomedial.com

3. આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફ્કચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ALIMCO), જી.ટી. રોડ, કાનપુર, ઉત્તરપ્રદેશ - ૨૦૯૨૧૭

વિકલાંગો માટે ઉપયોગી કૃત્રિમ અવયવો તેમજ સાધનો બનાવતી અને બજાર ભાવે વેચતી ખાનગી કંપનીઓ :

| કંપનીનાં નામ-સરનામાં | કૃત્રિમ સાધનો |
|---|---|
| બોની ઓર્થોટેક પ્રા.લિ.,<br>દાળિયા બિલ્ડિંગ, વી.એસ. હોસ્પિટલની બાજુમાં, એલિસબ્રિજ, અમદાવાદ-૬<br>ફોન : ૦૭૯/૪૭૧૪૬૧૫૨ | લાકડાની ઘોડી, એલ્યુ.ઘોડી, વોકર, એલ્યુ.સ્ટીક. સ્પ્લીન્ટસ, ફ્રેકચરબ્રેસ. |
| આનંદ ઓર્થોપેડિક્સ, પ્રજાપતિ વાસ, ફતેહપુરા ગામ, મ્યુ. સ્કૂલની સામે, તપેશ્વર મહાદેવ પાછળ, પાલડી, અમદાવાદ<br>ફોન : ૨૬૬૩૨૭૮૬, ૫૫૨૩૫૪૧૧ | અપંગોને લગતાં સાધનો બનાવનાર, વેચનાર, ભાડે આપનાર |

| કંપનીનાં નામ-સરનામાં | કૃત્રિમ સાધનો |
|---|---|
| આશીર્વાદ ઓર્થોકેર, બી-૧, ભદ્રેશ્વર ફ્લેટ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭. ટેલિફોન નં. ૦૭૯-૪૭૧૦૭૭૨૭ | ઘોડી, વોકર વગેરે |
| જિઝ્રોક્ષ ઓર્થોપેડિક રિહેબિલિટેશન<br>૩૪. રામદેવ ઈન્ડ. એસ્ટેટ, ક્રિષ્ના કોમ્પલેક્ષ, શાહવાડી બસ સ્ટેન્ડ સામે, નારોલ, અમદાવાદ, ફોન : ૨૫૭૧૧૧૨૯, ૨૫૭૩૩૨૩૯ | અપંગ/સેરીબ્રલ પાલ્સી સાધનો કસરતો અને ફિઝિયોથેરાપીના સાધનો |



| કંપનીનાં નામ-સરનામાં | કૃત્રિમ સાધનો |
|---|---|
| એ.બી.સી. સર્જિકલ કંપની, નં. ૧૮૭૯, ગાંધીરોડ, જુમ્મા મસ્જિદ સામે, અમદાવાદ - ૩૮૦૦૧ ફોન નં. ૦૭૯-૪૨૬૮૮૭૧૦ | અપંગોનાં સાધનો વેચે છે. |
| અમદાવાદ સર્જિકલ કંપની, શોપ નં. ૫, ટ્યુલીપ કોર્પોસ, આશ્રમ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૬ ફોન નં. ૦૭૯-૪૭૧૧૪૬૨૮ | અપંગોનાં સાધનો વેચે છે. |
| શ્રી વિનય ઈન્ડસ્ટ્રીઝ રાયપુર રોડ, સિટી મિલ કમ્પાઉન્ડ સામે, વોરા કા રોઝા પાસે, ધર્મયુગ કોલોની, કાંકરિયા, અમદાવાદ – ૩૮૦૦૨૨ મો. ૯૮૨૪૩૩૯૯૨૫, મો. ૯૮૯૮૬૪૬૪૬૫ | ફિઝિકલ હેન્ડીકેપ્ડ માટે ટુ-ફોર વ્હીલર સ્પેશિયાલિસ્ટ. સાઇડકાર એન્ડ સ્પેરપાર્ટસ |
| લાઈફ ઓર્થોકેર ૯૯૪-૨, સર્વોદય કોર્મશિયલ સેન્ટર, જી.પી.ઓ પાસે, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧ મો. ૯૮૯૮૬૪૬૪૬૫ | અપંગોના સાધનોના હોલસેલ ડિલર તથા હોસ્પિટલ ફર્નિચરના વેપારી |
| એન્ડોલાઈટ પ્રોથેસ્ટિક્સ અને ઓર્થોટિક્સ સેન્ટર બી-૪, સત્યવાદી સોસાયટી, ઉસ્માનપુરા, વાડજ રોડ, બેંક ઓફ બરોડા નજીક, અમદાવાદ – ૩૮૦૦૧૩ ફોન. (૦૭૯) ૪૭૧૨૯૮૨૮ website: indoliteindia.com | કાર્બન ફાઇબરના મટીરિયલમાંથી બનેલા કૃત્રિમ પગ, એકદમ હલકાં, ફિટિંગ માટેની દરેક પ્રકારની સુવિધા, ઘુંટી, ઢીંચણ અને સાંધાના જોઇન્ટની ડિઝાઈન બધા જ રેન્જના સિલિકોનના કોસ્મેટિક વીમ્સ |
| નવચેતન ઓર્થોપેડિક અપ્લાયન્સિઝ સુમેર ક્લબ રોડ, જામનગર - ૩૬૧૦૦૫ ફોન નં. ૯૯૨૫૬૪૪૮૯૯ | અપંગો માટેનાં બજાર ભાવે સાધનો બનાવે છે. |

# ૧૬



# સાફલ્યગાથા

# હજારો દિવ્યાંગોના જીવનમાં રોશની કરનારા કનુભાઈ



દ્રઢ મનોબળ.. આત્મવિશ્વાસ.. સંઘર્ષ.. સન્માન.. અને સ્વાવલંબિતાની સાક્ષાત પ્રતીતિ કરાવતું વ્યક્તિત્વ એટલે સુરતના 'પદ્મશ્રી' કનુભાઈ ટેલર. માણસ ધારે તે કરી શકે અને તેના પહાડ જેવા મજબૂત મનોબળને ટેકો આપવામાં આખું બ્રહ્માંડ તેની વ્હારે આવી જાય, આ વાત કાનુભાઈએ ૧૦૦ ટકા સાચી ઠેરવી છે. ખુદ દિવ્યાંગ હોવા છતાં અન્ય દિવ્યાંગજનો સહારો બનીને નાની પાઠશાળાથી ઉચ્ચ સેવા સંસ્થા સુધી પહોંચી હજારો દિવ્યાંગોના જીવનમાં રોશની કરનારા કનુભાઈનું જીવન આબાલવૃદ્ધ સૌ માટે પ્રેરણાદાયી છે. દિવ્યાંગજનોના ઉત્થાન માટે તેમણે કરેલા ઉત્કૃષ્ટ પ્રદાન બદલ વર્ષ ૨૦૧૧ માં તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલના હસ્તે પદ્મશ્રી એવોર્ડ એનાયત કરાયો હતો.

૧૧ મહિનાની કુમળી વયે એક ખોટા ઈન્જેક્શનને કારણે કમરથી નીચેના ભાગમાં પોલિયોની અસરથી બન્ને પગે વિકલાંગ બનેલા કનુભાઈ હસમુખભાઈ ટેલરનો જન્મ ખેડા જિલ્લાના અડાસ ગામે ૧૯૫૯માં એક ગરીબ દરજી પરિવારમાં થયો હતો. વિકલાંગતા અને ગરીબી, બન્ને જ સાંભળવા માત્રથી દુશ્મન જેવા લાગતાં શબ્દોને રોજેય જીરવું-જીવવું અને એ પણ ખંતથી, એ કનુભાઈએ એમના જેવા અનેક વિકલાંગ ભાઈ બહેનોને શીખવ્યું. ના માત્ર શીખવ્યું પણ ખરા અર્થમાં તેમના પથદર્શક બની કેટલાયનું જીવન બદલ્યું. નાનપણમાં જ બન્ને પગે વિકલાંગ બનેલા કનુભાઈએ ઘસડાતા શરીરે શાળાએ જવાનું શરૂ કર્યું અને જાણે જીવનનો ખરો સંઘર્ષ શરૂ થયો.

ખેડા જિલ્લાના અડાસ ગામે એસએસસીની પરીક્ષા પાસ કરી અને ઘર છોડ્યા બાદ ત્યાંથી અમદાવાદ પહોંચ્યા. અમદાવાદમાં અપંગ માનવમંડલમાં શિક્ષક તરીકે રહ્યા અને બીજી પાલીમાં સહજાનંદ



કોલેજમાં ભણવા માંડ્યા. બંને સંસ્થાઓ વચ્ચે આવ-જા કરવાનું આવ્યું ત્યારે સમજાયું કે, હાથવડિયા ચાલવું એ બસમાં સફર કરવા કરતાં સહેલું અને સસ્તું હતું. કારણ કે અપંગોને માટે બસમાં ન તો કોઈ અલાયદી વ્યવસ્થા કે ન તો ટિકિટમાં બે પૈસાની રાહત. બસ આ સાથે જ પહેલી વાર આ નિષ્ઠુર ઢાંચા સામે અવાજ ઉઠાવવાનું બીડું તેમણે ઝડપ્યું અને બીજા વિકલાંગો સાથે અગિયાર દિવસ ઉપવાસ કર્યા અને અંતે તંત્રએ નમતું જોખ્યું. વિકલાંગોને મફત મુસાફરી, એના સાજા જોડીદારને પચાસ ટકા રાહત અને દરવાજાની સામેની અલાયદી અનામત જગ્યા. બસ, આટલું પૂરતું હતું અને એ માંગની પરિપૂર્તિથી વર્ષ ૧૯૭૯માં તો ગુજરાતના તમામ દિવ્યાંગો લાભાન્વિત થયા. આંદોલનની ચોતરફ એટલી તો ચર્ચા ચાલી કે કનુભાઈને એ જ વર્ષે યુનો દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ મોબિલિટી કોન્ફરન્સમાં જઈને આ સિદ્ધિનો અહેવાલ આપવાનું આમંત્રણ આવ્યું. નવ દિવસનો નિર્ધારિલો પ્રવાસ નવ મહિના સુધી લંબાયો. બ્રિટન, ફ્રાંસ, આયરલેન્ડ, કુવૈત, દક્ષિણ આફ્રિકા અને કેન્યા પણ તેઓ નિમંત્રણથી ગયા અને એટલું ફર્યા કે કોલેજની પરીક્ષા પણ ન આપી શક્યા. અભ્યાસ ખોરંભે પડયો અને ફરી અડાસ આવી ગયા. જીનિવાની એ કોન્ફરન્સની અસર ભારત સરકાર પર એવી થઈ કે યુનોના ઠરાવ અનુસાર ૧૯૮૧નું વર્ષ 'શારીરિક વિકલાંગ વર્ષ' તરીકે ઊજવવામાં આવ્યું. ઈન્દિરા ગાંધીએ એમને નિમંત્રીને ટ્રાઈસિકલ પણ ભેટ આપી.

૧૯૮૫નું વર્ષ અને ૨૯ વર્ષની ઉંમરે મનમાં ગાંઠ વાળી કે જિંદગી આમ ફૂટપાથ પર નહીં કાઢી શકાય. પગ નથી, પણ હાથ છે અને હાથને દિમાગનો સંગાથ છે. એમણે એમના એક સમભાવી એવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એચ. એસ. કોહલીની પ્રેરણાથી થોડી વિધિઓ પાર પાડીને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની મદદ લઈને વિકલાંગ બંધુ પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું.  એ વખતે જે ઝૂંપડામાં રહેતા ત્યાં જ પ્રેસ ધમધમતું થયું. એને ચલાવવા માટે વિકલાંગ કારીગરોને જ પસંદ કર્યા અને દિવ્યાંગબંધુ પ્રેસની સ્થાપના કરી. બાદમાં સુરતમાં કનુભાઈએ લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે દિવ્યાંગો માટે અનેક પ્રોજેક્ટ શરૂ કર્યા. ત્યારબાદ કનુભાઈએ ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટની સ્થાપના કરી અને દિવ્યાંગોની સેવામાં ક્યારેય પાછું વળીને જોયું નથી. વિકલાંગતાને અભિશાપમાંથી આશીર્વાદમાં ફેરવીને કનુભાઈએ 'પંગુ લંઘયતે ગિરિમ'..ની ઉક્તિને સાચા અર્થમાં સાકાર કરી.

'વોરિયર ઓન વ્હીલ્સ' એવા કનુભાઈને એ પછી અનેક માન-સન્માનો મળ્યાં. અમેરિકાના પ્રેસિડેન્ટ બુશે તેમને વ્હાઈટ હાઉસમાં નિમંત્રીને અબ્રાહમ લિંકનની ખુરશી પર બેસવાનું ગૌરવ પ્રદાન કર્યું. માગરિટ થેચરે તેમને દસ હજાર પાઉન્ડ ભારતના દિવ્યાંગોની સેવા માટે આપ્યા તો તે તેમણે બીજી જ મિનિટે યુકેના

દિવ્યાંગોના કલ્યાણ માટે વાપરવા તે પરત કરી દીધા અને ભારતના ગૌરવનો પરિચય આપ્યો.



૨૦૦૬ની સાલમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મહાનગરપાલિકાએ ઉમરા વિસ્તારમાં ૪૫૦૦ ચો.મી.નો પ્લોટ અનુદાનમાં આપ્યો. જ્યાં શાળા અને રિહેબિલિટેશન સેન્ટરના નવા સંકુલનો શિલાયન્સ ઉપરાષ્ટ્રપતિ ભૈરોસિંહ શેખાવતના હસ્તે થયો. થોડા જ વખતમાં ૧.૩૦ કરોડના ખર્ચે ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના નવા ભવનનું નિર્માણ થયું, સાથે જ આ ભવન ૪૦૦ જેટલા દિવ્યાંગ કુમારો માટેની હોસ્ટેલ પણ બન્યું. જેમાં દૂર-દૂરથી આવતા દિવ્યાંગ બાળકો ભણવા-રહેવાની સાથે જીવનલક્ષી તાલીમ પણ લઈ રહ્યા છે.

ઈમારતનું ઉદ્ઘાટન કરવા આવેલા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને કનુભાઈએ પ્લોટની બાજુમાં રહેલી ૧૦૦૦ મીટરની ખાલી જગ્યાની વાત કરી. ને બસ, આખા રાજ્યમાં માત્ર દિવ્યાંગો માટેની ખાસ હોસ્પિટલની વિનંતીનો સ્વીકાર થયો. જાન્યુઆરી, ૨૦૧૧માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને હસ્તે જ અદ્યતન એવી પ્રભુ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન થયું. દેશના કોઈ પણ ખૂણેથી આવતા દિવ્યાંગો માટે તદ્દન નિ:શુલ્ક અને સામાન્ય જનતા માટે પણ વ્યાજબી ફી સાથેની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ થઈ. ૩૧ પથારીની અને ઓપીડીની સગવડ સહિતની આ હોસ્પિટલનું નિર્માણ થયું. સાથે જ રિલાયન્સ અને લાર્સન એન્ડ ટુબ્રોના અધિકારીઓની મદદથી દિવ્યાંગ દીકરીઓ માટેની હોસ્ટેલનું પણ નિર્માણ કરવામાં આવ્યું. ભોજન-નિવાસ અને કેળવણી-સ્ટેશનરી કે શૈક્ષણિક સાધનો વગેરે માટેની કોઈપણ સુવિધા માટે નાણા લેવામાં આવતા નથી. ૧૯૯૧-૯૨માં કનુભાઈ અને સાથીઓએ કરેલા સર્વેને કારણે દિવ્યાંગ સંતાનને શાળાએ મોકલવા રાજી નહીં હોય તેવા વાલીઓને કરેલી વિનવણીને કારણે ૧૦૦ ટકા બાળકો ઝૂંપડપટ્ટી વિસ્તારમાંથી આવતા થયા.

કનુભાઈ ટેલરના જીવન પર આધારિત 'કનુભાઈ The Great' ફિલ્મ પણ વર્ષ ૨૦૨૩માં બની છે. વર્ષ ૨૦૧૯માં આસામના શિલોંગમાં નોર્થ ઈસ્ટર્ન હિલ યુનિવર્સિટી (NEHU)ના પદવીદાન સમારોહમાં તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે કનુભાઈને ડોક્ટરની પદવી એનાયત કરાઈ હતી. વર્ષ ૨૦૨૩માં ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ઉચેડીયા ખાતે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દ્વારા દિવ્યાંગ વૃધ્ધો માટે 'પ્રભુનું ઘર' વૃદ્ધાશ્રમનો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ભૂમિપૂજન થયું હતું.

# દિવ્યાંગ દિવ્ય ઓમ વ્યાસ અનેકો માટે પ્રેરણાપૂંજ



અમદાવાદના ૧૮ વર્ષીય ઓમ સંસ્કૃતના એક, બે નહીં પરંતુ પાંચ હજાર શ્લોક કંઠસ્થ કરી અનેક દિવ્યાંગ બાળકો અને તેમના માતા પિતા માટે પ્રેરણાપૂંજ બન્યો છે. નામ તેવા ગુણ ઓમે તેની કંઠસ્થ અદભુત શક્તિથી અનેક રેકોર્ડ બનાવ્યા છે.

શારીરિક અને માનસિક નેવું ટકા દિવ્યાંગ હોવા છતાં ઓમે પોતાની હિંમતથી અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. ઉંમર અઢાર વર્ષ પણ સમજશક્તિ ચાર વર્ષના બાળકની હોય તેવી આ વાત છે અમદાવાદના ઓમ વ્યાસ અને તેના માતા પિતાની દ્રઢ ઇચ્છાશક્તિની.

ઓમ વ્યાસ માનસિક રીતે અસ્વસ્થ અને દિવ્યાંગ છે. તેની ઉંમર ૧૮ વર્ષની છે, પરંતુ મગજ હજુ પણ ૪ વર્ષના બાળક જેવું છે. તેમ છતાં તે આધ્યાત્મિક બાબતે ઘણો આગળ છે. માત્ર ત્રણ વર્ષની ઉંમરે સૌથી લાંબો પાઠ સુંદરકાંડ કંઠસ્થ કર્યો હતો. ત્યાર બાદ ગીતાના ૧૮ અધ્યાય, ઉપનિષદ, શિવમહિમ્ન જેવા અનેક પાંચ હજારથી વધુ શ્લોકો કંઠસ્થ કર્યાં.

દિવ્યાંગ ઓમને તેની દિવ્યકળાને આધારે અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે, જેમાં ગોલ્ડન બુક ઓફ રેકોર્ડ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ,દિવ્યાંગ રત્ન એવોર્ડ સહિત એનેક 30 થી વધુ એવોર્ડ પ્રાપ્ત થયા છે. ઓમની આ શક્તિને કારણે જાહેર કાર્યક્રમોમાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન, મુખ્યમંત્રીશ્રી દ્વારા તેને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યો છે.

ઓમ ત્રણ વર્ષનો હતો ત્યારે તેના માતા-પિતાને ખબર પડી કે  તેને સેરેબ્રલ પાલ્સી નામની બીમારી છે. ડોકટરે આ પ્રકારની બીમારીનો કોઇ ઇલાજ નથી તેમ જણાવ્યું હતું ત્યારે ઓમના માતાપિતા દુઃખી થયા હતા. પરંતુ તેના દાદા-દાદી જ્યારે ભજન કે કોઈ શ્લોક ગાતા ત્યારે તે તરત જ યાદ કરી લેતો. આમ ઓમને આ દિશામાં આગળ વધવા માટે મદદ કરી હતી અને તેણે અનેક રેકોર્ડ બનાવ્યા છે.

આજે ઓમના માતા-પિતા ઓમના નામથી ઓળખાય છે. ઓમને પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે નેશનલ એવોર્ડ એનાયત કરાયો છે.

"આજે આ ઓમે પાંચ હજારથી વધુ શ્લોકો કંઠસ્થ કર્યા છે અને સામાન્ય બાળકને પણ હંફાવી તે અન્ય દિવ્યાંગો માટે માટે પ્રેરણારૂપ બન્યો છે.

# પ્રજ્ઞાચક્ષુ રામભાઈ બન્યા દિવ્યાંગોના જીવનમાં પ્રકાશનું કિરણ



વલસાડ જિલ્લામાં દિવ્યાંગો અને પ્રજ્ઞાચક્ષુઓને આત્મનિર્ભર બનાવવાની વાત હોય કે, શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની વાત હોય, દિવ્યાંગોના કલ્યાણ અને પુનઃવર્સનની વાત આવે ત્યારે તેઓના માર્ગદર્શક તરીકે નેત્રહીન એવા વલસાડના સામાજિક કાર્યકર રામભાઈ કોયાભાઈ પટેલનું નામ ચોક્કસ લેવાય છે.

રામભાઈ પટેલનો જન્મ વર્ષ ૧૯૫૦માં વલસાડ તાલુકાના કાંજણરણછોડ ગામમાં થયો હતો. ૧૯૭૨ની સાલમાં તેમની આંખમાં પડદાની ખામી થતા બંને આંખમાં અચાનક અંધાપો આવી ગયો હતો. અનેક હોસ્પિટલમાં સારવાર પણ કરાવી, પરંતુ કોઈ ફરક પડ્યો ન હતો. રાતોરાત તેમની જિંદગી બદલાઈ જતા તેમના પર આભ તૂટી પડ્યું હતું.

દ્રષ્ટિ ગુમાવ્યા પછી નેત્રહીન વ્યક્તિને સામાન્ય જીવન જીવવાની તાલીમ મુંબઈના વરલીમાં નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ ખાતે આપવામાં આવતી હોવાની જાણ થતા જ ત્યાં પહોંચી જઈ તાલીમ મેળવી હતી. જીવનમાં હાર નહીં માની દિવ્યાંગોના કલ્યાણ અર્થે અલગ-અલગ રાજ્યોમાં પણ જઈ તાલીમ મેળવી હતી. આ સિવાય મુંબઈમાં ટીચર્સ ટ્રેનિંગમાં ટેલિફોન ઓપરેટિંગ વગેરે રોજગારલક્ષી તાલીમ લઈ ખાલસા કોલેજમાં બી.એ.ની ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી હતી. આ સમગ્ર સંઘર્ષમાં NAB INDIA પથદર્શક બન્યું હતું. ત્યારબાદ વલસાડ પરત ફરી જિલ્લા સહકારી બેંક ખાતે ટેલિફોન ઓપરેટર તરીકે ૨૦૦૮ સુધી નોકરી કરી હતી. વર્ષ ૧૯૮૪માં દિવ્યાંગોના વિકાસ માટે નેશનલ એસોસિએશન ફોર

ધી બ્લાઈન્ડ સંસ્થાની વલસાડ ખાતે સ્થાપના કરી હતી. આજે વલસાડ જિલ્લામાં વટવૃક્ષ સમાન બનેલી આ સંસ્થામાં ૧૫૦ જેટલા દિવ્યાંગ ભાઈબહેનો વિવિધ તાલીમ અને શિક્ષણ પણ લઇ રહ્યા છે.

રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા ગામડામાં નશાબંધી, અંધશ્રદ્ધા નિર્મૂલન, વ્યસનમુક્તિ અને શિક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટેની જવાબદારી પણ સોંપવામાં આવી હતી જે બદલ રૂ. 300નું મહેનતાણું પણ મળતું હતું. આ સિવાય સરકારની સંકલિત શિક્ષણ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં જ્યાં અંધ બાળક હોય ત્યાં સંસ્થાનાં સ્પેશિયલ તાલીમ પામેલા ૧૪ શિક્ષકો દ્વારા શિક્ષણની શરૂઆત થઇ અને ગામડે-ગામડે જઈ અંધ બાળકોને સંકલિત શિક્ષણ યોજના હેઠળ નોર્મલ શાળામાં નોર્મલ બાળકો સાથે બ્રેઈલ લિપીની મદદથી શિક્ષણ શરૂ કરવામાં આવ્યું. વર્ષ ૧૯૯૪માં જ્યારે સંસ્થાનું મકાન તૈયાર થઇ ગયું ત્યારે આ વિદ્યાર્થીઓને સંસ્થાનાં છાત્રાલયમાં રાખી વલસાડની હાલર સ્કૂલમાં પ્રવેશ અપાવી શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી.

દિવ્યાંગોના પુનઃવર્સનની કામગીરી કરતા રામભાઈએ જણાવ્યું કે, વર્ષ ૨૦૦૨માં સંસ્થાનાં મકાનની બાજુમાં ૨૦૦૦ ચો.મી. કિસાન ભવનની જગ્યા વેચાણથી લઇ મારી બે દીકરીઓએ વિદેશમાંથી ભંડોળ એકત્ર કરી દિવ્યાંગ બહેનો માટે છાત્રાલય બનાવવામાં મદદ કરી જેમાં હાલ ૫૦ જેટલી બહેનો રહે છે. આજે સંસ્થા અંદાજે 3000 ચો. મીટરની જગ્યા પર રમત માટે મેદાન, સંપૂર્ણ સુવિધા સાથે દિવ્યાંગ ભાઈઓ અને બહેનો માટે સ્વતંત્ર બિલ્ડિંગ ધરાવે છે. ગુજરાતના વિવિધ જિલ્લા તેમજ ગુજરાત બહારથી પણ દરવર્ષે ૧૫૦ દિવ્યાંગ ભાઈબહેનો આ સંસ્થાના છાત્રાલયમાં રહી વિવિધ તાલીમ અને શિક્ષણ મેળવે છે, જેમાં હાલ પ્રાથમિક શાળામાં ૪૩, હાઈસ્કૂલમાં ૩૭, કોલેજમાં ૭ અને તાલીમ કેન્દ્રમાં ૬૩ દિવ્યાંગ ભાઈબહેનો તાલીમ લઇ રહ્યા છે.

વલસાડ એનએબી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સમજાવતા રામભાઈ કહે છે કે, નેત્રહીન વ્યક્તિને સ્વાવલંબી બનાવી સમાજમાં સ્વતંત્ર અને સ્વમાનભેર જીવન જીવી શકે તે મુજબનુ પુન:વર્સન કરવાનો ઉદ્દેશ્ય છે. અહી ધો. ૧ થી સ્નાતક સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત ફાઈલ બનાવટ, કમ્પ્યુટર, નેતરકામ વગેરે વિવિધ રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, દિવ્યાંગોને, શિક્ષણ, તાલીમ, વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ, રમતગમત દ્વારા સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે અમે પ્રયત્નશીલ રહ્યા છીએ.

દિવ્યાંગો માટે હજુ શું શ્રેષ્ઠ કરી શકાય કે તે માટે સતત વિચાર કરતા રામભાઈ પટેલ આગામી દિવસોમાં દિવ્યાંગ વૃદ્ધજનો માટે વૃધ્ધાશ્રમ બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા જઈ રહ્યા છે. જે માટે તેમના એક દાતા પાસેથી ધરમપુર ચોકડી નજીક જગ્યા પણ મળી છે. જેથી નિરાધાર દિવ્યાંગ સિનિયર સિટિઝનોને પણ એક આધાર મળશે, એક આશરો મળશે, જેથી તેમનું ભવિષ્ય જીવન સુખમય પસાર થઈ શકે.

સમાજસેવક તરીકે દાયકાઓથી પોતાનું જીવન દિવ્યાંગોના કલ્યાણ માટે સમર્પિત કરી દેનાર પ્રજ્ઞાચક્ષુ રામભાઈ પટેલના સેવાકાર્યોની સુવાસ છેક ગાંધીનગર સુધી પહોંચતા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં વરદ્‌હસ્તે તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ વલસાડ ખાતે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે તેમનું સન્માન કરાયું હતું અને પ્રશંસાપત્ર પણ એનાયત કરાયો હતો.

# “રબર ગર્લ” અન્વીએ યોગાસનને બનાવ્યું તેના જીવનનું લક્ષ્ય



ઈશ્વર દિવ્યાંગ બાળકોને આ પૃથ્વી પર મોકલે છે, પરંતુ તેની ક્ષતિને ક્ષમતામાં ફેરવવા માટે કેટલીક વિશિષ્ટ અને અનન્ય શક્તિઓની પણ ભેટ આપે છે. આ અનન્ય શક્તિઓને પારખી તેને સાચી દિશામાં વાળવાની જ જરૂર હોય છે. સુરતની ૧૬ વર્ષની અન્વી ઝાંઝરૂકીયાએ આ વાતને સાર્થક કરી બતાવી છે. અન્વી નાનપણથી જ દિવ્યાંગ છે, પણ તે રબરની જેમ અંગો વાળીને દેશભરમાં કોઈ ન કરી શકે તેવા યોગાસનો કરીને સૌને અચંબિત કરી દે છે. તેની આ જ ખૂબીએ તેને દેશ અને દુનિયા માટે પ્રેરણારૂપ બનાવી છે. શારીરિક અક્ષમતા છતાં સતત મહેનત અને કોઠાસૂઝથી યોગાસનમાં આગવી ઓળખ ઊભી કરી ‘રબર ગર્લ’ના નામે દેશભરમાં વિખ્યાત બની છે.

અન્વી વિજયભાઈ ઝાંઝરૂકીયા ૭૫% જેટલી દિવ્યાંગતા હોવા છતાં ૧૦૦થી વધુ યોગાસન કરી શકે છે. તેણે શારીરિક, માનસિક મર્યાદાઓને ઓળંગી યોગાસનમાં વૈશ્વિક ખ્યાતિ મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. અન્વી ગુજરાતની એક માત્ર એવી વ્યક્તિ છે જેને રાષ્ટ્રપતિ એવોર્ડ, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર અને ગુજરાત ગરિમા એવોર્ડ પ્રાપ્ત થયો છે.

ગુજરાતનું રાષ્ટ્રીય ફલક પર ગૌરવ વધારનાર સુરતની 'રબર ગર્લ' ને વર્ષ ૨૦૨૨માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ‘રાષ્ટ્રીય બાલ પુરસ્કાર' મળ્યો હતો. કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ કલ્યાણ મંત્રાલયને દેશભરમાંથી પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર માટે ૬૦૦ બાળકો તરફથી અરજીઓ મળી હતી. જેમાં વર્ષ-૨૦૨૨ માટે ૨૯ બાળકોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં અન્વી પણ સામેલ હતી. રાષ્ટ્રીય બાળ પુરસ્કાર પાંચથી અઢાર વર્ષની વયના બાળકોને ખેલ, સમાજ સેવા, શિક્ષણ, કલા સંસ્કૃતિ, વીરતા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર બાળકોને આપવામાં આવે છે.

અન્વીને યોગાસનમાં વિશિષ્ટ કૌશલ્ય પ્રદાન કરવા બદલ તા.૩ ડિસે.૨૦૨૧ ના રોજ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદના હસ્તે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા 'ક્રિએટિવ ચાઈલ્ડ વીથ ડિસેબિલીટી કેટેગરી'માં નેશનલ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ૧ મે,૨૦૨૨ ના રોજ ગુજરાત

સરકારે અન્વીને 'ગુજરાત ગરિમા એવોર્ડ'થી સન્માનિત કરી, જે ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતો રાજ્યનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. આ સન્માન મેળવનારી અન્વી સૌથી નાની વયની દીકરી છે.

આજે, અમને ભારતભરના વિવિધ રાજ્યોમાંથી ઘણા દિવ્યાંગ બાળકોના માતા-પિતાના ફોન આવે છે, જેઓ તેમના બાળકો માટે અન્વી જેવું કંઈક કરવા અમારી પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવે છે. આ અમારા માટે ખૂબ જ ગર્વની વાત છે એમ વિજયભાઈ ઉમેરે છે.

દિવ્યાંગ દીકરીને સક્ષમ બનાવવા માટે અથાગ પરિશ્રમ કરનારા અન્વીના માતા શ્રીમતી અવની ઝાંઝરૂકીયાએ જણાવ્યું હતું કે, અનેક શારીરિક-માનસિક સમસ્યાઓ હોવા છતાં હિંમત હાર્યા વિના પરિશ્રમ, ધીરજથી દીકરીને ઉછેરી છે. તે શરૂઆતમાં પોતાના રોજિંદા કામકાજ જાતે કરી શકતી ન હતી. દીકરી અન્વીને યોગ કરવાની પ્રેરણા ક્યાંથી મળી તે વિશે જણાવ્યું કે, જ્યારે તે ૧૦ વર્ષની હતી ત્યારે માથા પર પગ ચઢાવીને સૂતી હતી, આવી યોગાસન જેવી મુદ્રા જોઈને મને એ સમયે તેને યોગક્ષેત્રે મોકલવાનો વિચાર આવ્યો અને તેની સ્કૂલના યોગ શિક્ષક નમ્રતાબહેનને મળીને યોગ શીખવાની શરૂઆત કરી હતી.

વર્ષ ૨૦૨૨માં વડાપ્રધાનશ્રીએ અન્વી અને તેના માતાપિતાને નવી દિલ્હી મળવા બોલાવ્યા હતા. વડાપ્રધાનશ્રીએ અન્વી અને તેના માતાપિતાને વર્ષ ૨૦૨૨માં નવી દિલ્હી મળવા બોલાવ્યા હતા. વડાપ્રધાનશ્રીએ અન્વીની સિદ્ધિઓ અને તેની આવડત વિશેની આ મુલાકાત દરમિયાન 33 મિનિટ સુધી વાતચીત કરી હતી. વડાપ્રધાનશ્રી સાથે મુલાકાત કરવાની અન્વીને ઘણા સમયથી ખૂબ તાલાવેલી હતી. જે આ મુલાકાત સાથે પૂર્ણ થઈ હતી. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાનશ્રીએ અન્વીને ચોકલેટ આપીને વ્હાલ કર્યું હતું અને તેની વિવિધ યોગમુદ્રાઓ નિહાળી હતી.

અન્વીએ અનેક દિવ્યાંગતા છતાં આત્મવિશ્વાસના બળે દેશમાં 'રબર ગર્લ' તરીકે પ્રસિદ્ધિ મેળવી છે

- અત્યાર સુધીમાં ૬ જેટલા વર્લ્ડ રેકોર્ડ પોતાને નામે નોંધાવેલા છે.
- પાંચ મિનિટમાં ૧૦૧ યોગાસનો કરવાનો વિશ્વવિક્રમ બનાવ્યો છે.
- અન્વીને વડાપ્રધાનશ્રીએ પોતાના દિલ્હી નિવાસસ્થાને બોલાવી વિશેષ સન્માનિત કરી છે.
- છેલ્લા એક વર્ષમાં જ એક લાખ કરતાં વધુ લોકો સમક્ષ તેણે યોગ રજૂ કર્યા છે.
- અન્વી એવા દિવ્યાંગજનો માટે રોલમોડેલ છે, જેઓ થોડી મહેનતથી સામાન્ય જીવન જીવી શકે છે.



# ટ્રાઈસિકલ બની સહારો, હું કોઈપણ જગ્યાએ જઈ શકું છું: રંજનબહેન તડવી

ગરૂડેશ્વર તાલુકાના સાંજરોલી ગામના નીચલા ફળિયાની એક દિવ્યાંગ બહેનની આ હૃદયસ્પર્શી વાત છે. એમના ડાબા પગે અપંગતાને લીધે તેમના જમણા પગ પર જવાબદારી વધારે છે. નબળી આર્થિક પરિસ્થિતિ, આધુનિક સાધનોનો અભાવ અને શારીરિક મુશ્કેલીઓના સામૂહિક મારથી રંજનબહેન તડવી થાકી ગયા હતા. પરિવારના સહારા વગર બીજી જગ્યા ઉપર જવું-ફરવું મુશ્કેલ હતું. પણ તેઓ સકારાત્મક અભિગમ સાથે પોતાના સ્વપ્નો પરિપૂર્ણ કરી શકે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા નર્મદા જિલ્લા વહીવટી તંત્ર હંમેશા તત્પર હતું.

રંજનબહેન તડવીએ જણાવ્યું કે, "ઘરે બેસવા કરતા કંઈક શીખવાની અને જાણવાની ભાવના સાથે મે નિ:શુલ્ક સીવણ ક્લાસની તાલીમ મેળવી. આ તાલીમ થકી લેડીઝ કપડા તૈયાર કરવાનું કામ તો શીખી લીધું. ત્યારબાદ મને બાળલગ્ન પ્રતિબંધક અધિકારી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ સાથે મળીને સિલાઈ મશીન આપ્યું. મને હવે કોઈ પાસે હાથ ફેલાવવાની જરૂર રહી નથી. આજે હું સરકારની મદદથી આત્મનિર્ભર બની છું. હવે હું મારા પરિવારને આર્થિક ટેકો આપી શકું છું. ઘરઆંગણે જ રોજગાર મળી રહેતા હવે અન્ય જગ્યાએ જવાની જરૂર પડતી નથી. કેન્દ્ર-રાજ્ય સરકારના સઘન પ્રયાસો, સંસ્થાઓ અને તંત્રના સહયોગથી મને બેટરી સંચાલિત ટ્રાઈસિકલનો લાભ મળ્યો છે જેનાથી હવે હું કોઈના સહારા વગર ખૂબ જ ઓછા સમયમાં કોઈ પણ જગ્યાએ સરળતાથી આવી જઈ શકું છું."



રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા રંજનબહેન જણાવે છે કે, મને સરકારની યોજના અંતર્ગત મુસાફરી અર્થે બસપાસ મળતા સમગ્ર ગુજરાતમાં GSRTC બસમાં નિઃશુલ્ક મુસાફરી કરી શકું છું. ઇન્દિરા ગાંધી નેશલન ડીસએબિલિટી પેન્શન સ્કીમ અંતર્ગત દર મહીને રૂ. ૧૦૦૦ ની સહાય પણ મળે છે. સિલાઈ મશીન, બેટરી સંચાલિત ટ્રાઈસિકલ અને બગલ ઘોડીની સહાય પણ મળી છે. રંજનબહેન એક જાગૃત મહિલા છે.



નર્મદા જિલ્લાના લાભાર્થી વંચિત દિવ્યાંગ લાભાર્થીઓને આવરી લઈને સમયાંતરે આવા સાધન સહાય વિતરણ કેમ્પ કાર્યક્રમનું આયોજન કરીને જરૂરિયાતમંદ લોકોને બેટરી સંચાલિત ટ્રાઈસિકલ, હાથ વડે સંચાલિત ટ્રાઈસિકલ, બાળકો માટેની અને પુખ્ત વયના દિવ્યાંગજનો માટે વ્હીલચેર, ત્રણ સાઇઝની ટેકા ઘોડી, એલ્બો ઘોડી, ચાલવા માટે લાકડી, બ્રેઈલ કેન, ચાલવા માટે રોલેટર, એડીએલ કીટ, બીટીઈ ડિજિટલ ટાઇપ હિયરીંગ કીટ જેવા જરૂરિયાતમંદ અને ગુણવત્તાયુક્ત વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવે છે. આમ સરકાર દ્વારા તેમની પૂરતી કાળજી લેવામાં આવે છે.





# આત્મનિર્ભરતાની આગવી ઓળખ એટલે હેતલબહેન મોઢ



મક્કમ મનોબળ અને દ્રઢ આત્મવિશ્વાસ આગળ શારીરિક ક્ષતિ પણ ઘૂંટણિયે પડે છે. અતૂટ આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનું આગવું ઉદાહરણ એટલે પાલનપુરના હેતલબહેન ભરતભાઇ મોઢ. પાલનપુરમાં હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા હેતલબહેન ભરતભાઈ મોઢ ૪૧ વર્ષના છે. તેઓ જન્મથી સાંભળી કે બોલી શકતા નથી. હેતલબહેને ધો. ૧૦ સુધી અભ્યાસ  કર્યો છે. હેતલબહેન મોઢના પતિ ભરતભાઈ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. પરંતુ ભરતભાઈને અકસ્માત થતાં તેમની નોકરી છૂટી ગઈ હતી. જેથી બે પુત્રો અને એક પુત્રી સહિત પાંચ સભ્યોના પરિવારની જવાબદારી હેતલબહેન પર આવી પડી હતી. જો કે આવી વિકટ પરિસ્થિતિમાં પણ હેતલબહેન હિંમત ન હાર્યા અને પરિવારની જવાબદારી પોતાના શિરે ઉપાડી લીધી. પોતાની આગવી આવડત થકી આજે મહિને દસ હજારની કમાણી કરી સ્વમાનભેર પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે.

હેતલબહેન હસ્તકલામાં નિષ્ણાત છે, તેઓ છેલ્લા ૨ વર્ષથી દરેક તહેવાર પર અલગ-અલગ ચીજ વસ્તુઓ સ્વયં બનાવી તેનું વેચાણ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. હેતલબહેન મોઢ હસ્તકલાની અવનવી ચીજવસ્તુઓ જેવી કે કૃષ્ણના વાઘા, મોતીના તોરણ, રાખડીઓ, ચણીયાચોળી, ઉનની કોટી,





મુખવાસની બૉટલ પર ભરતકામ, સહિત નવરાત્રી સ્પેશિયલ તમામ વસ્તુઓ તેમજ ઘર સુશોભનની ચીજવસ્તુઓ બનાવી આર્થિક રીતે પગભર બન્યા છે.

ભાઈ-બહેનના પ્રેમના પ્રતિક સમા રક્ષાબંધન પર્વને અનુલક્ષીને હેતલબહેને હસ્તકલાની અવનવી ડિઝાઇનવાળી ડાયમંડ, મોતી, રુદ્રાક્ષ, અને કાર્ટૂનવાળી રાખડીઓ સહિત ગિફ્ટ પેકિંગ જેવી ૨૦૦થી 300 પ્રકારની મનમોહક રાખડીઓ બનાવી છે. જેની કિંમત ૧૦ રૂપિયાથી લઇ ૫૦ રૂપિયા સુધીની છે. હેતલબહેન ઓનલાઈન ઓર્ડર પ્રમાણે હૈદરાબાદ, અમદાવાદ, વડોદરા તેમજ ગુજરાતના અનેક જિલ્લામાં પોતાની હસ્તકલા બનાવટની વસ્તુઓનું વેચાણ પણ કરે છે. તેમજ પ્રદર્શનમાં અને બજારમાં વેચાણ કરી મહિને રૂ.૧૦ હજારની આવક મેળવી રહ્યા છે.

હેતલબહેન મોઢ છેલ્લા ચાર વર્ષથી વાત્સલ્ય સેવા ટ્રસ્ટ સાથે જોડાયેલા છે. વાત્સલ્ય સેવા ટ્રસ્ટના પ્રમુખ જાગૃતિબહેન મહેતા જણાવે છે, કે હેતલબહેન મોઢે મારી પાસેથી અલગ-અલગ ચીજવસ્તુઓની તાલીમ મેળવી અને છેલ્લા બે વર્ષથી અલગ-અલગ તહેવાર અનુસાર વિવિધ ચીજવસ્તુઓ પોતાના હાથની કલાત્મક રીતે બનાવે છે. તેમ જ પાંચ થી વધુ દિવ્યાંગ મહિલાઓને તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાનું કાર્ય કરી રહ્યાં છે.

# મત કર યકીન અપને હાથો કી લકીરો પર,
# નસીબ તો ઉનકે ભી હોતે હૈ જીનકે હાથ નહીં હોતે...



વર્ષ ૨૦૧૨માં જ્યારે સ્નેહાબહેન બીજા ધોરણમાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમની ઉંમર ૭ વર્ષની હતી. એક દિવસ ઘરના ધાબા ઉપર પતંગ પકડવા જતાં ત્યાં રહેલા જીવંત વાયરને અડી જવાથી જોરદાર ઝટકા સાથે વીજ કરંટ લાગ્યો હતો. તેમના માતા-પિતા તાત્કાલિક સારવાર અર્થે હૉસ્પિટલમાં લઈ ગયા. સારવાર દરમિયાન હાલોલથી તેમને વડોદરા હૉસ્પિટલ લાવવામાં આવ્યા. બે મહિના જેટલો સમય સારવારમાં વીત્યો. વડોદરામાં ડૉક્ટર દ્વારા જણાવવામાં આવ્યું કે તેમના બન્ને હાથ બચાવી શકાશે નહી અને વધુમાં એ બન્ને હાથ કોણીથી કાપવા પડશે. આ સાંભળતા જ સમગ્ર રાઠવા પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. સ્નેહા રાઠવા પોતે હાલોલના વતની છે. સ્નેહાના પિતા પાવાગઢ ખાતે સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે તેમજ માતા ગૃહિણી છે. તેમની મોટી બહેન પાટણ ખાતે તબીબીનો અભ્યાસ કરે છે, તો નાની બહેન હાલોલમાં જ ધો- ૭ માં અભ્યાસ કરે છે.

મારે દિવ્યાંગતાથી ક્યારેય હારવું નથી એમ કહેતા સ્નેહાબહેન જણાવે છે કે, “આ અકસ્માત બાદ મારાં માતા-પિતાની સાથે શાળાના શિક્ષકો પણ ચિંતિત થઈ ગયા કે આટલી નાનકડી ઉંમરે આવો આકરો અકસ્માત, શાળા છોડવી પડશે અને બન્ને હાથ ગુમાવ્યા એટલે આગળ આવતી જિંદગી ઘણી બાધારૂપ થઈ પડશે. પરંતુ, થોડો સમય પસાર થતાં મારા પિતાએ મને કોણીથી લખવાની પ્રેક્ટિસ કરાવી. એમના વિશ્વાસ, પ્રયત્ન અને પ્રેમથી હું ધીમે-ધીમે બન્ને કોણીથી લખવા માંડી. બીજા ધોરણની પરીક્ષા જાતે આપી. મને ધીરેથી લખતાં આવડી ગયું. પછી બધાં જ મારાં પોતાનાં કામ જાતે જ કરવા લાગી. મને ક્યારેય રાઇટરની જરૂર પડી નથી. અભ્યાસમાં મને મારું દિવ્યાંગ હોવું ક્યારેય નડ્યું નથી. મારો અત્યાર સુધીનો સળંગ અભ્યાસ મેં સંપૂર્ણ લગન, ધગશ અને આત્મવિશ્વાસથી પૂર્ણ કર્યો છે.”

અચાનક આવી પડેલી શારીરિક અશક્તતાને માત આપવા મેં સામાન્ય વિદ્યાર્થીઓની જ ધો. ૮ થી ૧૨ની શાળામાં ઘરથી દૂર સુરતમાં અભ્યાસ કર્યો. જ્યાં શાળાના શિક્ષકો, વાલીઓ તેમજ વિદ્યાર્થીઓએ પણ જરૂરી એવી તમામ મદદ કરી. સ્નેહા રાઠવા ક્લાસ વન અધિકારી બની અન્ય લોકો માટે પ્રેરણારૂપ અને મદદરૂપ થવા માગે છે.

આજે તેઓ તેમના દરેક કામ જાતે જ કરે છે. ફોન કે કોમ્પ્યુટર ઓપરેટ કરવાનું હોય કે લખવાનું હોય કે પછી કોઈ પણ કાર્ય કેમ ના હોય તેઓ હંમેશા બધા જ કામ માટે તૈયાર છે. મને સ્પેશિયલ વર્ગની જરૂર પડી નથી. હું સામાન્ય વિદ્યાર્થીઓ વચ્ચે જ અભ્યાસ કરું છું. મને આજદિન સુધી કોઈપણ પ્રકારની સમસ્યા નડી નથી. મારાં માતાપિતા, સહાધ્યાયીઓ તેમજ શિક્ષકોએ મને હંમેશા પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. સ્નેહા રાઠવા પોતે દિવ્યાંગ હોવા છતાં અભ્યાસ તેમજ જીવન જીવવામાં સફળતા મેળવી અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યા છે.



# અશક્યતાઓને શક્યતાઓમાં પરિવર્તિત કરતા પેરાશૂટર ભૂમિ મહેતા

"મૈં પંથી તૂફાનો મેં રાહ બનાતા, મેરા દુનિયા સે કેવલ ઈતના નાતા,

વહ મુજે રોકતી હૈ અવરોધ બિછાકર, મૈં ઠોકર ઉસે લગા કર બઢતા જાતા,

મૈં તૂફાનો મેં ચલને કા આદી હૂં, તુમ મત મેરી મંઝિલ આસાન કરો..." - ગોપાલદાસ "નીરજ"



સૌરાષ્ટ્રના એકમાત્ર દિવ્યાંગ પેરાશૂટર ભૂમિ મહેતા ૮૦ ટકા દિવ્યાંગતા ધરાવતા હોવા છતાં જીવનની અનેક મુશ્કેલીઓનો હસ્તે મોઢે સામનો કરતા રમત-ગમત ક્ષેત્રે કારકિર્દી ઘડીને સમાજ સામે એક ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપ સાબિત થઈ રહ્યાં છે. તેઓ ખાનગી સંસ્થા દ્વારા મધ્યપ્રદેશ અને દિલ્હી ખાતે આયોજિત પેરાશૂટિંગની પ્રિ-નેશનલ ગેમ રમી ચૂક્યા છે. છેલ્લા પાંચ વર્ષથી રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં પણ ભાગ લે છે. પેરાશૂટિંગ સ્પર્ધાની સાથે સાથે ચક્રફેંક, ગોળાફેંક, વ્હીલચેર રેસની રમત પણ રમે છે અને તેમાં ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યા છે. તેમજ ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પેરાશૂટિંગ સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરવાની પ્રબળ ઈચ્છા ધરાવે છે.

ભૂમિબહેન મહેતાએ વ્યક્તિગત સંઘર્ષ અંગે વાત કરતા કહ્યું હતું કે, "જન્મથી જ મારા કમરના ભાગે ગાંઠ હતી. હાલ હું 30 વર્ષની વય ધરાવું છું અને અત્યાર સુધીમાં મારા કુલ ૪ મેજર ઓપરેશન કરવામાં આવ્યા છે. એક ઓપરેશન બાદ તો પેરેલાઈઝ્ડ જેવી સ્થિતિ બની હતી, પરંતુ હિંમત ના હારતા ફિઝિયોથેરાપીની મદદથી સાવ બેડરેસ્ટની સ્થિતિમાંથી બહાર આવી છું. મારું માનવું છે કે, દિવ્યાંગતા શરીરમાં હોઈ શકે મનમાં તો નહીં જ."

માતા-પિતાને પ્રેરણાનો મુખ્ય સ્ત્રોત ગણાવતા કહ્યું હતું કે, "મારા માતા-પિતા ડગલે ને પગલે મારી પડખે ઊભા રહ્યા છે. સાથોસાથ રાજકોટ પ્રાદેશિક નગરપાલિકા કમિશનરની કચેરી ખાતે ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશનના કો-ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવું છું. વધુમાં નોકરી પૂર્ણ કરીને રોજની 3 કલાકથી વધુ પેરાશૂટિંગની પ્રેક્ટિસ કરું છું. તેમજ માતા-પિતાના સરકારી નોકરીના સ્વપ્નને પૂર્ણ કરવા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પણ કરી રહી છું. આ તકે ભૂમિબહેને દિવ્યાંગ પેન્શન યોજનાના અસરકારક અમલીકરણ માટે વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. માસિક રૂ. ૧૦૦૦ના પેન્શનને દિવ્યાંગજનો માટે આર્થિક ટેકો ગણાવ્યો હતો.

આમ, ૮૦ ટકા દિવ્યાંગતા ધરાવતા હોવા છતાં જીવનના સંઘર્ષોને રમતા રમતા મ્હાત આપનાર પેરાશૂટર ભૂમિબહેન મહેતા માટે "નારી તું ન હારી "નું સૂત્ર એકદમ બંધ બેસે છે.



# દિવ્યાંગ દંપતીને મળી રોજગાર સાધનની સહાય



રાજ્ય સરકારની દિવ્યાંગ સાધન સહાય યોજના અંતર્ગત અમને રોજગારીના સાધન તરીકે અનાજ દળવાની ઘંટી મળી છે. જેના કારણે દિવ્યાંગ દંપતીની આવક વધશે અને આર્થિક ચિંતા હળવી થશે."

રાજકોટ જિલ્લાના વડવાજળીમાં રહેતા ૩૫ વર્ષીય સહદેવસિંહ ખેરડીયા અને તેમનાં પત્ની પૂજાબા સહદેવસિંહ ખેરડીયા બંને દિવ્યાંગ છે. વિશ્વ દિવ્યાંગ દિવસના રોજ આ દંપતીને રાજકોટમાં રાજ્ય સરકારની દિવ્યાંગ સાધન સહાય યોજના અંતર્ગત રોજગારીના સાધન તરીકે પતિ અને પત્ની બંનેને સહાય આપવામાં આવી છે. જેમાં સહદેવસિંહને અનાજ દળવાની ઘંટી તેમજ તેમનાં પત્ની પૂજાબાને બ્યુટીપાર્લરની કીટ સરકાર દ્વારા આપવામાં આવી છે.

આ અવસરે ગુજરાત સરકાર પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરતાં સહદેવસિંહ તથા પૂજાબાએ જણાવ્યું હતું કે, "રાજ્ય સરકારની દિવ્યાંગ સાધન સહાય યોજનામાં અમને ખૂબ સરળતાથી સહાય મળી છે. સરકારની આ યોજનાના કારણે દિવ્યાંગો પણ જાતે રોજગારી મેળવતા થયા છે. આ સહાયના કારણે અમારા પરિવારની આવક વધશે અને આર્થિક ચિંતાઓ દૂર થશે. આવી યોજના અને સહાય આપવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનીએ છીએ."

સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ તમામ લાભાર્થીઓને ઘરઆંગણે મળી રહે તે માટે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' જેવા નવતર અભિયાનોનું આયોજન કરવામાં આવ્યું હોય છે. આ ઉપરાંત ગરીબ કલ્યાણ મેળા, સ્વાગત ઓનલાઈન અને સેવાસેતુ જેવા અન્ય કાર્યક્રમોની મદદથી પણ લાભાર્થીઓને સરકારી યોજનાઓના લાભ સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યા છે.

# દિવ્યાંગ ગોવિંદભાઇ કેરાઇ ગૃહઉદ્યોગ શરૂ કરી સ્વયં પગભર થયા



નાનપણમાં પોલિયોના કારણે ૮૦ ટકા દિવ્યાંગ બની ગયેલા કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના બળદિયા ગામના ગોવિંદભાઇ કેરાઇ આજે પોતાની સૂઝબૂઝ તથા સરકારની મદદના કારણે સફળ ઉદ્યોગકાર બનીને અન્ય જરૂરિયાતમંદોને રોજગારી આપી રહ્યા છે.

સંતાનમાં બે દીકરીના પિતા ૫૦ વર્ષીય ગોંવિદભાઇએ ઇંગ્લિશ સાથે બી.એનો અભ્યાસ કર્યો છે. નાનપણથી બંને પગ દિવ્યાંગતાનો ભોગ બનતા તેઓ વ્હીલચેર વગર સ્વતંત્ર ફરી શકે તેમ નથી. આમ છતાં તેઓ હિંમત હાર્યા વગર ખુમારી અને સ્વાભિમાનથી પોતાના પરિવારની જવાબદારી નિભાવી રહ્યા છે. એક કદમ આગળ વધીને ધૈર્ય અને મહેનતના બળે તેઓ અન્ય લોકોને રોજગારી આપીને ચાર પરિવારનું પણ પાલનપોષણ કરવા સક્ષમ બન્યા છે.

ગોવિંદભાઇ જણાવે છે કે, અગાઉ એસટીડી-પીસીઓ ચલાવતા હતા, ત્યારબાદમાં એક નાની રેસ્ટોરેન્ટ શરૂ કરી હતી. પરંતુ મારી દિવ્યાંગતાના કારણે સંચાલનમાં સમસ્યા આવતી હતી. જેથી વર્ષ ૨૦૧૮માં તે બંધ કરીને અંતે રૂ.૪૦૦૦ની મૂડીથી ખારી સીંગ, દાળીયા હોલસેલ ભાવે મેળવીને ઘરે જ નાનકડા પેકિંગ બનાવીને દુકાન, કેબિન સુધી પહોંચાડવાનું કામ કરવાનો વિચાર આવ્યો. આ સમયે રૂ.૨૦૦૦નો માલ ખરીદ્યો, ધીરે ધીરે આવક થવા લાગતા નાના બાળકો માટેની શરબતની ચુસ્કીનું જાતે મેન્યુફેક્ચરીંગ કરવાનું વિચાર્યું. આ માટેની મશીનરી ખરીદવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે સરકારની યોજનાનો લાભ મેળવી લોન મેળવી આ કામગીરીની પણ શરૂઆત કરી હતી જેમાં સફળતા મળતા હાલ અમે ૩ લોકોને રોજગારી આપવા સક્ષમ બન્યા છીએ. હાલ, મારી દીકરીઓને અભ્યાસ કરાવવાની સક્ષમતા સાથે અન્ય ત્રણ પરિવારનો નિભાવ કરવા પણ સક્ષમ બનાયું છે.

સરકારનો આભાર માનતા ગોવિંદભાઇ જણાવે છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી છે, ત્યારે દિવ્યાંગો તેનો લાભ લે અને પોતાના સ્કીલ, અભ્યાસનો ઉપયોગ કરી સ્વયં તો સ્વનિર્ભર બને સાથે અન્યો માટે પણ રોજગારીનું સર્જન કરે તે જરૂરી છે.

# કોમ્પ્યુટર અને ટાઇપિંગ એ તો મારા જમણા હાથનો ખેલ છે: તેજરાજભાઇ ઠાકોર

કુદરતી રીતે જો જન્મજાત માનવીમાં કોઇ ખામી હોય ત્યારે આપણે કુદરતને દોષ આપીએ છીએ, પરંતુ બીજી તરફ દિવ્યાંગ માનવીઓમાં ભરપૂર શક્તિઓ કુદરત જ આપે છે. એમ કહી શકાય કે દિવ્યાંગો અન્ય માનવીઓ કરતા વિશિષ્ટ શક્તિઓ ધરાવે છે. કુદરતે દિવ્યાંગ વ્યક્તિઓમાં અનેક જાતની કલાઓ આપી હોય છે. જેને કારણે દિવ્યાંગ વ્યક્તિઓ પોતાના કૌશલ્ય અને આવડતથી પ્રગતિ કરતા હોય છે.

તાપી જિલ્લાના વ્યારાના વતની તેજરાજભાઇ ગણપતભાઇ ઠાકોર, જુનિયર ક્લાર્ક તરીકે સેવા સદનના જિલ્લા પંચાયતની વિકાસ શાખામાં ફરજ બજાવી રહ્યા છે. કોલેજ કાળમાં તેઓ કેમ્પસ ઇન્ટરવ્યુમાં સિસ્કો કંપની બેંગલોર માટે પસંદગી પામેલા. પરંતુ વતન અને માતા-પિતાની સેવા કરવા એ નોકરી તેમણે જતી કરી. ગુજરાત સરકારની વર્ષ ૨૦૧૭ની પંચાયત ગૌણસેવાની જુનિયર ક્લાર્કની પરીક્ષા આપી અને તેમાં સફળ થઇને સરકારી નોકરી મેળવી. માતા-પિતાને તેઓના જન્મથી જ ભવિષ્ય માટે ચિંતા હતી એ નોકરી મળતા જ દૂર થઇ. તેજરાજભાઇની કામગીરી વિશે તેઓના ઉપરી અધિકારી અને સહકર્મચારીઓ પ્રશંસા કરતા થાકતા નથી.





તેજરાજભાઇ જન્મથી જ ડાબા હાથે વિક્લાંગ છે. તેઓ કોમ્પ્યુટર એન્જિનિયર થેલા છે. દિવ્યાંગ હોવા છતાં તે સામાન્ય વ્યક્તિની જેમ દરેક કામ ખૂબ જ સહજતાથી કરી લે છે. તેમણે શારીરિક ખામીને ક્યારેય પોતાની નબળાઇ બનવા દીધી નથી. આજે તેઓ સરકારી નોકરી કરે છે અને સામાન્ય વ્યક્તિની જેમ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઓફિસ કાર્ય કરે છે. ફાઇલ લઇને એક કચેરીથી બીજે જવું, ફાઇલીંગ કરવું, ટાઇપિંગ કરી રિપોર્ટ બનાવવા, તાલુકાના કર્મચારીઓ સાથે સંકલન કરવું. આ તમામ કામગીરી કૉમ્પ્યુટર ઉપર કરવાની હોવાથી તેઓ તમામ કામગીરી એક હાથે પણ સરળતાથી કરે છે. આ તેઓની રોજિંદી કામગીરી છે. જેના માટે તેઓનો એક હાથ જ પૂરતો છે. જ્યારે તેમને કૉમ્પ્યુટર-ટાઇપિંગ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે હસતા મુખે કહ્યુ, “યે તો મેરે દાયે હાથકા ખેલ હૈ..!”

સરકાર દ્વારા વિક્લાંગ બેઠકમાં મને નોકરી મળી અને મારા કૌશલ્યથી મારું ભવિષ્ય સુરક્ષિત કરી શક્યો છું. મારા પરિવારમાં માતા-પિતા અને પત્ની છે. કચેરીમાં નોકરી લાગી ત્યારે મને મનમાં હતું કે કદાચ લોકો મને જોઇને દયા કરશે અને એવું વિચારશે કે દિવ્યાંગ હોવાના કારણે મને નોકરી મળી હશે, આવડતના લીધે નહી. પરંતુ ઓફીસના કર્મચારીઓ/અધિકારીઓએ મારી સાથે કયારેય કોઇ ભેદભાવ કર્યો નથી. તેઓ મારી સાથે સામાન્ય વ્યક્તિની જેમ જ વ્યવહાર કરે છે. મને પોતે એવો કયારેય અનુભવ નથી થતો કે હું અન્યથી અલગ છું. જે કામ બીજા કરે છે તેવા જ કામો હું પણ કરુ છું. જેથી મને સ્વાભિમાનની અનુભૂતિ થાય છે.”



આપણે જીવનમાં ઘણા લોકોને પોતાના આદર્શ માનતા હોઇએ છીએ. તેજરાજભાઇ જેવા ઘણા સામાન્ય લોકો આપણી વચ્ચે છે જેઓ પાસેથી ઘણું શીખવાનું છે. જે વ્યક્તિ જીવનમાં બધું જ હકારાત્મક જોઈ શકે, તે વ્યક્તિ સામાન્યમાંથી વિશેષ બની શકે છે.

# દિવ્યાંગ યુગલના જીવનમાં ત્રિ-યોજના બની લાભદાયી



રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવી તેમનો સંપૂર્ણ વિકાસ થાય તેવી તકો આપવાનો સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. સમાજ સુરક્ષા વિભાગ દ્વારા દિવ્યાંગોને વિવિધ યોજનાકીય લાભ પહોંચાડી તેમના જીવનને સરળ બનાવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે. જે અન્વયે રાજકોટના દિવ્યાંગ બાંધવા યુગલને સમાજ સુરક્ષાની ત્રણ વિવિધ યોજનાઓનો લાભ મળ્યો અને તેમના જીવનમાં ખુશાલી આવી.

રાજકોટ જિલ્લાના સતાભાઈ બાંધવા અને તેમના પત્ની બંને દિવ્યાંગ છે. તેમણે જાન્યુઆરી માસમાં લગ્ન કર્યા બાદ મિત્રો દ્વારા સતાભાઈને સમાજ સુરક્ષા કચેરીની વિવિધ યોજનાઓ વિશે માહિતી મળી અને અરજી કર્યાના માત્ર એક જ માસમાં બાંધવા યુગલને ત્રણ યોજનાઓનો લાભ મળ્યો. સતાભાઈ કહે છે કે, "રાજકોટ સમાજ સુરક્ષા કચેરીના લોકોએ અમને ફોર્મ ભરી સહાય મેળવવામાં ખૂબ મદદ કરી. તેમણે જ અમને જણાવ્યું કે એક માસમાં જ અમને સહાય મળી જશે, અમે બંને પતિ-પત્ની દિવ્યાંગ હોવાને કારણે અમને બંનેને વ્યક્તિદીઠ રૂ.૫૦,૦૦૦ એમ કુલ રૂ.૧,૦૦,૦૦૦ની સહાય અમારા ખાતામાં થોડા જ દિવસોમાં જમા થઈ.

સતાભાઈએ વધુમાં ઉમેર્યું હતું કે, અમે સરકારની સંત સૂરદાસ યોજના અને એસ.ટી. બસમાં આપવામાં આવતી દિવ્યાંગોને નિ:શુલ્ક મુસાફરીની સુવિધાનો પણ લાભ મેળવીએ છીએ. સરકારની દિવ્યાંગોને આપવામાં આવતી આ સુવિધાઓથી અમને ખૂબ ફાયદો થયો છે. આ યોજનાઓનો લાભ આપવા બદલ દંપતીએ આ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા ૧૮ વર્ષથી વધુની ઉંમરની દિવ્યાંગ કન્યા અને ૨૧ વર્ષથી વધુની ઉંમરના દિવ્યાંગ કુમારને દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં લાભ લેવા માટે લગ્ન થયાની તારીખથી બે વર્ષની સમય મર્યાદામાં યુગલે અરજી કરવાની રહે છે. જો પતિ-પત્ની બંને દિવ્યાંગ હોય તો વ્યક્તિદીઠ રૂ.૫૦,૦૦૦ એમ કુલ ૧ લાખ અને જો કોઈ પણ એક દિવ્યાંગતા ધરાવતા હોય તો રૂ.૫૦,૦૦૦નો લાભ તેમને મળે છે. આ માટે યુગલે જિલ્લા કક્ષાની સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક સાધવાનો રહે છે.

રાજ્યમાં ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતના દિવ્યાંગ વ્યક્તિને સંત સૂરદાસ યોજના હેઠળ માસિક રૂ.૧૦૦૦ની સહાય આપવામાં આવે છે તેમજ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં રાજ્યની અંદર તેમજ ગુજરાત રાજ્ય બહાર પણ રાજ્યની નિયત રૂટની બસમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવામાં આવે છે. આ બંને યોજનાઓનો લાભ મેળવવા esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવે છે તેમજ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડિજિટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ" કેન્દ્રો મારફતે પણ આ અરજી કરી શકાય છે.

# “સ્વાગત કાર્યક્રમે કર્યું મારી અરજીનું સ્વાગત” - વિનયભાઇ ચૌધરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં વર્ષ ૨૦૦૩ની ૨૪મી એપ્રિલના રોજ શરૂ કરેલા ‘સ્વાગત કાર્યક્રમ-સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ’ના બીજ રોપ્યા હતા. આ ફરિયાદ નિવારણ કાર્યક્રમનો હેતુ પારદર્શક પદ્ધતિથી નાગરિકોને સંતોષ થાય તે રીતે લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો છે. આ સ્વાગત કાર્યક્રમને વર્ષ ૨૦૨૩માં ૨૦ વર્ષ પૂર્ણ થયા છે.

તાપી જિલ્લામાં સોનગઢ તાલુકાના વાઘનેરા ગામના દિવ્યાંગ વિનયભાઇ બાલુભાઇ ચૌધરીએ વર્ષ ૨૦૦૮માં દુકાન શરૂ કરવા માટે લોન માટે અરજી કરી હતી. અરજી મંજૂર થવા છતાં ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર તરફથી ચેક ન મળતા વિનયભાઇએ “સ્વાગત કાર્યક્રમ”માં આ બાબતે રજૂઆત કરી હતી. એને અનુલક્ષીને સ્વાગત કાર્યક્રમમાં તેઓના પ્રશ્નનો સંવેદનશીલતાથી નિરાકરણ લાવતા વિનયભાઇને વર્ષ-૨૦૦૮માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે રૂપિયા ૩૯,૨૪૫ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જેના થકી પોતે જનરલ પ્રોવિઝનની દુકાન શરૂ કરી આત્મનિર્ભર બન્યા છે. દુકાન શરૂ થયાના લગભગ ૨ વર્ષ બાદ લગ્ન કર્યા અને આજે તેઓને બે દીકરીઓ છે. જેમાંથી એક દીકરી કસ્તુરબા વિદ્યાલયમાં ધોરણ-૮માં અને બીજી ધોરણ -૬માં અભ્યાસ કરે છે.

આ અંગે પોતાનો અભિપ્રાય રજૂ કરતા વિનયભાઇ જણાવે છે કે, “સ્વાગત કાર્યક્રમમાં કરેલી અરજી મારા માટે આશીર્વાદરૂપ બની છે. મને જનરલ પ્રોવિઝન દુકાન માટે લોન મળી જેના થકી હું આત્મનિર્ભર બની શક્યો. આજે દીકરીઓના શિક્ષણથી લઇ પરિવારના પાલન માટે દુકાન દ્વારા થતી આવક અને ખેતી મદદરૂપ બની છે. આ આવક દ્વારા મારું જીવન પરિવર્તિત થયું છે.  આ ઉપરાંત મને સરકારની વિવિધ યોજનાઓનો પણ લાભ મળ્યો છે. સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માધ્યમથી દિવ્યાંગ તરીકેનો આઇડી મળતા બસ પાસ અને ટ્રાઇસિકલ મળી છે. આ ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ શૌચાલય સહિત આવાસ યોજનાનો લાભ મળ્યો છે. જેમાં પ્રથમ હપ્તો સમયસર પ્રાપ્ત થયો છે. ઉજ્જ્વલા યોજના હેઠળ ગેસ સિલિન્ડર મળે છે. વૃધ્ધ માતાને વૃદ્ધ પેન્શન યોજના દ્વારા રૂ.૧૨૫૦ દર મહિને મળે છે. આમ સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળતા અમારો પરિવાર ખુશીથી જીવન જીવી રહ્યો છે. જેના માટે હું અને મારો પરિવાર સરકારના ઋણી છીએ.

લોક લાગણીને ઓળખવી, તેને સમજવી અને તેના ગુણદોષના આધારે તેનું નિરાકરણ લાવવું તે જ સાચું લોકશાહીનું લક્ષણ છે. તાપી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં સુશાસન વ્યવસ્થા થકી આજે પારદર્શિતામાં ઉમેરો થાય અને વહીવટી વ્યવસ્થામા હકારાત્મક પરિવર્તન આવે સાથે-સાથે અરજદારના પ્રશ્નનું નિરાકરણ આવે તે માટે સ્વાગત કાર્યક્રમ એ મહત્ત્વનું ઉદાહરણ સ્થાપિત કર્યું છે.



# મનોદિવ્યાંગ જય અનેક નવયુવાનો માટે પ્રેરણાસ્ત્રોત

આ વાત છે અમદાવાદમાં રહેતા જયની જેને મગજના લકવાનો રોગ થયા બાદ પણ તેની ચિત્રકળા થકી વિજયી બન્યો. દત્તક લેવાયા પછી ત્રણ દિવસ બાદ જયને કમળો થઇ જતાં તેને તાવ અને ખેંચ આવવાથી સેરેબ્રલ પાલ્સી નામની બીમારીનો શિકાર બન્યો. ૮૦ ટકા દિવ્યાંગ જયને મગજથી જે શારીરિક સંકેતો શરીર માટે મળે છે તે ન મળતાં તેને બેલેન્સ રહેતું નથી, જેથી બોલવામાં પણ તકલીફ પડે છે. જોકે ઇશ્વર તમામ દરવાજા બંધ કરી દે છે પરંતુ એક દરવાજો ખોલે છે તે પ્રમાણે જયનું બૌદ્ધિક ક્ષમતા ઘણી સારી છે.



જયના માતા-પિતાએ તેના અભ્યાસ માટે ખાસ શિક્ષકને બોલાવ્યા હતા. તેઓએ જયને યુનિક ચિલ્ડ્રન ક્લબમાં જ્યાં વિવિધ પ્રોગ્રામ થઇ રહ્યા છે ત્યાં આવા સ્પેશિયલ બાળકોને ખાસ પ્રોત્સાહિત કરવામાં આવે છે તેની વાત કરી. જયના માતા-પિતા



અતુલભાઇ આ સંસ્થામાં જોડાયા અને ત્યારબાદ મુંબઈથી ૨૦૧૭માં આવેલા આર્ટિસ્ટ શેફાલીબહેને પેઇન્ટિંગ વર્કશોપ રાખ્યું હતું, જેમાં ૪૦ સ્પેશિયલ બાળકોએ સુંદર પેઇન્ટિંગ બનાવ્યા હતા. જેમાં જય ગાંગડિયાનો પ્રથમ નંબર આવ્યો અને ત્યારથી શરૂઆત થઇ જયની ચિત્રકળા મુસાફરીની.

જયના માતા-પિતાએ તેની આ કળાને નિખારવા માટે તનતોડ મહેનત કરી જયને તમામ વસ્તુઓ આપતા ગયા અને જય કળાનો કસબી બન્યો અને આ ક્ષેત્રમાં આગળ વધતો ગયો . જય છેલ્લા ૭ વર્ષથી કેનવાસ પર પેઇન્ટિંગ કરે છે . જય ગાગંડિયાએ ૪૫૦ થી વધુ પેઇન્ટિંગ કરેલા છે તેમાંથી ૧૫૦ થી વધુ પેઇન્ટિગ્સ તેને મહાનુભાવો, ડૉક્ટર અને મિત્ર મંડળને ભેટ આપ્યા છે. જયે તેના પેઇન્ટિંગ માટે ૧ સોલો એક્ઝિબિશન અને 30 જેટલા એક્ઝિબિશન કર્યા છે. આ ઉપરાંત ૧૮ જેટલી ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ ઘણા મેડલ અને પ્રમાણપત્ર મેળવ્યા છે

જયની સંવેદના સામાન્ય માનવીને પણ આંજી દે તેવી છે. જયે કરેલા એક્ઝિબિશન દરમિયાન વેચાણ થયેલા પેઇન્ટિંગની આવકમાંથી કોરોનાના સમયે રૂ. ૫૧૦૦ PM Care Fundમાં દાન કર્યું હતું, જે તેની સંવેદનશીલતાનું ઉદાહરણ છે.

જય તેના પેઇન્ટિંગનું વેચાણ આર્ટ ગેલેરી મારફત, ઓનલાઇન અને બહોળા મિત્ર મંડળ, ચિત્રના ચાહકો દ્વારા કરે છે જેના પગલે જય આજે આત્મનિર્ભર અને સન્માનિત થયો છે.

જયને 3 ડિસેમ્બર ૨૦૨૩ના રોજ રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુના હસ્તે "શ્રેષ્ઠ દિવ્યાંગ જન -૨૦૨૩" નો એવોર્ડ મળ્યો છે. જયને શારીરિક તકલીફ હોવા છતાં તેની પેઇન્ટિંગ પ્રત્યેની અથાગ મહેનત અને ધગશ, થકી આજે જયે અનોખું નામ ઊભું કર્યુ છે.

જય નું એક સૂત્ર છે "I can't walk but i am not lazy" એટલે કે હું ચાલી શકતો નથી પણ આળસુ નથી". આ ધ્યેય સાથે આજે જય અનેક નવયુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બન્યો છે.



# આત્મનિર્ભર બનેલા દિવ્યાંગ પદ્માબહેને ભરી નવી ઉડાન

રાજ્યના કેટલાય દિવ્યાંગો પગભર બનીને સમાજને સ્વમાનભેર જીવવાનું શીખવી રહ્યા છે. દિવ્યાંગતાને ક્ષમતામાં પરિવર્તિત કરતાં વાંસદા તાલુકાના સુખાબારી ગામના પદ્માબહેન પટેલ તેનું જ્વલંત ઉદાહરણ છે. ૨૩ વર્ષીય પદ્માબહેન પટેલ દિવ્યાંગ છે, પણ તેમનો જુસ્સો બુલંદ છે. તેઓ ઘરઆંગણે મહેંદી, બ્યુટીપાર્લરનું કામ કરી સ્વનિર્ભર તો બન્યા જ છે સાથોસાથ ગામના વિદ્યાર્થીઓને ભણાવવાનું ઉમદા કાર્ય પણ કરી રહ્યા છે.

આત્મનિર્ભરતાના પ્રેરક ઉદાહરણરૂપ પદ્માબહેન પટેલે મજબૂત મનોબળથી બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનનો અભ્યાસ કર્યો છે. આજે સરકાર દ્વારા મળતી દરેક સહાયની જાણકારી છે અને દિવ્યાંગ તેમજ અન્ય સ્વનિર્ભર બનાવતી યોજનાઓનો લાભ લઈ તેઓ પગભર પણ બન્યા છે. પદ્માબહેનના પિતા અવસાન પામ્યા છે અને માતા છૂટક મજૂરી કરતા હતા.

પદ્માબહેન જણાવે છે કે "મનુષ્યની શારીરિક ક્ષતિ માનવીની પ્રગતિમાં ક્યારેય અવરોધરૂપ બનતી નથી. પરંતુ નબળી માનસિકતા અવરોધરૂપ બને છે. દિવ્યાંગજનોને કોઈ ને કોઈ સાક્ષાત શક્તિસ્વરૂપે ઈશ્વરીય ભેટ મળી હોય જ છે જેને સાચી દિશામાં વાળીને ધાર્યું પરિણામ લાવી શકાય છે. દિવ્યાંગો માટે રાજ્ય

સરકારની ઘણી યોજના અમલી છે, જેનો લાભ લઈને જિંદગીને સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે. નેશનલ ડિસેબિલીટી તથા સંત સૂરદાસ પેન્શન યોજના હેઠળ રૂ.૧૦૦૦ માસિક પેન્શન, વિનામૂલ્યે GSRTC બસમાં મુસાફરી પાસ તથા રેલ્વે પાસ અને ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત બ્યુટી પાર્લરની કીટ સાધનની સહાય મને મળી છે. બસ મુસાફરી પાસના લીધે જાહેર પરિવહનનો ઉપયોગ કરી કામ માટે સરળતાથી અવરજવર કરી શકું છું. મહેંદી અને બ્યુટીપાર્લરના શોખને સ્વરોજગારમાં પરિવર્તિત કરી આર્થિક રીતે આજે હું પગભર બની છું. ગામના તથા આસપાસના લગ્નપ્રસંગ દરમિયાન હું મહેંદી અને બ્યુટીપાર્લરના કામ થકી સારી આવક મેળવી રહી છું."

પદ્માબહેન દિવ્યાંગ છે અને સમાજને મદદરૂપ થવાની ઉદાત્ત ભાવના ધરાવે છે. તેઓ કહે છે કે, "ગામના વિદ્યાર્થીઓને ગણિત અને અંગ્રેજી તથા ધો.૧૧ અને ૧૨ના આર્ટ્સના વિદ્યાર્થીઓને મનોવિજ્ઞાન અને તત્વજ્ઞાન જેવા વિષયોનું શિક્ષણ આપી ગામના યુવાધનને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરી રહી છું. ઈશ્વરે જે કંઈ  પણ આપ્યું છે તેનો સ્વીકાર કરી દિવ્યાંગ ભાઈઓ અને બહેનોએ આગળ આવીને સમાજ સુરક્ષા હસ્તકની વિવિધ દિવ્યાંગ યોજનાઓ છે જેનો લાભ લઈ સ્વનિર્ભર બનવું જોઈએ."

આમ, પદ્માબહેન જેવા દિવ્યાંગજનો ન માત્ર સ્વયં સક્ષમ બન્યા છે, સાથોસાથ સમાજને ઉપયોગી થવાની ભાવના સાથે અન્યોને પણ મદદરૂપ બનીને આત્મનિર્ભરતાની મિસાલ કાયમ કરી રહ્યા છે.

**ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સમાજ સુરક્ષા હસ્તકની વિવિધ દિવ્યાંગ યોજનાઓ:**

- દિવ્યાંગ ઓળખકાર્ડ અને મફ્ત મુસાફરી બસ પાસ યોજના
- દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની યોજના
- દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના
- સંત સૂરદાસ પેન્શન યોજના
- બૌદ્ધિક અસમર્થતા ધરાવાતા દિવ્યાંગ સહાય યોજના
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના
- નિરામય હેલ્થ ઇન્શ્યોરન્સ યોજના
- દિવ્યાંગ વ્યક્તિ કુટુંબીજનને વીમા સહાય



દિવ્યાંગ ભાઈ-બહેનો www.esamajkalyangujarat.gov.in દિવ્યાંગ યોજનાઓની વધુ વિસ્તૃત માહિતી માટે આ આપેલી વેબસાઈટ પરથી મેળવી શકશે અથવા નવસારી જૂનાથાણા જિલ્લા સેવા સદન સી બ્લોક, ભોંયતળિયા પર આવેલી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી પરથી મેળવી શકશે.  ઈ-મેલ: dsdo-nav@gujarat.gov.in

# રાઈફલ શૂટિંગમાં સુરતના દિવ્યાંગ મોહમ્મદ વાનિયાની માસ્ટરી....



વિશ્વના સૌથી યુવા દેશ તરીકે ઓળખાતા ભારતે અનેક ખ્યાતનામ ખેલાડીઓને જન્મ આપ્યો છે, જે ખેલજગતમાં દેશનું ગૌરવ વધારવા માટે અથાક મહેનત કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'યંગ ઈન્ડિયા' અને 'ખેલો ઈન્ડિયા' થકી રમત-ગમત વિશ્વમાં યુવાનોને આગળ વધવાની પ્રેરણા આપી છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં તેમણે શરૂ કરેલા 'ખેલમહાકુંભ' જેવા રમતોત્સવનો ઉદ્દેશ્ય રાજ્યના ખૂણે-ખૂણે છુપાયેલી રમતગમતની પ્રતિભાઓને ઉજાગર કરવાનો હતો. આ પરંપરાને આગળ વધારીને રાજ્ય સરકાર રમતગમતને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. ગુજરાતની આવી જ એક વિરલ સ્પોર્ટ્સ પ્રતિભા છે સુરતના બેગમપુરા વિસ્તારના મોહમ્મદ મુર્તુઝા વાનિયા.

